ૐ

॥ શ્રી દત્તઃ પ્રસન્નોસ્તુ ॥
॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ॥
॥ પરસ્પર દેવો ભવઃ ॥

# શ્રી ગુરુનામામૃતપાન - જ્ઞાનપ્રપા

## ॥ શ્રી ગુરુલીલામૃત ॥

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ દેવ મહેશ્વર;
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ નમું તે ગુરુદેવને,

**અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત.**

ૐ દત્તાત્રેય દયાસિન્ધો પાહિમાં શરણાગતમ્ ।
વિસ્મૃત્ય સર્વદોષાનમે કૃપા કુરુ મહામતે ॥

સ્મરણમાત્રે જે હરે, કષ્ટ સકળ તત્કાળ;
દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ ?
ગુરુદેવ....ગુરુદેવ....ગુરુદેવ....૮/૧૧૫

કેવળ દેખે ભાવને, નવ દેખે અવગુણ;
નિર્ગુણ; ભક્તિવશ થયો, દેવ જેહ સગુણ.
ગુરુદેવ....ગુરુદેવ....ગુરુદેવ....૮/૧૧૬

ૐ શ્રી ગણેશાય નમઃ
ૐ નમઃ શિવાય - શ્રી ગુરુદેવ
ૐ શ્રી સરસ્વત્યૈ નમઃ
ૐ શ્રી ગુરુવે નમઃ

દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ;
આત્મભાવે તુજ હું, થયો દ્વૈતનો ભ્રંશ.

સદ્ગુરુસ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ;
ગુરુનામામૃતપાનથી, જાય મરણ સંદેહ.
ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૩/૧૪૩

જ્ઞાનપ્રપા ચાલુ કરી, પીએ સુભાગી જન;
રંગ કૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ
ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૦/૧૧૫

નિત્ય મધુર ગાયન કરે, શુધ્ધ ભક્તિથી આંહ્ય;
ગાય સુલીલા માહરી, વસું તદ્ગૃહે ત્યાંય.
ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૦૫/૪૯

ગાંતા ચરિત્ર ભાવથી, સૂણતાં તેમ સદાય;
સ્વપ્ને દુઃખ રહે નહીં !, રંગ ભવવ્યથા જાય !!
ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ૧૧૨/૯૫

**૧/૦૧ ૦.૦૫.૦૩ હર્ષ પટેલ, અમી ઠાકોર**

**સીડી નં. / ટ્રેક નં. કલાક/મીનીટ/સેકન્ડ**

૧/૦૨ ૦૧.૨૮.૦૩ **સ્તુત્ય પાત્ર, કાન્તિભાઈ રાવલ**

**અ.૧** ૧/૦૩ ૦૦.૨૨.૨૮ **હર્ષ પટેલ, અમી ઠાકોર**

ગ્રંથારંભે તુજ નમું, ચરણકંજ[1] ગણરાજ
આપો સન્મતિ મોરયા[2], જેથી સુધરે કાજ. ૧.

અનારંભ આરંભ તું, મૂળારંભ મહેશ;
નિરાલંબ આલંબ તું, જગદાલંબ જનેશ. ૨.

'અણોરણીયાન[3]' શ્રુતિ કથે, મૂષકવાહન દેવ;
મહાકાય 'મહતો મહિયાન્'[4], કરે સહુ સેવ. ૩.

અનંત કોટિ બ્રહ્માંડ જે, શમવ્યાં ઉદરની માંહ્ય;
લંબોદર તુજને કહ્યો, શ્રુતિ સ્મૃતિ જશ ગાય. ૪.

વક્રપાપ ખંડન થકી, વક્રતુંડ કહેવાય;
વક્રોક્તિપ્રિય ગણપતિ, લળી લળી લાગું પાય. ૫.

નિરાકાર સાકાર તું, નિર્ગુણ સગુણ ગુણેશ;
નિરાધાર આધાર તું, સર્વાધાર ગણેશ. ૬.

મૂલાધારે તું વસે, કરે મતિપ્રકાશ;
ગુરુલીલા ગાવા કરી, કરો પૂર્ણ જે આશ. ૭.

ભક્તભાવનારૂપ તું, ધરે રૂપ અનેક;
સર્વરૂપ તુજનાં પ્રભો, આદિ અંત તું એક. ૮.

ગજવદન ઓંકાર તું, સર્પમેખલા ચિત્ર;
નાગ જનોઈ કોટમાં, પીતાંબર પવિત્ર. ૯.

એક દંત તુજનો અતી, ઉજ્જવલ જ્ઞાનપ્રકાશ;
હરણ કરી અજ્ઞાનનું, કાપે ભવના પાશ. ૧૦.

સકલ દેવ તુજને નમે, કાર્યારંભે ધન્ય;
વિઘ્ન વિનાયક સંહરો, કાંઈ ન માંગુ અન્ય. ૧૧.

**મ્યુઝીક**

દાન ચતુર્ધા મુક્તિનું, કરો હાથથી ચાર;
જય ગૌરી સુત જય નમું, આપો વિમલ વિચાર. ૧૨.

ગુરુ લીલામૃત ગ્રંથ આ, કરો પૂર્ણ નિર્વિઘ્ન;
જ્ઞાનદીપ પ્રજવાળીને, હરો તિમિર અરિઘ્ન.[5] ૧૩.

મતિહીણો હું નવ લહું, કાવ્યશાસ્ત્રવિચાર;
કરો કોડ પૂરા પ્રભો, મનવાંછિત દેનાર. ૧૪.

સિદ્ધિ બુદ્ધિ દાતા તમે, બાળક હું ઉદ્દામ;[6]
નવ જાણું બીજું કશું, કરૂં અનન્ય પ્રણામ. ૧૫.

બુદ્ધયાવરણ નિવારીને, દેખાડો નિજ રૂપ;
નાસે ભ્રાંતિ જે થકી, થાય શુષ્ક ભવકૂપ. ૧૬.

વળતી પ્રણમું શારદા, બ્રહ્મકુમારી જેહ;
વાગ્દેવતા વિશ્વમાં, વિલસે જે નિર્દેહ. ૧૭.

૧. ચકણકમલ ૨. ગણપતિ ૩. સૂક્ષ્મથી એ સૂક્ષ્મ ૪. મહાનથીએ મહાન ૫. શત્રુઓનો નાશ કરનાર ૬. ઉચ્છૃંખળ; કોઈપણ જાતના ભાન વગરનો

અસાર સંસારે કરે, સારવસ્તુનું દાન;
બ્રહ્મવિદ્યાનું સતી;, શારદા અભિધાન.[૧] ૧૮.

પ્રાણીમાત્ર ના દેહમાં, ગર્જે હંસ અવાક્;
સોહં-હંસારૂઢ તું, માત ચતુર્ધા વાક્. ૧૯.

હંસોપાસન એ કરી, યોગી થાય વિમુક્ત;
નિર્ગુણ તુજ રૂપે રહે, ભેદાભેદવિયુક્ત. ૨૦.

મૂળ અખંડિત એક તું, અસ્તિભાતિપ્રિયરૂપ;
નામરૂપ નિમિત્તથી, ભાસે નાનારૂપ. ૨૧.

પ્રથમ પ્રણવરૂપે રહી, કરે વર્ણવિકાસ;
પંચાશત્[૨] અક્ષર બધા, સ્વરવ્યંજન પ્રકાશ. ૨૨.

મ્યુઝીક

નામરૂપાત્મક બધું, એથી ઉપન્યું જેહ;
વાણીવિકાર શાસ્ત્રે કહ્યો, વાચારંભણ એહ. ૨૩.

એકરૂપ સઘળે રહી;, સુંદર મા તુજ રૂપ;
જ્ઞાની વિલોકી એ હસે, પામે મોદ[૩] અનુપ.[૪] ૨૪.

મૂરખ ભ્રાંતિથી ભમે, ભેદખેદમાં ત્રાસ્ત;
થાય કૃપા જો તાહરી, મૂળ નિહાળે વસ્ત. ૨૫.

જે દિસે ભાસે બધું, તે તે પ્રણવસ્વરૂપ;
તુંજ એક બધે હસે, નાનારૂપ અરૂપ. ૨૬.

સગુણ રૂપ જે તાહરૂં, મોહક મુનિજન ધ્યાય;
દેખી વિરમે વૈખરી, દેહી વિદેહી થાય. ૨૭.

ચંદ્રવદન શ્વેતાંગી તું, શ્વેત વસ્ત્ર સુહાય;
શ્વેત પુષ્પ વીણા કરે, નાદ બ્રહ્મ શ્રુતિ ગાય. ૨૮.

પુસ્તક બીજે કર ધર્યું, કરે જ્ઞાનનું દાન;
સ્ફટિકમાળ જપયજ્ઞનું, કરે મૂક ગુણગાન. ૨૯.

એક હસ્ત ખાલી રહ્યો, વરદ[૫] ભક્ત કાજ;
નીલકંઠ[૬] નાચે મુદા[૭], ડોલે સુરવર સાજ. ૩૦.

મહામાયા તું જોગણી, પ્રસવે જગત્ વિશાળ;
ખાઈ ભૂખી સર્વદા, તું જ કાળનો કાળ. ૩૧.

શિવમાં શિવરૂપે રહી, શક્તિ નામ તુજ ફોલ;
હોય બ્રહ્મ વિણ[૮] આન જો, તો શોભે એ બોલ. ૩૨.

શી રીતે વર્ણું તુને ?, વેદ શાસ્ત્ર તુજ શ્વાસ;
હર વાણીગત જાડ્ય[૯] મા !, કરી જ્ઞાન પ્રકાશ. ૩૩.

મ્યુઝીક

વર્ણાત્મક જે તાહરૂં, સુંદર રૂપ પવિત્ર;
નિર્ગુણ જ્ઞાનાત્મક વળી, દેખાડી એ ચિત્ર. ૩૪.

નાદબ્રહ્મરહસ્ય જે, પ્રગટાવી ઉર માંહ્ય;
બોલ જિહ્વાગ્રે રહી;, ચરણે અર્પું કાય. ૩૫.

થાય ગ્રંથ રસાળ આ, પામે હરિજન હર્ષ;
શ્રવણ પારાયણ થકી, મટાડે ભવતર્ષ. ૩૬.

આવરણવિક્ષેપનો, થાય સમૂળો નાશ;
સચ્ચિદ્ઘન પરબ્રહ્મનો, થાય વિમલ પ્રકાશ. ૩૭.

એવી વ્યુત્પત્તિ અને, રચના થાય પવિત્ર;
એવો વર દે શારદે, રહસ્ય મંત્ર સુચિત્ર. ૩૮.

ગુરુરૂપે મા તું જ તું, ઈષ્ટ દિગંબર દત્ત;
જાણી પ્રણમું ભાવથી, થાય ભેદ નિરસ્ત. ૩૯.

ગુણાતીત ત્રિગુણાત્મક, મૂર્તામૂર્તસ્વરૂપ;
અજ અક્ષય અવિનાશી જે, દત્તાત્રેય અનુપ. ૪૦.

યોગિજનો ના ઈશ જે, ધ્યાય મુનિજન નિત્ય;
ભક્તોદ્ધારક ગુણનિધિ, વિનવું ધારી પ્રીત્ય. ૪૧.

બ્રહ્માહરિહરરૂપ તું, પૂર્ણ નિરામય એક;
કૃપાનિધે કરુણા કરી, ઉરમાં પ્રેર વિવેક. ૪૨.

માયા લૂંડી તાહરી, ભરે નિત્ય સલામ;
સ્થાવરજંગમરૂપ તું, કરૂં કોટિ પ્રણામ. ૪૩.

જ્યાં ત્યાં સઘળે તું ભર્યો, ખાલી ન એકે ઠામ;
જીવશિવ તુજ રમકડાં, અક્ષય તારૂં ધામ. ૪૪.

મ્યુઝીક

વ્યોમવત્[૧૦] નિર્લેપ તું, આદિ અંત અભંગ;
વચમાં માયોપાધિથી, ભાસે નાના રંગ. ૪૫.

નામરૂપ વિણ ના કશું, સઘળો તારો ખેલ;
સચ્ચિદ્આનંદ એક તું, કરતો ઓથે ગેલ. ૪૬.

તું જ રવિ શશી તારલા, અગ્નિ વરુણ કુબેર,
બ્રહ્મા હરિહર ગણપતિ, ઈન્દ્ર કાળ કર મ્હેર.૪૭.

તુંજ સ્ત્રી પુમાન તું, ક્લીબ[૧૧] વૃદ્ધ ને બાળ;
એકાનેક તુંજ માં કશું, ના મિથ્યા એ ખ્યાલ. ૪૮.

વિશ્વંભર ધાતા પિતા, લીલા તારી અગાધ;
શેષ વર્ણને મૂક ત્યાં, પહોંચે કોનો સાદ ? ૪૯.

મ્યુઝીક

૧. નામ ૨. પચાસ ૩. આનંદ ૪. જેને કોઈ સાથે સરખાવી ન શકાય તેવો ૫. વરદાન આપનાર ૬. મોર ૭. આનંદથી ૮. બીજું ૯. જડતા, અજ્ઞાન
૧૦. આકાશની માફક ૧૧. નપુંસક

દશે દિશ વ્યાપી રહ્યો, વદે દિગંબર લોક;
દશે દીશ વ્યાપી વધ્યો !, શું વર્ણું હું તોક ?[૧] ૫૦.

સાષ્ટાંગ પ્રણતિ કરૂં, સ્મૃતિગામી[૨] તું દેવ;
ચરણ પખાળું કેશથી, કરૂં અહર્નિશ સેવ. ૫૧.

હૃદયનિયામક અંતરે, બાહિર સદ્‌ગુરુરૂપ;
પુનઃ પુનઃ પ્રણમું તુને, બાધે[૩] આ ભવકૂપ. ૫૨.

ભાવભૂખ્યો તું પ્રભો, ભક્તભાવનાધીન;
અત્ર્યનસૂયાતપ થકી, પ્રગટ્યો દેખી યકીન.[૪] ૫૩.

કલિતારક મહિમા વધ્યો, ધર્યો પુણ્ય અવતાર;
શ્રીપાદશ્રીવલ્લભ, નૃસિંહસરસ્વતી તાર.[૫] ૫૪.

નિર્ગુણ સગુણ બધે રહ્યો, મહિમા અપરંપાર;
ગ્રંથ રચું કર પ્રેરણા, થાય મૂઢ ભવપાર. ૫૫.

મ્યુઝીક

કાષ્ઠ પૂતળી નાચતી, ચાલક ખેંચે જેમ;
ચાલક તું મુજ યંત્રનો, લખું લખાવું તેમ. ૫૬.

લજ્જા તારે હાથ છે, હું તો નિમિત્ત માત્ર;
જેમ હલાવે તું પ્રભો, ત્યમ હાલે આ ગાત્ર. ૫૭.

સચ્ચિત્સુખ સોહામણું, નિર્ગુણ રૂપ અનંત;
દેખાડી હર ભેદને, કર નિર્ભય નિર્દ્વન્દ્વ. ૫૮.

હું-મારૂં બાળી વિભો, આત્મ જ્યોતિ ઉજાળ;
જ્ઞાન ખજાનો ખાલીને, દૈન્ય અજ્ઞતા ટાળ. ૫૯.

ગુણૈશ્વર્ય સાકાર જે, રૂપ રૂડું દિવ્ય;
લીલા રહસ્ય ખોલીને, પ્રેર કલ્પના ભવ્ય. ૬૦.

ગુણ ગાવા કીધી મતિ, સ્ફૂર્તિ આપી કર પૂર્ણ;
ગાઈ ગવાડી જે જનો, તરે ભવામ્બુ[૬] તૂર્ણ.[૭] ૬૧.

તું જ સ્તુત્ય[૮] સ્તોતા વિભો, સ્તવન એક પવિત્ર;
કર્તા કારયિતા પ્રભો, કર્મ તું જ વિચિત્ર. ૬૨.

લેખન લેખક લેખ્ય તું, ગાન ગેય ગાનાર;
જાણી વિરમું વરદ હે !, મુકી ચિંતા ભાર. ૬૩.

દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ;
આત્મભાવે તુંજ હું, થયો દ્વૈતનો ભ્રંશ.[૯] ૬૪.

ગુરુમૂર્તિરૂપે ખડો, આપે તુંજ પ્રબોધ;
કૃપાદૃષ્ટિ તારી થતાં, વહે જ્ઞાનનો ધોધ. ૬૫.

નમું તે તુને દત્ત હે, નૃસિંહસરસ્વતી દેવ !
તીર્ણ[૧૦] થયા ગુરુરૂપથી, યતિવર વાસુદેવ.!! ૬૬.

જ્ઞાની ધ્યાની સહુ જપે, થવા સ્વરૂપાનંદ;
દત્તદિગંબરરૂપ તું, સાક્ષાત્ સચ્ચિત્કંદ. ૬૭.

દૈન્યહારક તું ગુરો;, અદકું તારૂં દાન;
મારી મૃત્યુ શિષ્યનું, કરે અમર અમાન.[૧૧] ૬૮.

ભવતારક તુજ પાદુકા, વંદુ પુનિપુનિ[૧૨] ધન્ય !
ન્યોછાવર કરૂં પ્રાણને, ભજું ચરણ અનન્ય !! ૬૯.

મૂળે નિર્ગુણ એક તું, નિરાકાર નિઃસંગ;
ભક્તોદ્ધારણ કારણે, ધારે વિધવિધ રંગ. ૭૦.

રામકૃષ્ણાદિક સહુ, તુજના એ અવતાર;
કરૂં પ્રાર્થના દેવ હે !, કરો ગ્રંથ વિસ્તાર. ૭૧.

વેદ શાસ્ત્ર મૂગાં થયાં, વર્ણન કરતાં જ્યાંય,
કોણ રાંક હું બાપડો ?, કેવળ લાગુ પાય ! ૭૨.

તવ લીલાંબુધિ ક્યાં વિભો ?, ક્યાં મુજ બુદ્ધિ મંદ ?
મેરુ ઉખાડું નખ થકી, કરો કૃપા ભગવંત ! ૭૩.

હું અનાથ અપંગ છું, તું વિણ આન ન નાથ;
ભવાટવીમાં રખડતો, કરો સદ્‌ગુરુ સાથ. ૭૪.

તું માતા હું બાળ છું, પીવાડ બોધસ્તન્ય,[૧૩]
તુજ લીલામૃતપ્રાશને, થાઉં જગમાં ધન્ય. ૭૫.

તવ આજ્ઞા શિર પર ધરી, થયો લેખનોદ્યુક્ત;
લખું લખાવે તેમ ના, જાણું યુક્તાયુક્ત. ૭૬.

ભ્રાંતિપડળ નિવારીને, કર જ્ઞાનાંજન ધીર,
સ્ફુરે અનેરૂં કાવ્યને, થાય ગ્રંથ રુચિર.[૧૪] ૭૭.

મ્યુઝીક

નમું કવીશ્વર વાલ્મીકિ, વ્યાસ પરાશર ધન્ય;
સંત મહંત હરિજન[૧૫] સહુ, સુશીલ ભક્તો અન્ય.૭૮.

નવ જાણું ગુર્જરગિરા, કાવ્યાલંકૃતિ શબ્દ,
રચનાપાટવ[૧૬] ના લહું, અપાર એ જ્ઞાનાબ્ધ. ૭૯.

કોણ મશક[૧૭] હું બાપડો, હોય ન જો ગુરુ સાથ?
ક્ષમા કરો દોષો સહુ, આપો સજ્જન સાથ ! ૮૦.

કૃપા કરી મુજ રંક પર, આપો જ્ઞાનનું દાન;
સદા સંતનો દાસ હું, કાંઈ ન મુજને ભાન. ૮૧.

૧. બાળક ૨. સ્મરણ કરતાંની સાથે જ પ્રાપ્ત થનાર ૩. પીડે ૪. વિશ્વાસ ૫. તારક ૬. ભવજલ ૭. શીઘ્ર ૮. સ્તુતિ કરવા યોગ્ય ૯. ભંગ, નાશ ૧૦. અવતાર ધારણ કર્યો ૧૧. અમર્યાદ, પ્રમાણાતીત ૧૨. ફરી ફરી ૧૩. ધાવણ, દૂધ ૧૪. સુંદર ૧૫. પ્રભુના લાડીલા, પ્રભુ ભક્ત ૧૬. કૌશલ્ય ૧૭. મગતરૂં

ઋષિ મુનીશ્વર સંતને, વંદી કવિવર એમ,
માતપિતાચરણે નમું, જેથી થાએ ક્ષેમ. ૮૨.

વંદુ વિઠ્ઠલ તાતને, સદ્‌ગુણની જે ખાણ,
માતા રખુમાબાઈને[1] કરૂં કોટિ પ્રણામ. ૮૩.

જેની શુભ આશિષથી, તર્યો રંગ આદીન;
માતપિતા ચરણે થજો, ચિત્ત સદાય વિલીન. ૮૪.

**અ.૨ ૧/૦૪ ૦.૭.૩૭ હર્ષ પટેલ, અમી ઠાકોર**
**નિરંજન સ્તુતિ કરે :-**

રંગ કહેઃ સંત સૂણો !, આવ્યો ગિરિ ગિરનાર,
વિપ્ર નિરંજન સ્તુતિ કરે, ફરી ફરી જયજયકાર. ૨.

કહેઃ ગુરુવરા દોડ હે !, અંત ન જો ક્ષણમાત્ર;
ઊભો હું તુજ બારણે, હવે ન રહેશે ગાત્ર. ૫.

યન્નામસ્મરણે ટળે, દૈન્ય પલકમાં હાય,
તન્નામસ્મરણે હજી, કાં ન ટળી મુજ હાય ? ૬.

દૈવ બલી પ્રતિકૂલ જો, સ્મરે દેવને કોણ ?
કૃપા થતાં પ્રભુ તાહરી, દૈવ બાપડું કોણ ? ૭.

તું દાતા હું દીન છું, હું ચાતક તું મેઘ;
તું પારસ પ્રભુ લોહ હું, દોડ દોડ સવેગ. ૮.

પાપી હું અઘહારી તું, બાનાની પત રાખ;
પાવક[2]સંગે આર્દ્ર[3] પણ, થાય પલકમાં ખાખ. ૯.

ભક્તસારથિ તું પ્રભો, દોરી તારે હાથ;
મૂક્યું માથું ચરણમાં, મા કર અધવચ ઘાત. ૧૦.

તારી ગણિકા નીચને, વ્યાધ પંખીની જાત;
ભારે પ્રભુ શું હું થયો, બાળક આજ કુજાત ? ૧૧.

કૃપાસિંધુ ! લોપાઈ કાં, કરુણા તારી આજ ?
કો માને દોડ્યો[4] પુરા, ત્વરિત ભક્તને કાજ ? ૧૨.

માનસ ચંચલ માહરૂં, થાય ન સ્થિર ક્ષણૈક;
આશ્વાસન દે દર્શને, જગાડ ચિત્ત વિવેક. ૧૩.

ભક્તવત્સલ તાહરૂં, બ્રીદ[5] પ્રભુ સંભાળ;
દોડ વેગથી જો રડે, વિરહે તારૂં બાળ. ૧૪.

મ્યુઝીક

તું માતા પાલક પિતા, સખા[6] ચિરંતન તુંજ,
ઈષ્ટ કુલગુરુ તુંજ તું, નિવાર ચિંતાપુંજ. ૧૫.

ક્રૂર થયો કાં હે પ્રભો ?, બોલ, ક્રોધ સંહાર;
કર અપરાધ ક્ષમા પ્રભો !, હું તો મૂઢ ગમાર. ૧૬.

પિતા કદાચિત્ કોપતાં, મા આશ્વાસે બાળ;
ક્રુદ્ધ થતાં માતા પિતા, કરે આળ પંપાળ. ૧૭.

તુંજ માતા તું પિતા, થતાં ગુરો તું રુષ્ટ ?
કોને કહેવું દુઃખ એ ?, કોણ નિવારે કષ્ટ ? ૧૮.

દીનવત્સલ નાથ તું, હું અનાથ નાદાર;
દાસ પડું ચરણે ભલે, માર પ્રભો કે તાર. ૧૯.

દુખિયાનો બેલી કહ્યો, તને ત્રિલોકીનાથ;
કેમ સાદ મુજ રંકનો ધરે ન કાને તાત ? ૨૦.

કાઠિન્ય ન શોભે પ્રભો !, આખર આવી હાય !
રૂદન સાંભળી હા ! શિલા, દ્રવે[7] ન કાં ગુરુરાય ? ૨૧.

એમ કહી મુર્છિત પડ્યો, ઢળી ધરણી[8] પર બાળ;
દેખી સદ્‌ગુરુ દોડિયા, ભક્ત તણા પ્રતિપાળ. ૨૨.

જટાતાજ શિર પર ધર્યો, ભસ્મલિપ્ત શરીર;
વ્યાઘ્રાંબરવેષ્ટિત તનુ, મુખ પર હાસ્ય ગભીર ! ૨૩.

શાંતિની પ્રતિમા સમી, દેખી મૂર્તિ એહ,
પૂજે સ્વપ્ને કોડથી, બાળ નિરંજન તેહ. ૨૪.

ગંધાક્ષતપુષ્પે કરી, કીધું પૂજન ત્યાંય;
આલિંગન આપી મુદા, ફરી ફરી લાગે પાય. ૨૫.

મ્યુઝીક

લીંધુ ચરણામૃત તિહાં, વાગ્યો ઘંટ અગમ્ય;
જાગ્યો મીઠા સ્વપ્નથી, દેખે મૂર્તિ કમ્ય.[9] ૨૬.

નાસાગ્રે દૃષ્ટિ[10] લસે, તેજઃ પુંજ શરીર;
સ્વપ્નછબી સન્મુખ ખડી, દેખી દોડે ધીર. ૨૭.

પાદ પખાળે કેશથી, વહે અશ્રુ ચોધાર;
આનંદે ગદ્ ગદ્ ગિરા,[11] કરે શિષ્ય જયકાર ! ૨૮.

જય યોગીશ્વર જય નમું, પાવન તમ દર્શન;
ત્રિવિધ તાપ નાઠા સહુ, પૂર્ણ વિરામ્યું મન. ૨૯.

સફળ કષ્ટ સહુએ થયાં, ધન ધન આજ સુદિન !
અપૂર્વ દર્શન આપીને, તાર્યો અર્ભક[12] દીન !! ૩૦.



૧. રુકિમણી, લક્ષ્મી ૨. અગ્નિ ૩. ભીનું ૪. પૂર્વે ૫. બાનું ૬. મિત્ર ૭. પીગળે ૮. જમીન ૯. મોહક ૧૦. શોભે ૧૧. વાણી ૧૨. બાળક

**અ.પ. ૧/૦પ ૦.૧.૩૭ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**

**અત્રિ મુનિ :-**

હે કમલોદ્‌ભવ શ્રીહરે, મૃડાનીશ[1] મહેશ;
દાસ નમું તમ રંક હું, કૃપા કરો ત્રિગુણેશ. ૨૯.

થાતાં તમ દર્શન વિભો !, તૂટે ભવબંધન;
પતિત પાવન થાય જો, કરે નામ સ્મરણ. ૩૦.

અભેદ દૃષ્ટિ સ્થાપીને, આપો સત્ય પ્રકાશ;
'હું-તું' હરણ કરી વિભો !, રાખો ચરણે દાસ. ૩૧.

પિત્રાજ્ઞા પાલન કરી, થાઉં ત્વત્પદલીન;
એજ એક માગું વિભો !, થાય બંધ સહુ ક્ષીણ. ૩૨.

**અ.૬ ૧/૦૬ ૦.૧૧.૫૮ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**

**અનસૂયા માતા :-**

વળતી પાસે જઈ કરે, ભાવે ઉભય વંદન;
કરે પ્રાર્થના પ્રેમથી;, કહે:- સચ્ચિદ્‌ઘન ! ૮૧.

જગદીશ્વર નમીએ તુને, પાવન છે તુજ નામ;
લેતાં પામર પણ તરે, થાય પંગુનાં કામ. ૮૨.

એક ભાવનાવશ તમે, ધરો રૂપ અનેક;
બ્રહ્માહરિહર, ધન્ય હે !, રાખો ભક્તની ટેક. ૮૩.

એકરૂપ તમે બધા, નમીએ બાળસ્વરૂપ ?
પૂર્ણ કરી મનકામના, લીલા કરો અનુપ. ૮૪.

આશ્રમ પાવન આ કર્યો, દેવ ! પધારી આજ;
વિશેષ શું કહીએ પ્રભો ?, થયાં પૂર્ણ સહુ કાજ. ૮૫.

**અ.૭**

**અનસૂયા માતા :-**

નમન કરી પ્રભુ ચરણમાં, કહે:- ભક્તવત્સલ !
ભાવભૂખ્યો તું હરે, નિત્ય તૃપ્ત અકળ ! ૨.

પૂર્ણકામ સ્વતંત્ર તું, થયો ભક્તિ પરતંત્ર;
મહિમા વિસ્તાર્યો જગે, કો જાણે તુજ તંત્ર ? ૩.

શક્તિત્રય જે પૂજ્ય આ, આવી તે પણ આમ,
લીલા એ પણ તાહરી, કર પૂરણ તત્કામ. ૪.

નિમિત્ત મુજને તેં કરી, કીધો ખેલ અગમ્ય;
સમેટ શ્રીહરિ વેગથી, કરી પ્રગટ મુખ રમ્ય. ૫.

મૂળ સ્વરૂપે દેવ હે !, થાઓ પ્રગટ સુતૂર્ણ;
કરો મનોરથ સર્વના, વેગે શ્રીહરિ પૂર્ણ. ૬.

એકરૂપ અનેક તું, અનેકરૂપે એક;
પ્રગટ કરો પ્રગટી પ્રભો !, એહ જ્ઞાનવિવેક. ૭.

મ્યુઝીક

સુણી વચન સતી તણાં, મૂળ સ્વરૂપે એહ
પ્રગટ્યા વિધિહરિહર તિહાં, કર્યો દૂર સંદેહ. ૮.

નિજ નિજ શક્તિ સહ તિહાં, થયા દેવ આરૂઢ,
નિજ નિજ વાહન પર તદા;, દેખી થાય મતિ મૂઢ. ૯.

કોટિસૂર્યસમ ઝળહળે, રૂપ અનુપમ એહ;
અત્ર્યનસૂયા ભાવથી, વંદે દેખી સુદેહ. ૧૦.

કર જોડી પ્રાર્થી કહે, અજ અક્ષય અવિનાશ !
જળથળ સઘળે તું ભર્યો, અખંડ એક પ્રકાશ. ૧૧.

આદિ અંત તુજમાં નહીં, નામરૂપ ની ગંધ;
નિરાકાર નિર્ગુણ પ્રભો !, તું કેવલ નિર્દ્વંદ્વ. ૧૨.

ધ્યાન ગમ્ય અગમ્ય તું, નિગમસાર શ્રુતિતાત;
ધ્યેયરૂપ યોગેશ્વરા !, તું જ વિશ્વ અજાત. ૧૩.

નિજ માયાશ્રયથી વિભો !, ધરે વિધવિધ રૂપ;
લીલાવિગ્રહધારી તું, ભક્તભાવનારૂપ. ૧૪.

સાષ્ટાંગ પ્રણતિ તુને, બ્રહ્મા વિષ્ણુ મહેશ !
મંગલ નામે તાહરા, નડે ન માયા લેશ. ૧૫.

સાવિત્રી લક્ષ્મી ઉમા, તે પણ તુંજ અભિન્ન;
અર્ધનારીનટેશ્વરા !, નમીએ તવપદ ક્લિન્ન.[2] ૧૬.

ધ્યેયરૂપમાં તાહરા, રહે વૃત્તિ અખંડ;
એજ માંગીએ ફરી ફરી, સહે દેહ નિજ દંડ. ૧૭.

બુદ્ધિ નિર્મળ થાયને, થાય વાસના ક્ષીણ;
દેહઅહંતા સહુગળે, થાય ચિત્ત વિલીન. ૧૮.

મ્યુઝીક

ઈન્દ્રિયગણ આ આદરે, રહે સદા તત્પર,
સેવામાં પ્રભુ તાહરી, એજ માગીએ વર. ૧૯.

વિશ્વંભર ! નમીએ તને;, કરીએ શું અર્પણ ?
સકળરૂપ ! તારૂં બધું, કરીએ શું પૂજન ? ૨૦.

સામગ્રી તુજ વિણ નહીં, સર્વ તાહરૂં રૂપ;
શુદ્ધ ભાવના એજ છે, પૂજા તારી અનુપ. ૨૧.

૧. પાર્વતીપતિ ૨. દયાર્દ્ર

ગંગાજળથી નર કરે, જેમ ગંગાપૂજન;
તુલસીદલ અર્પણ કરી, પૂજે તુલસી જન. ૨૨.

દીપ ઊજાળી અગ્નિની, કરે આરતી જાણ;
તેમ નારાયણ બધું, એક ભાવ પ્રધાન. ૨૩.

હૃદય સિંહાસન કર્યું, સુખે બિરાજો નાથ !
સ્નાન કરાવું પ્રેમથી, એજ વારિ અવદાત.[૧] ૨૪.

વાસનાનાં વસ્ત્ર આ, અલંકાર ઈન્દ્રિય;
હાર મનોમય આ ગ્રહી, કરો અમલ અક્રિય. ૨૫

પૃથ્વીતત્ત્વ ચંદન પ્રભો !, વ્યોમતત્ત્વ ફૂલ તેમ;
ધૂપ વાતતત્ત્વે કર્યો, અર્પણ ભાવે એમ. ૨૬.

અગ્નિતત્ત્વ પ્રદીપ ને, જલતત્ત્વ નૈવેદ્ય;
સ્વીકારી પ્રભુ દાસને, કરો પૂર્ણ અભેદ્ય. ૨૭.

સોહંભાવે પ્રાર્થના, સર્વ વાણી સ્વરૂપ;
પાદક્રમણ પ્રદક્ષિણા, મસ્તક શ્રીફળરૂપ ! ૨૮.

ગ્રહણ કરી ભાવે પ્રભો !, કરો ન્યૂન સંપૂર્ણ;
એમ કહી વંદન કરે, અત્ર્યનસૂયા તૂર્ણ. ૨૯.

મ્યુઝીક

**અ.૮**

**અનસૂયા માતા :**

દેખી તેજ:પુંજ એ, દિવ્યરૂપ સુકાય,
અત્ર્યનસૂયા ચિત્તમાં, પરમાનંદ ન માયઃ- ૩૭.

સાષ્ટાંગ પ્રણતિ કરે, થયો કંઠ ગદ્ ગદ્;
સ્તવન કરે કર જોડીને, વહે અશ્રુ દડ્દડ્ ! ૩૮.

જયસચ્ચિત્સુખ શ્રી હરે, અજ અક્ષય અવિનાશ;
આદિ અંતમાં એક તું, મધ્યે એક ઉદાસ[૨]! ૩૯.

અસંગ નિર્ગુણરૂપ તું, સઘળે સભર અનન્ત;
માયાવી પામર અહા !, જાણે શું તુજ અન્ત ? ૪૦.

વિશ્વરૂપ ! તુજમાં ભમે, બ્રહ્માંડૌઘ[૩] સમસ્ત;
જન્મ્યો મમ ઉદરે અહા !, માને કો એ મસ્ત ? ૪૧.

સર્વતંત્રસ્વતંત્ર તું, થાય ભક્તિપરતંત્ર!
ભાવભૂખ્યો નાથ હે !, કો જાણે તુજ મંત્ર ? ૪૨.

સત્યરૂપ ત્વદ્વચન એ, થાય કેમ અસત્ય?
દીનવત્સલ નાથ હે !, પાળ ભક્ત નિજ ભૃત્ય.[૪] ૪૩.

અઘભંજન[૫]! નતરક્ષણે[૬], કદિ ન તું સાલસ્ય[૭];
આજ વિડંબન આદર્યું !, લહે કોણ રહસ્ય ? ૪૪.

કોણ કહે આ રૂપને, ઋષિપુત્ર સુજાણ ?
બાલરૂપ માટે ધરી, કરો પૂર્ણ વરદાન. ૪૫.

લાલનપાલન તાહરૂં, પુત્રભાવથી તેમ,
કરતાં માયા ભ્રમ સહુ, જશે અમારો એમ. ૪૬.

એમ કહી બંને ગ્રહે, દિવ્ય ચરણ એ જાણ;
પ્રાર્થે પુનઃ પુનઃ પ્રભો !, તું વિણ નાથ ન આન. ૪૭.

**અ.૯ ૧/૦૭ ૦.૧.૩૭ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**

**પિંગલ નાગ :-**

ખિન્ન થયો દિલમાં અતિ, કરે પ્રાર્થના દીન;
અશ્રુ આંખમાં માય ના, કહે; પ્રભો હે કિલન્ન[૮]! ૯૦.

શુદ્ધ નિરંજન નિત્ય તું, તને પુણ્ય ના પાપ;
ઉદ્ધત વાણી ઓચર્યો, માફ કર, હે બાપ ! ૯૧.

ગર્વે અવગણના કરી, કર્યો તને હડધૂત;
દુષ્ટતા એ માહરી, કર ક્ષમા અવધૂત ! ૯૨.

શિક્ષા[૯] દે જેથી પ્રભો !, થાયે મત્કલ્યાણ;
એમ કહી ચરણે નમે, ફરી ફરી એ જાણ. ૯૩.

**અ.૧૧ ૧/૦૮ ૦.૦૨.૦૭ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**

**દેવો :-**

નમન કરી સાષ્ટાંગ એ, બોલે ગદ્ગદ્ તેમ :-
કરી કાર્ય પોતે કરો, મોટા અમને કેમ ? ૮૪.

કૂટ વચન બોલી અહા, મોહો અમને નાથ !
દુર્જય દાનવ ત્યાં અમે, કોણ દેવ અનાથ ? ૮૫.

સૂત્રધાર ઓથે રહી, કાષ્ઠપૂતળી જેમ,
અજબ નચાવે કૌતુકે, કીધી લીલા તેમ ! ૮૬.

શક્તિ શી અમની પ્રભો !, અમે સાવ અજ્ઞાન !
ભક્તિ વિણ રિઝયા વિભો !, કર્યાં મુક્ત શિશુ સાન. ૮૭.

સ્વતંત્ર ત્રિગુણાતીત તું, અમે દીન પરતંત્ર !
કર્મે બાંધી ફેરવે !, કો જાણે તુજ તંત્ર ! ૮૮.

નમીએ પદકંજે સદા, અર્પણ કરીએ શિર !!
એમકહી અત્યાદરે, કરે સ્તવન ગભીર. ૮૯.



૧. શુદ્ધ ૨. તટસ્થ ૩. સમૂહ ૪. ચાકર ૫. પાપહારક ૬. ભક્તરક્ષણમાં ૭. આળસુ ૮. દયાળુ ૯. ઉપદેશ

**અ.૧૧ ૧/૦૯ ૦.૧૮.૩૫ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**
**અર્જૂન :-**

વદી લોકવત્ વ્યર્થકાં, દેવ પમાડો મોહ ?
અગ્નિસંગે શું કદિ, થયું ભ્રષ્ટ ક્યાં લોહ ? ૧૩૭.

સર્વાત્મા નિઃસંગ તું, માયાશ્રયથી વેષ,
ભજવે લોકોકારણે, અનઘ તું નિઃશેષ. ૧૩૮.

શક્તિ અનઘા સર્વથા, તારી આ કાં આળ,
વૃથા સ્વીકારે તું પ્રભો ?, અગમ્ય તારી જાળ ? ૧૩૯.

એકરૂપ બંને તમે, ભેદ લગાર ન ત્યાંય;
ના જાણે તે શબ્દથી, ભલે વૃથા ઠગાય. ૧૪૦.

વિશ્વરૂપ જુદો ન તું, ના જાણે જે એહ;
પામર શાસ્ત્રો બદ્ધ એ, કરે વૃથા સંદેહ. ૧૪૧.

ભેદદર્શીને એ ભલે, બાંધે વિધિનિષેધ;
ભેદાભેદાતીત તું, શો તુજને પ્રતિષેધ ! ૧૪૨.

તુંથી શુદ્ધ ન કાંઈએ, તું તો અશુદ્ધ[1] ખાસ !
એવું જાણે કો ન તે, થાએ ત્વત્પદદાસ ? ૧૪૩.

ભલે પડે આ દેહ પણ, રહે ભાવ કાયમ;
થાય અન્યથા ના કદિ, એ નિશ્ચય મક્કમ. ૧૪૪.

ત્વચ્ચરણે મન સર્વદા, રહે સુનિશ્ચલ એમ;
માગું ના બીજું કશું !, ભાવે પ્રાર્થે તેમ. ૧૪૫.

**અ.૧૨**
**અર્જૂન :-**

થયો ગળગળો સ્નેહથી, વહે આંસુ ચોધાર;
કહેઃ- પ્રભુ ના ભૂલશો, નિરાધાર આ બાળ. ૨૩.

ભવતારક ત્વચરણનું, રહેજો સદા સ્મરણ !
એમ કહી વંદન કરે, જુએ પાછું ક્ષણ ક્ષણ. ૨૪.

મ્યુઝીક

જતાં સાસરે નવવધુ, થાય જેમ વિહ્વળ;
થયો ભૂપતિ તેમ એ, થયા ચરણ વિકળ. ૨૫.

સ્મરણ રાખી અંતરે, કરતો મુખથી ગાન,
'દત્ત''દત્ત' એવું સદા, ચાલે અર્જુન જાણ. ૨૬.

**અ.૧૨**
**અર્જૂન :-**

યદ્રૂપે જગભ્રાન્તિ આ, જડ સ્વપ્નોપમ જાણ,
અલાતચક્રવત્ લોલ એ, માયિક કથન પ્રમાણ. ૮૪.

જ્ઞાની યતચિત્તો[2] કરે, જ્ઞાનબળે એ શાન્ત,
ગુરુવાક્યે યત્પદ લહી, થાય ચિત્ત પ્રશાન્ત. ૮૫.

તે ત્વત્પદ પ્રણમું પ્રભો !, મુમુક્ષુ હું એમ;
કૃપા કરી ગોવિંદ હે, ટાળ ભવાગમ તેમ. ૮૬.

નિત્યમુક્ત સર્વજ્ઞ તું, હું બદ્ધ અજ્ઞાન;
જાણી પ્રભુ નિજ ભક્તને, કર ભવમુક્ત સુજાણ. ૮૭.

કાં નાવે તુજને દયા ?, કર પ્રફૂલ્લ મુખકંજ;
અસહ્ય આ ભવયાતના, થાય અતિશે રંજ. ૮૮.

સચ્ચિત્સુખસ્વરૂપ તું, નિજાનંદમાં મસ્ત;
ના જાણે પીડાઉં હું, જન્મમરણભયગ્રસ્ત ! ૮૯.

જન્મમરણ તુજને નહીં, શોકમોહ પણ તેમ;
તેથી શું તું ના લહે, દુઃખ માહરૂં એમ ? ૯૦.

ખરે પ્રસૂતિ વેદના, જાણે વંધ્યા કેમ ?
ભવત્રાસ સુખમૂર્તિ તું, જાણે સત્ય ન તેમ ! ૯૧.

રાજકુંવર દુર્ભિક્ષનું, ભલે ન જાણે દુઃખ;
દ્રવે આર્ત[3] જોઈ પ્રજા !, કાં ન તું શિવમુખ ? ૯૨.

મ્યુઝીક

વિશ્વસાક્ષી તું પ્રભો, સહસ્રાક્ષ[4] પ્રમાણ;
કેમ ન દેખે દીનને ?, બને કેમ અજાણ ? ૯૩.

ઓતપ્રોત સઘળે ભર્યું, વસ્ત્રો સૂતર જેમ,
તેમ વિશ્વ ત્વદુદરમાં;, મા લે કેડો એમ. ૯૪.

તું તારક મહિમા સુણી, આવ્યો શરણે જાણ;
કેમ સ્તવું જાણું નહીં, પામર હું અજ્ઞાન. ૯૫.

માફ કરી દોષો સહુ, ઉઘાડ નિશ્ચલ નેન;
અંકે તેડી બાળ આ, બોલ એક પણ વેણ. ૯૬.

સુખતૃષ્ણાથી આખુવત્[5], પેઠો ભવદર માંહ્ય;
ઓચિંતો કરડ્યો અહા, કાળસર્પ ત્યાં હાય ? ૯૭.

કોણ ઉતારે ઝેર એ, તુજ વિણ માંત્રિક અન્ય ?
જ્ઞાનફૂંક મારી વિભો !, આપ શાન્તિ અનન્ય. ૯૮.

૧. જેનાથી બીજું કાંઈ શુદ્ધ નથી ૨. સંયમિત ચિત્તે ૩. દુઃખી, પીડિત ૪. હજાર આંખોવાળો ૫. ઉંદરની માફક

ભવાટવીમાં ભટકતાં, ઘેરાયો ચોપાસ,
ત્રિતાપદાવે મધ્યમાં, મૂકી દીધી આશ. ૯૯.

સંભળાઈ ઘનગર્જના, ત્યાં તો તારી એમ;
બેઠો શરણે દીન હું, તાર કૃપા કરી તેમ. ૧૦૦.

નારાયણ અવતાર આ, તારો ભક્તો કાજ;
જ્ઞાનભક્તિવૈરાગ્યથી, આપે અક્ષય તાજ. ૧૦૧.

નિશ્ચય એવો ઉર કરી, આવ્યો શરણે દીન,
ક્ષણભંગુર રાજ્યાદિથી, થઈ વિરક્ત ખિન્ન. ૧૦૨.

સ્ત્રીપુત્રાદિક ભોગ એ, માયામય સહુ એમ;
સ્વરૂપાચ્છાદક સદા, ઉદ્વેજક એ તેમ. ૧૦૩.

મ્યુઝીક

સ્મરતાં પાડે જીવને, કરે સુદૃઢ બંધન;
હેય[1] વિષ્ઠાવત્ સદા, કોણ કરે ચિંતન ? ૧૦૪.

વૃશ્ચિકપ્રાવરણે કદિ, ખદિરાંગારે જાણ,
મસ્તક મૂકી નાગપર, સુએ નિશ્ચિંત માન. ૧૦૫.

ભવસેજે પણ સુખ તણી, ઝાંખી કદિ ન થાય;
જાણી નિશ્ચય અંતરે, કો પામર ત્યાં ધાય ? ૧૦૬.

ભીષણ આ ભવચક્રથી, ડરૂં જેમ હું નાથ;
તેમ અન્ય હિંસ્રાદિથી, ડરૂં ન કદિ એ તાત. ૧૦૭.

ભવભંજક ત્વચ્ચરણમાં, દે અખંડ નિવાસ;
યત્સુવાસે વિષયની, ભૂલું ગંધ ઉદાસ. ૧૦૮.

વિષયકીટકને ભલે, દે વિષયો આનંદ,
ત્વદ્ભક્ત સુવિરક્ત જે, તેને શી એ ગંધ ? ૧૦૯.

તવ પ્રસાદે ના હવે, ભોગેચ્છા તલપૂર;
આપી પદ સેવા પ્રભો !, ખાળ વાસનાપૂર. ૧૧૦.

અત્ર્યનસૂયા ધન્ય એ, વંદું વારંવાર;
યત્કૃપાથી પાદ આ, થયા સુલભ ભવતાર. ૧૧૧.

વેદોને પણ ના મળે, જેનું નામ નિશાન;
ભક્તભાવનાધીન એ, ધરે રૂપ અભિધાન.[2] ૧૧૨.

તેતું વિશ્વંભર વિભો !, કેમ વિસારે બાળ ?
કૃપાદૃષ્ટિ તારી થતાં, કોણ બાપડો કાળ ? ૧૧૩.

વિશ્વાધ્યક્ષ તુંને નમું, હૃષીકેશ અનન્ત !
આધિવ્યાધિ મર્દન પ્રભો!, જુએ આજ કાં અન્ત? ૧૧૪.

મ્યુઝીક

**અ.૧૨**

**શાન્તતપા મુનિ - દત્ત ભગવાનની સેવામાં :-**

બોલે શાન્તતપા તિહાં, કરી નમ્ર વંદનઃ-
ઊભો આ પ્રભુ ક્યારનો, કરો કૃપા ભગવન્ ! ૧૨૫.

દાસ આપનો ભૂપ એ, ખડો કરી ઉપવાસ,
આવ્યો શરણે ભાવથી, કરો કેમ ઉદાસ ? ૧૨૬.

**અ.૧૨**

**અર્જુન :-**

સૂણી વચન શ્રીદત્તનાં, સાશ્રુનેત્ર[3] નૃપ એમ
વદેઃ- પરીક્ષા હે પ્રભો !, કરો હજી એ કેમ ? ૧૨૯.

ઘટઘટનું જાણો બધું, કીધી શિક્ષા નાથ;
મા તરછોડો દીનને, વેગે ઝાલો હાથ. ૧૩૦.

તરસ્યાને પાણી ઘટે, ભૂખ્યાને પ્રભુ અન્ન;
રક્ષણ શરણાગતતણું;, દરિદ્રીને ત્યમ ધન. ૧૩૧.

જ્ઞાનદાન મુમુક્ષુને, યોગ્યયોગ્યને તેમ;
કહેવું શું સર્વજ્ઞ ને, દેવું કોને કેમ ? ૧૩૨.

શું માગું હું દેવ હે ?, જાણો અંતર નાથ;
કાંક્ષા[4] ઉરમાં ના વસે;, કાં છેડો ધનવાત ? ૧૩૩.

ક્ષણભંગુર લક્ષ્મી બધી, સિદ્ધિ ચંચળ તેમ;
ના ઈચ્છે મન સર્વથા, થયું વિરક્ત એમ. ૧૩૪.

દૈવે ઈચ્છા મોક્ષની, ઊઠી અંતર માંહ્ય;
દીક્ષા આપી જ્ઞાનની, કરો તૃપ્ત ગુરુરાય! ૧૩૫.

થાક્યો શાસ્ત્રો ખોળીને, વધ્યો તેટલો ભ્રમ;
નિષ્ઠાક્રમ[5] ના સાંપડ્યો, વૃથા ગયો સહુ શ્રમ. ૧૩૬.

મત્ત ઈન્દ્રિયો ના રહે, કેમે કરી સ્વાધીન;
ઠરે ચિત્ત ના એક પળ, થયો પ્રભો હું દીન. ૧૩૭.

મ્યુઝીક

મન વાણી પહોંચે નહિ, બ્રહ્મ નિરંજન એક;
શુદ્ધ પરાત્પર સત્ય એ;, જગ મિથ્યા ત્યાં છેક. ૧૩૮.

માયિક ક્ષણભંગુર બધું, રજ્જુ સર્પવત્જાણ,
મિથ્યા વેદાંતી કહે, સત્ય અન્ય પ્રમાણ. ૧૩૯.

સત્ય અનાદિ હોયના, દેખાએ એ કેમ !
જીવ વ્યવહરે[6] શે'તિહા ?, કરે શંકા એમ. ૧૪૦.



૧. ત્યજવા યોગ્ય ૨. નામ ૩. આંખમાં આંસુ ૪. ઈચ્છા ૫. જ્ઞાનની સ્થિરતા, સ્વરૂપાવ સ્થિતિ ૬. વ્યવહાર કરે

મીમાંસક બોલે સુખી, થાય કર્મથી તેમ;
યોગી બોલે યોગથી, કરે વિતંડા[1] એમ. ૧૪૧.

સાંખ્ય કહે જીવો અનેક, કોઈ કહે વળી એક;
ક્ષણિક શૂન્યવાદી કહે, કોઈ નિત્ય વળી છેક. ૧૪૨.

નિમિત્ત ઈશ્વર જગતણું, પ્રધાન બોલે કોક;
કર્મ પરતંત્ર કોઈ કહે, વિશ્વ દ્વંદ્વજ[2] કોક. ૧૪૩.

આરંભવાદી કો દિસે, અજાતવાદી કોક;
પરિણામવાદી કો વળી, વિજ્ઞાન વિવર્ત કોક. ૧૪૪.

સિદ્ધ કરે નિજ પક્ષને, શ્રુતિપ્રમાણે તેમ;
પામે ભ્રમ મારી મતિ, આવ્યો શરણે એમ. ૧૪૫.

સત્ય એક નિશ્ચિત વદો, કૃપા કરી ગુરુરાય;
કરવું કેમ મુમુક્ષુએ ?, કહો મોક્ષ ઉપાય. ૧૪૬.

આપકૃપાથી ત્રિભુવને, આજ્ઞા મારી કોઈ,
ઉલ્લંઘે ના સ્વપ્નમાં, શત્રુ ભૃત્યવત્ સોઈ.[3] ૧૪૭.

સમૃદ્ધિ અક્ષય સદા, ભોગ સર્વ સંપૂર્ણ કંટાળ્યું;
મન આ હવે, કરો કૃપા પ્રભુ તૂર્ણ. ૧૪૮.

મ્યુઝીક

પૂર્વે વર દેતાં પ્રભો !, માગી માટી એમ;
રાજ્ય વૈભવ સંપદા, સિધ્ધિ ભંગુર તેમ. ૧૪૯.

ભૂલ્યો દુર્દૈવે અહા !, થયો હવે જાગ્રત;
સત્ય જ્ઞાન વિના કંઈ, માંગુ ન અન્ય અસત્. ૧૫૦.

ડૂબું આ ભવસાગરે, કોણ ઉગારે નાથ ?
કોણ દયાળુ આપ વિણ ?, વેગે સ્હાઓ હાથ. ૧૫૧.

**અ.૧૪ ૧/૧૦ ૦.૦૨.૦૭ અમી ઠાકોર, હર્ષ પટેલ, વિષ્ણુ જોષી**
**વિષ્ણુદત્તનાં પત્ની - સૂર્યદેવને :-**

નમન કરી ત્યાં અર્કનું, કરે આવાહન જાણ;
હે સર્વાત્મન્! ધીર તું, કશ્યપનંદન[4] માન; ૮૦.

આપી ચેતન જીવને, કરે વિશ્વ જાગ્રત;
વિપ્રદૈવત તું નકી, આવ ત્વરિત ભાસ્વત્.[5] ૮૧.

શ્રાદ્ધે ક્ષણ સ્વીકારીને, રાખ લજ્જા નાથ !
યોગેશ્વર બેસી રહ્યા, રાહ જોઈ સાક્ષાત્. ૮૨.

**અગ્નિદેવને :-**

અગ્નિશાળામાં જઈ, પ્રાર્થે જોડી હાથ;
સતી ગળગળી એ થઈ, અગ્નિદેવ સાક્ષાત્. ૮૫.

અગ્નિ ગૃહપતિ તું નકી, કર્માધ્યક્ષ વિશુદ્ધ;
લાજ તને આશ્રમતણી, આવ વિપ્ર થઈ બુદ્ધ.[6] ૮૬.

બેઠા જોઈ રાહ એ, અનસૂયાસુત અર્ક;
વિલંબ ના શોભે તુને !, સુણી પ્રાર્થના કર્ક.[7] ૮૭.

**વિષ્ણુદત્ત :- ૧/૧૧ ૦.૦૧.૫૩ અમી ઠાકોર, હર્ષ પટેલ**

પ્રીતે વંદી દત્તને, બોલે ગદ્ગદ્ વેણઃ-
પામર હું પ્રભુ ધન્ય છે!, થયાં કૃતાર્થ નેન. ૯૧.

આપી દર્શન દીનને, તાર્યો ગુરો સમર્થ !
કર્યા મનોરથ પૂર્ણ હા !, રહ્યો કાંઈ ન અર્થ. ૯૨.

વિકલ્પ મુજને ઉદ્ભવ્યો, તોએ પ્રભો દયાળ !
નિર્વિકલ્પ કરી ચિત્તને;, કીધી કૃપા કૃપાળ! ૯૩.

રાક્ષસ વાક્યે ચરણ આ, દીઠા દુર્લભ એમ;
કહે દત્તઃ- દુર્દૈવથી, થયો ભૂત એ તેમ. ૯૪.

આ ઉચ્છિષ્ટાશન[8] થકી, થશે મુક્ત એ જાણ;
પત્ની સહ તું પણ સુખે, પામ શીઘ્ર નિર્વાણ. ૯૫.

**અ.૨૬ ૧/૧૨ ૦.૧૦.૩૬ વિષ્ણુ જોષી, અમી ઠાકોર, હર્ષ પટેલ**
**પરશુરામ :-**

સુણી રામ વદે ફરીઃ-, મુનિસત્તમ તું જાણ;
યોગીશ્વર સ્રષ્ટા વિભુ, કર્તા હર્તા માન. ૨૬.

પૂર્ણ સચ્ચિદાનંદ તું, ગુણાતીત અનંત;
ધર્માધર્મ તને નહીં, તારો ન્યારો પંથ ! ૨૭.

નિર્વિકાર નિષ્કલ તને, નડે ન કર્માકર્મ;
જગત્પ્રભુ પ્રણમું તને, તું તો કેવળ શર્મ ! ૨૮.

**રેણુકા માતા :-**

સુણી વચન એ દત્તનાં, થયો સ્તબ્ધ શ્રી રામ;
બોલે જોઈ રેણુકા, કાવડમાંથી આમઃ- ૩૩.

૧. શાબ્દિક ઝગડો ૨. ઈશ્વર અને પ્રધાન બંનેથી ઉત્પન્ન ૩. એ ૪. કશ્યપ ઋષિના પુત્ર ૫. પ્રકાશમાન ૬. જ્ઞાની ૭. અગ્નિ ૮. ભક્ષણ

લોકવાક્યવત્ ઓચરી, મોહ પમાડે કેમ ?
હે અમેયાત્મન[1] વિભો !, બાલક દયાર્હ[2] તેમ. ૩૪.

નારિકેલવત્ વાક્ય આ, કઠોર ઉપર જાણ;
ભર્યું પીયૂષ અંતરે;, લહે કેમ નાદાન ? ૩૫.

ગુણત્રિતય વસે જિહાં, ત્યાં વિધિનિષેધ તેમ;
અહંગ્રસ્તને શાસ્ત્ર પણ, બાંધે કર્મે એમ. ૩૬.

વિશ્વંભર શ્રુતિતાત તું, વિધિનિષેધાતીત;
નિત્યમુક્ત નિઃસંગં તું, પાવન કરે પતિત. ૩૭.

અસંગ ને સ્ત્રીસંગ શો?, મિથ્યા એહ પ્રલાપ;
સ્ત્રી માયા તુજની પ્રભો, ખપુષ્પવત્ નિર્માપ! ૩૮.

ગુણાતીત પરમેશ તું, નિત્ય ઉપાધિમુક્ત,
સાથી ત્રણે દેહનો, પિંડબ્રહ્માંડયુક્ત. ૩૯.

શબ્દ સ્પર્શાદિક સહુ, વિષય ઈન્દ્રિય ગ્રાહ્ય;
મનબુદ્ધયાદિક પાર તું, માટે સત્ય અગ્રાહ્ય. ૪૦.

અવિષય અસ્પૃશ્ય તું, કેવળ અભાષ્ય એમ;
મનબુદ્ધિની દોડ ના, ચાલે નિશ્ચય તેમ. ૪૧.

માયા મોહે જે વૃથા, ધરે દેહ - અભિમાન,
તેને ધર્માધર્મ એ, શાસ્ત્રવાક્ય પ્રમાણ. ૪૨.

વશમાય[3] તું તો વિભો!, નિરહંકારી તેમ;
ધર્માધર્મ તને નહીં, સ્વયં ધર્મ તું એમ ! ૪૩.

સર્વતંત્ર સ્વતંત્ર તું, થાય ભક્તિપરતંત્ર;
ભક્તભાવનાસમ ધરે, રૂપો કલ્પિતમંત્ર. ૪૪.

કલ્પિત તારા રૂપનું, ધરતાં ભાવે ધ્યાન;
મળે અકલ્પિત ફળ નકી, અભાષ્ય એ પણ માન. ૪૫.

ત્વત્પ્રાપ્તિ માટે વદે, વેદો પ્રમાણ એમ;
પરોક્ષ સ્થિતિ સર્વ એ, ન આત્માનુભવ તેમ. ૪૬.

યથાશાસ્ત્ર વેદાંતનું, કરવું પ્રથમ શ્રવણ;
મનનાભ્યાસ કરી પછી, કરવું નિદિધ્યાસન. ૪૭.

સાક્ષાત્કાર સ્વરૂપનો, થાએ સત્વર એમ;
નાસે માયોપાધિ ને, ટળે આવરણ તેમ. ૪૮.

માટે વેદાદિક થકી, અસ્પર્શ્ય કેવળ જાણ;
રૂપ અભાષ્ય તાહરૂં, સત્ય ભાષ્ય એ માન. ૪૯.

વર્તમાન ભાવિ અને, ભૂત વિષય જે એમ,
તે તુજને સ્પર્શે નહીં, અવિષય તું તેમ. ૫૦.

સ્વસંવેદ્ય અભેદ્ય તું, સર્વવંદ્ય સર્વેશ;
સ્વયંપ્રકાશ નમું તને, પરબ્રહ્મ પરમેશ ! ૫૧.

**શ્રી દત્ત પ્રભુ :-**
**રેણુકા માતાને - (એલમ્મા માતા)**

સુણી વચન સાધ્વી તણાં, કરી હાસ્ય પ્રભુ એમ;
કરે સ્તવન સતીનું મુદા, દત્ત દિગંબર તેમ. ૫૨.

સર્વરૂપ હે માત તું, વિશ્વવ્યાપિની જાણ;
પ્રણવરૂપ પરાવરા, આદ્યભવાની માન. ૫૩.

માયામય વિસ્તાર આ, સર્વ તાહરૂં રૂપ;
બ્રહ્મા હરિહર રૂપ એ, પ્રસવે તુંજ અનુપ. ૫૪.

સૃષ્ટિ સ્થિતિ સંહાર તું, કરે અખંડ અનેક,
સ્વયં અલિપ્ત રહી સદા, કેવળ અભંગ છેક. ૫૫.

અનેકરૂપે એક તું, જાણે ના એ મૂઢ;
ચિદ્રૂપે વ્યાપી બધું, રહી સર્વમાં ગૂઢ. ૫૬.

નામરૂપાત્મક બધું, દૃશ્ય તુંજ નિઃશંક;
બીજું અલક્ષ્ય રૂપ જે, સચ્ચિત્સુખ નિષ્પંક. ૫૭.

રૂપ એ પણ તાહરૂં, મનવાણીની પાર;
જાણે અજ્ઞ ન એ કદિ, કરે કુતર્ક બાળ. ૫૮.

દેહેન્દ્રિય પ્રાણાદિથી, સર્વસાક્ષી તું એમ,
રહે વિલક્ષણ વેગળી;, સાક્ષિત્વહીન તેમ. ૫૯.

સાક્ષ્યસાક્ષિપણ તુજ મહીં, ભાસે લેશ ન જાણ,
મૂળે સાક્ષ્ય મળે નહીં, કોણ સાક્ષી પ્રમાણ? ૬૦.

નિરાધાર માટે કહી, એકવીરા એમ;
દેહાદિક જગભ્રાન્તિ નો, તુંજ આધાર તેમ. ૬૧.

જ્ઞાની વિણ ના અન્યને, લાગે તારો પાર;
સર્વાંતર્યામી વસે, વ્યાપી અંદર બહાર! ૬૨.

તે તું લોકો કારણે, ધરી આમ અવતાર;
પાવન કરતી તીર્થને, આવી અહીં નિર્ધાર. ૬૩.

શિવશંકર તારો પતિ, જમદગ્નિ એ જાણ;
વંદે મુનિગણ જેહને, ખ્યાત ત્રિલોકે માન. ૬૪.



૧. અપરિચ્છિન ૨. દયાપાત્ર ૩. માયા જેને સ્વાધીન છે એવો.

કંપે જેના નામથી, સ્વયં કાળ પણ એમ;
તપોમૂર્તિ એને કહે, ગ્રસ્યો મૃત્યુએ કેમ! ૯૫.

**અ.૨૬**
**રેણુકામાતા :-**

એમ કહી વિનવે ફરી, દત્ત પ્રભુને તેમઃ-
બાળ તમારો આ પ્રભુ, રામ આજથી એમ. ૧૦૪.

કરજો રક્ષણ એહનું, મૂકી શિર પર હાથ;
ના જોશો ગુણદોષને, તમે માતને તાત! ૧૦૫.

અલ્પવયી નાદાન એ, સોંપ્યો તમને, નાથ!
હિતાહિત જાણે નહીં, જાણો સઘળું તાત! ૧૦૬.

કરજો પાલન શું કહું ?, એમ કહીને એહ,
વંદે દત્તપદે ફરી, અનુપમ જેનો સ્નેહ. ૧૦૭.

**અ.૨૮ ૧/૧૩ ૦.૧.૦૯ હર્ષ પટેલ, અમી ઠાકોર**
**ગાલવ મુનિ :-**

હે પરમેશ્વર! કાં કરે, ભક્તોપેક્ષા એમ?
દીનબંધુ તુજ વિણ હવે, રક્ષક કોઉ ન તેમ. ૧૭.

દૈત્યારિ તુજને કહ્યો, ધર્મસેતુ[1] તું જાણ;
તુજ વિણ કોઈ ન આશરો, દોડ દોડ પ્રભુ માન. ૧૮.

**અ.૩૦ ૧/૧૪ ૦.૧૨.૩૬ વિષ્ણુ જોષી, અમી ઠાકોર,**
**અશ્વતર નાગઃ- સરસ્વતીમાતાને :- હર્ષ પટેલ**

કહેઃ- બોબડા બોલ આ, સ્તુતિ માહરી એમ;
લે સ્વીકારી માત હે !, બાલવાક્યવત્ તેમ. ૪.

સમુદ્ર જીવનથી મુદા;, પૂજે સમુદ્ર જેમ;
દીવે રવિની આરતી, જાણ સ્તુતિ આ તેમ. ૫.

આપી સ્ફૂર્તિ વાઙ્મયી, બોલાવે તું જાણ;
બોલે બાળક તેમ આ, સત્ય ભારતી માન. ૬.

દૃશ્ય વિશ્વ આ જે બધું, કેવળ તે ત્વદ્રૂપ;
ભિન્ન કોણ હું ત્યાં કહે, સ્તવું કેમ અરૂપ? ૭.

જડ દૃશ્યાત્મક ક્ષર નકી, ભોક્તા જીવ અક્ષર;
તું તો બધાથી પાર મા, કેવળ સાક્ષી અમર. ૮.

પરપોટા પાણી મહીં, જીવેશ્વર આ તેમ;
ત્વદ્રૂપે ભાસે અહીં, ઉપાધિભેદે એમ. ૯.

પ્રણવરૂપિણી ભાસ્વતી;, ગુણ સ્વામિની જાણ,
અર્ધમાત્રા ચિન્મયી, નિર્વિકાર પ્રમાણ. ૧૦.

ક્રિયાતીત તું ભામિની, ભુક્તિમુક્તિપ્રદ એમ;
સ્વરવર્ણાદિ પ્રકાશીને, સાધે વ્યવહૃતિ તેમ. ૧૧.

યજ્ઞાદિક નું મૂળ તું, સર્વ પ્રકાશક જાણ;
વિદ્યા દેવી સરસ્વતી, વેદયોનિ તું માન. ૧૨.

નિરાધાર આધાર તું, સર્વકારણ એમ,
સર્વવ્યાપક તાહરૂં, લહે રૂપ કો તેમ ? ૧૩.

મંગલ તારૂં ધામ એ, જાણે સુભક્ત કોક,
ધ્યાન અહર્નિશ જે ધરે, બીજાં ફાંફાં ફોક! ૧૪.

ઈહામુત્ર ફલભોગથી, થઈ વિરક્ત જેહ,
ગ્રહે શરણ તારૂં સદા, તૂટે તત્સંદેહ. ૧૫.

વંદુ સરસ્વતી તને, ફરી ફરીથી એમ;
સ્વભક્તહૃન્નિવાસિની, થા મા પ્રસન્ન તેમ ! ૧૬.

**અ.૩૨**
**મદાલસા માતા માટે :-**

પુત્રો સહ પતિને અહા, આપે સદ્ગતિ એમ;
ધન્ય સાધ્વી મદાલસા !, કોણ વર્ણવે તેમ? ૩૯.

કરતાં કિર્તન એહનું, થાય પાપ નો નાશ;
સ્મરતાં પ્રાતઃકાલમાં, અન્તઃશુદ્ધિ ખાસ? ૪૦.

**અ.૩૩**
**અલર્ક :-**

વંદન સદ્ભાવે કરી, દત્તચરણમાં ત્યાંય;
કહેઃ- ભક્તવત્સલ પ્રભો!, ચરણે અર્પી કાય. ૨૨.

દુઃખ અપાર થયું મને, દૈવે હે ગુરુનાથ !
કૃપા કરી મુજ રંક પર, તારો વેગે તાત! ૨૩.

થતાં અનુગ્રહ આપનો, રહે દુઃખ ના તેમ;
કરો ઉપાય હવે પ્રભો!, આવ્યો શરણે એમ. ૨૪.

**અ.૪૧**
**અલર્કઃ- દત્ત પ્રભુને :-**

વદે વેદ જે નિશ્ચયે, તું સચ્ચિત્સુખ એમ;
પ્રત્યગાત્મા અભિન્ન તું!, હવે અનુભવ્યું તેમ. ૭૭.

૧. ધર્મની મર્યાદનું રક્ષણ કરનાર

તું કારણ આ સર્વનું, સર્વાધાર પ્રમાણ;
સ્વેચ્છાએજ થયો સ્વયં, નરાકાર તું જાણ. ૭૮.

વાણીમન પહોંચે નહીં, તુજને કોઈ તેમ;
સ્વેચ્છાચાર તને કહ્યો, વંદું જાણી એમ. ૭૯.

બ્રહ્મઈશનો ભેદ જે, કેવળ માયાભાસ;
પ્રત્યગ્ આત્મા જીવનો, ભેદ અવિદ્યા ખાસ. ૮૦.

તત્ત્વજ્ઞાને બેઉનો, થાતાં નાશ સુજાણ,
ના ઈશ્વર ના જીવ ત્યાં, કેવળ તું જ પ્રમાણ !! ૮૧.

ભાસે ભુજંગ રજ્જુ પર, ત્વદ્રૂપે જગ તેમ;
એકાદ્વિતીય તું રહે, થતાં ભંગ ભ્રમ એમ. ૮૨.

આદિઅંતમાં જે નહીં, ભાસે મધ્યે તૂત;
કાલત્રયમાં તે નહી, સત્તા તેની જૂઠ!! ૮૩.

તવ પ્રસાદે ભ્રાન્તિનો, થતાં નાશ ગુરુરાય!
લાગ્યું પૂર્વે સત્ય જે, ભાસે અસત્ય ત્યાંય. ૮૪.

પડતાં દૃષ્ટિ તાહરી, થયો ધન્ય હું એમ;
શમી જીવતાં બ્રહ્મતા, આવી અંગે તેમ. ૮૫.

તુંજ બ્રહ્મ સાક્ષાત્ નકી, થઈ ખાતરી જાણ;
થયું શાન્ત હું તું પણું, અભેદ જ્ઞાને માન. ૮૬.

તોએ થાવા ભજન આ, માની વિકલ્પ એમ,
કરે ભજન મન માહરૂં, થાએ સુતૃપ્ત તેમ. ૮૭.

હું જીવ તું શિવ નકી, હું ભક્ત તું દેવ,
ભક્તિભાવ વિશુદ્ધ એ, હરે ભ્રાન્તિ તતખેવ. ૮૮.

રાખી એવો ભાવ જન, લૂંટે ભજનાનંદ;
કોણ વર્ણવે મોદ એ ?, મુક્તિ તત્પદગંધ! ૮૯.

થાએ મન ત્વદ્રૂપમાં, લીન સર્વથા તેમ;
ભૂલી ધ્યાતા ધ્યાનને, થાય ધ્યેય એ એમ. ૯૦.

લીન થતાં એ મન કરૂં, એનું ફરી ઉત્થાન;
થાય ભજન જેથી વિભો!, અનુપમ એ રસ માન. ૯૧.

આપ્યું દાન તેં ભક્તને, સ્વયં આત્મનું તેમ;
કહે દત્ત તુજને પ્રભો!, તોએ તું અજ એમ. ૯૨.

ભક્તભાવનાથી થયો, સગુણ દેવ તું જાણ;
અનંત તારા ગુણ હરે, કોણ વર્ણવે માન? ૯૩.

વિપ્ર કદિ કદિ ક્ષત્ર તું, વૈશ્ય શૂદ્ર કદિ તેમ;
ભાસે સંકર તું કદિ, કેવળ અતકર્ય એમ ! ૯૪.

ક્વચિત્ બાલ કદિ વૃદ્ધ તું, ક્વચિત્ યુવા કદિ પ્રૌઢ;
સુજ્ઞ ક્વચિત્ કદિ મૂઢ તું, વર્તે એમ સગૂઢ ! ૯૫.

ક્વચિત્ ભોગી કદિ યોગી તું, ક્વચિત્ રાગી પણ તેમ;
ક્વચિત્ ત્યાગી વિરાગી વા, ભાસે અનંત એમ! ૯૬.

ત્વત્સમ અપાપવિદ્ધ ના, ભાસે અશુદ્ધ તોય;
શુદ્ધ બુદ્ધ અબુદ્ધ વા, પામે પાર ન કોય! ૯૭.

સર્વેન્દ્રિયનો ઈશ તું, જે તું માયાધીશ;
વિજ્ઞાનેશ દિસે ક્વચિત્, તે તું અલ્પ અનીશ[૧]! ૯૮.

એવી અગમ્ય તાહરી, લીલાનો વિસ્તાર;
બ્રહ્માદિક પણ ના લહે!, કોણ મનુષ્ય ગમાર? ૯૯.

વિશ્વંભર તોએ સ્વયં, ધન્ય દિગંબર એમ!
નમસ્કાર તુજને વિભો, અવધૂતાત્રિજ[૨] તેમ !! ૧૦૦.

ધર્માધર્માતીત તું, તુજને ભેદ ન ખેદ;
વેદ્યાવેદ્યાતીત તું, ભાટ તાહરા વેદ. ૧૦૧.

વદે વેદ પરોક્ષ જે, તે તું અપરોક્ષ જાણ;
અમને ભક્તોને સદા, એક જ ધ્યેય સુજાણ. ૧૦૨.

તુંજ મુક્તિ મારી વિભો!, ભુક્તિ મુક્તિ પણ તેમ;
પુનઃ પુનઃ પ્રણમું તને, વંદું શતધા એમ. ૧૦૩.

કરવાનું કીધું બધું, પ્રાપ્ય મેળવ્યું જાણ;
જોવાનું જોયું હવે, રહ્યું ન એ અભિમાન. ૧૦૪.

કોણ વદે? કો સાંભળે?, સઘળું એકાકાર!
થયું નષ્ટ હું તું પણું, તોએ વંદુ દયાળ!! ૧૦૫.

માની આજ્ઞા આપની, જાઉં નિશ્ચય એમ;
મુક્ત સંગ વિચરૂં સુખે, યથાપ્રારબ્ધ તેમ !! ૧૦૬.

**અ.૪૩ ૧/૧૫૦.૨.૩૭ વિષ્ણુ જોષી, અમી ઠાકોર, હર્ષ પટેલ**
**આયુ રાજા :-**

વંદી ભૂપ વદે તિહાં:-, ના ભય મુજને જાણ;
આપે શાપ ન જ્ઞાનીઓ, જાણું નિશ્ચય માન. ૫૮.

તારે જે શપ્તાર્તને, અન્ય શાપથી તેમ;
આપે શાપ ન તે સ્વયં, આભ ફાટતાં એમ. ૫૯.



૧. અન્ય જીવો જેવો અસમર્થ ૨. અત્રિપુત્ર

ડરે કાળ પણ શ્વાનથી, સમર્થઘરના જાણ;
શી ભીતિ મુજને પછી?, શરણાગત હું માન. ૯૦.

નામ સૂણી આવ્યો ઈહાં, નકી ન જાઉં તેમ;
માર તાર વા દેહ આ, અર્પ્યો ચરણે એમ ! ૯૧.

વેદ શ્વાસો તાહરા, તું શ્રુતિતાત સુજાણ;
દેહે દેહાતીત તું, નિસ્ત્રૈગુણ્ય પ્રમાણ. ૯૨.

બાંધે શાસ્ત્રો મૂઢને, ના જ્ઞાનીને તેમ;
વિધિનિષેધ તને નહીં, તું તો અસંગ એમ. ૯૩.

બાંધે છાયા દેહને, તો માયા એ જાણ;
બાંધે તુજને ધીશ હે!, હે સચ્ચિત્સુખખાણ!! ૯૪.

સ્વયંપૂર્ણ સર્વજ્ઞ તું, અન્યાસ્પૃષ્ટ અભંગ;
અજ અક્ષય ક્યાંથી તને, ધર્માધર્મ તરંગ? ૯૫.

**અ.૪૭ ૧/૧૬ ૦.૮.૫૨ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**
**ઈંદુમતી :-**

જય જય દત્ત દયાનિધે!, પુરુષોત્તમ માધવ!
જય અધોક્ષજ જય વિધે!, જય અચ્યુત કેશવ! ૧૦૨.

કર્તા ભર્તા એક તું, સંહર્તા તું એમ;
જય મૃત્યુંજય નરહરે!, વંદુ તુજને તેમ!! ૧૦૩.

અનેક રૂપે એક તું, માયાચાલક જાણ;
ગુણ દ્રવ્ય ક્રિયા વિષે, ભાસક તુંજ પ્રમાણ. ૧૦૪.

બ્રહ્માંડોત્પાદક વિધિ[1], સંહારક શિવ એમ,
પાલક વિષ્ણુ તું નકી, શક્તિ પણ તું તેમ! ૧૦૫.

જય અર્પણેશ્વર[2] નમું, જય લક્ષ્મીવર જાણ;
સાવિત્રીહૃદ્વાસી હે!, વંદુ તુજને માન. ૧૦૬.

માયા યોગે એક તું, ભાસે અનેક તેમ;
દેહદેહમાં ભિન્ન તું, ભક્તોદ્ધારક એમ. ૧૦૭.

લીલા તારી આ નકી, કેવળ અપરંપાર;
લે દાસીને શરણમાં, કર કરુણા ભવતાર. ૧૦૮.

મોહશૃંખલા માહરી, તોડી સત્વર એમ;
કામાદિક રિપુ[3] મારીને, કર નિર્ભય વિભુ તેમ. ૧૦૯.

લગાડ લગની ભજનની, જગાડ આત્મવિવેક;
ભગાડ ભેદો જે થકી, થાઉં અસંગ છેક! ૧૧૦.

ના જાણી ત્વત્પદ હરે, કીધા નાના ફંદ;
ત્વદ્‌ભજનામૃતસ્વાદમાં, ફરૂં હવે સ્વચ્છંદ!! ૧૧૧.

વિષય ઈચ્છતાં વિષયનું, આપે પ્રેમે દાન;
આપી મોક્ષ મુમુક્ષુને, તેમ રમાડે માન. ૧૧૨.

ચિંતામણિ સમ તું નકી, હરે આર્તનાં દુઃખ;
જ્ઞાનીને નિજ પદ વિષે, સ્થાપી આપે સુખ. ૧૧૩.

તુંજ ગતિ મારી વિભો!, ત્વદ્વિણ ના આધાર;
એમ ઈન્દુમતી તિહાં, પ્રાર્થે વારંવાર!! ૧૧૪.

**અ.૪૮**
**નહુષઃ- વસિષ્ઠ મુનિને :-**

કહેઃ- વદું શું હું ગુરો?, જાણો સઘળું આપ;
ચરણ સેવતા આ ટળે, દારુણ સઘળા તાપ. ૪૩.

નાસે કામાદિક બધા, અંતઃશત્રુ તેમ;
બાહ્યશત્રુ હુંડાદિ એ, કોણ માત્ર ત્યાં એમ ? ૪૪.

વૈનતેય[4] જોઈ સ્વયં, નાસે અહિગણ જેમ;
ભવત્કૃપાથી અરિગણો[5], થાશે નિર્બલ તેમ. ૪૫.

ના ચિંતા મુજને કશી;, સ્મરી ચરણ આ નાથ,
અખિલ દૈત્યકુળ હુંડ સહ, મર્દીશ હું સાક્ષાત્! ૪૬.

**નહુષ :-**
**દત્ત પ્રભુને**

કહેઃ- ન નમતાં ગર્ભથી, આજ સુધી જે જાણ,
રક્ષ્યો દત્તે સ્નેહથી, વંદું તત્પદ માન. ૫૦.

કરી ક્ષેમ રણમાં પ્રભુ, દેજો જય તે એમ;
પૂર્ણ કરી સહુ વાસના, લેજો સેવા તેમ. ૫૧.

નાસ્તિકને દંડે સદા, રક્ષે આસ્તિક જાણ;
તેજ દત્ત મારો નકી, રક્ષક એક પ્રમાણ. ૫૨.

સાધુમનોવિશ્રામ જે, તચ્ચિંતનથી એમ,
ટળી ખેદ મારો સહુ, વરો વિજયશ્રી તેમ. ૫૩.

ગાતાં ગુણ જેના અહા, થાકે અહિપતિ[6] જાણ!
બૃહસ્પતિ પણ મૂક જ્યાં, હું તો કોણ પ્રમાણ ? ૫૪.

ભાવે જોડી બેઉ કર, વંદુ તને એમ;
રક્ષો કૃપા કરી મને, દત્ત યોગિવર તેમ. ૫૫.

૧. વિધિ ૨. પાર્વતીપતિ ૩. શત્રુ ૪. ગરુડ ૫. શત્રુ સમૂહ ૬. શેષનાગ

રણે પરસ્પર ઝગડતાં, અથવા સંકટ માંહ્ય,
કપટે કોઈ મારતાં, રક્ષો એ યતિરાય! ૫૬.

નડો વિઘ્ન ના ગમનમાં, રક્ષો દેવો એમ;
સુજલ અન્ન સમયે મળો, સુખે આગમન તેમ. ૫૭.

લડતાં યુદ્ધે જેહને, બોલાવે સહુ જાણ;
કરો ઈન્દ્ર સાહાય્ય તે, રક્ષી ડરથી માન ૫૮.

વદે નહુષઃ- હે દેવગણ!, દત્ત મહારો પ્રાણ;
તેજ કરાવે આ બધું;, ના શંકા ત્યાં આન. ૮૦.

માનું ગુર્વાજ્ઞાઃ સદા, તેથી નિશ્ચય એમ;
કષ્ટ નિવારી સર્વ એ, રક્ષે મુજને તેમ. ૮૧.

ભક્તેચ્છાપૂરક નકી, દત્ત યોગિવર એહ;
થાતાં સહાય તે સ્વયં, રહે ન્યૂન ક્યાં તેહ? ૮૨.

**અ.૪૯**
**નહુષ :-**

વંદી વસિષ્ઠને પછી, સ્મરી દત્તપદ તેમ;
જોડી કર પ્રાર્થે તિહાં, થઈ ગળગળો એમઃ- ૮૩.

ના જાણું હું અન્યને, દાસ તાહરો જાણ;
કરૂં સ્મરણ તારૂં સદા, દત્ત દયાઘન માન. ૮૪.

દૈત્ય કારમો આ નકી, મરે ન મુજથી તેમ;
કરી કૃપેક્ષણ શ્રી ગુરો, મરાવ પોતે એમ. ૮૫.

કર્તા હર્તા તું નકી, હું તો નિમિત્તમાત્ર;
એમ કહી ભેદે તિહાં, વેગે દાનવગાત્ર. ૮૬.

**અ.૫૧ ૧/૧૭૦.૧.૩૭ હર્ષ પટેલ, વિષ્ણુ જોષી, અમી ઠાકોર**
**યદુ રાજા :-**

એમ ભૂપ યદુ અંતરે, દત્તપદાંબુજધ્યાન,
કરી કહે આર્તસ્વરે, દોડ દોડ પ્રભુમાન! ૫૭.

ભવદાવાનળ ચોદિશે, સળગ્યો દત્ત દયાળ!
છાંટી જ્ઞાનામૃત પ્રભો, કર ઠંડક નિર્ધાર. ૫૮.

દોડ બાપ કરુણા કરી, જન્મમૃત્યુભય એમ,
ટાળી સાંત્વન દે મુને;, યાચું અનન્ય તેમ. ૫૯.

સ્મર્તૃગામી તુજને કહ્યો, શોભે વાર ન જાણ!!
એમ અરણ્યે તરુતળે, પોકારે યદુ માન. ૬૦.

**અ.૫૬ ૧/૧૮૦.૧.૩૮ વિષ્ણુ જોષી, અમી ઠાકોર, હર્ષ પટેલ**
**નિરંજન :-**

જય યોગીશ્વર જય નમું, ચાતક હું આ એમ;
ઊભો તૃષાર્ત બારણે, કરો ઉપેક્ષા કેમ? ૩૦.

ગુરુલીલામૃતપાનથી, થઈ ન તૃપ્તિ નાથ!
કલિતારક શ્રીદત્ત એ, ત્રયમૂર્તિ સાક્ષાત્! ૩૧.

જોઈ વિપ્રસ્ત્રી તણો, ભાવ ફરીથી એમ,
થયા અવતીર્ણ એ સુણી, વધી પિપાસા તેમ. ૩૨.

કરો તૃપ્ત ગુરુનાથ એ, લીલા વર્ણવી તેહ;
એમ કહી વંદન કરે, પુનઃ સાષ્ટાંગ એહ. ૩૩.

**અ.૫૬ ૧/૧૯૦.૨.૦૭ અમી ઠાકોર, હર્ષ પટેલ વિષ્ણુ જોષી**
**સુમતિ માતા :-**

જય જય જગદીશ્વર નમું, ત્રિભુવનતારક નાથ!
તું દાતા હું દીન છું, અબળા રંક અનાથ!! ૪૮.

અનંત સર્વાધાર તું, ભક્તકાજ ધૃતદેહ;
કૃપાદષ્ટિ તારી થતાં, વરસે અમૃત મેહ! ૪૯.

કો કીર્તિ વર્ણી શકે?, વેદ પુરાણ અવાક્;
પ્રસન્ન જો પ્રભુજી થયા, કરો પૂર્ણ નિજ વાક્ ૫૦.

મિથ્યા વાક્ય ન તે પ્રભો, મર્કટ આપ્યું રાજ!
અઢળ પદે ધ્રુવ થાપિયો, શિર અક્ષય ધૃતતાજ!! ૫૧.

નારાયણ તુજને નમું, અનાથનો તું નાથ,
સોનાની લંકા કીધી, ભક્ત બિભીષણ હાથ! ૫૨.

કૃપાનિધે! કરુણા કરી, કરો પૂર્ણ મનકામ;
ફરી ફરી ચરણ ગ્રહું પ્રભો!, આપો અક્ષયધામ. ૫૩.

**અ.૫૭ ૧/૨૦૦.૨૬.૦૫ અમી ઠાકોર, જાનકી જોષી,**
**અપ્સરા :- નારાયણને** **અમીત પ્રજાપતિ**

હે કમલાપતિ! નાથ હે!, ત્વન્માયાથી તેમ,
થઈ હન્ત મોહિત અમે, ભૂલ્યાં તુજને એમ. ૯૩.

સત્ય સ્વરૂપ ન તાહરૂં, જાણ્યું ન દેવ સુજાણ,
પડ્યાં વ્યર્થ અભિમાન માં, રૂપ ગર્વથી માન! ૯૪.

પ્રાણિમાત્ર નું મૂળ જે, બ્રહ્મ સનાતન તેમ,
તેજ તમો અદ્વય અહા, નરનારાયણ એમ ! ૯૫.

નમીએ સાષ્ટાંગ પ્રભો, ચરણે વારંવાર;
કરો ક્ષમા અપરાધ એ, કૃપામૂર્તિ ભગવાન. ૯૬.

હિરણ્યગર્ભાધીશ જે, શેષશાયી ભગવાન,
નરનારાયણ તે તમે, એક મૂર્તિ પ્રમાણ. ૯૭.

શંખ ચક્ર ગદા અને, પદ્મમાંકિંત હરિ જેહ,
તેજ તમે નિશ્ચય હવે, રહ્યો ન ઉર સંદેહ. ૯૮.

નમીએ વારંવાર હે, કરો ક્ષમા અપરાધ;
વૈકુંઠાધિપ વિષ્ણુ જે, તેજ તમે સાક્ષાત. ૯૯.

વિદ્યાવારિધિ[1] દેવ હે, અગ્નિસ્વરૂપ સુજાણ!
પાપતાપ બાળી સહુ, કરો વિમલ પ્રમાણ!! ૧૦૦.

શાર્ઙ્ગધનુષ હાથે અહા, ભૃગુપદલાંછન તેમ,
વિલસે દેહ જેહના, ભક્ત વરદ જે એમ. ૧૦૧.

પતિતોદ્ધારક શ્રી હરિ, દૃષ્ટિ માત્રાથી જાણ,
હરે પાપ ભક્તો તણાં, આપી આત્મજ્ઞાન. ૧૦૨.

યમનિયમાદિક સાધને, પૂર્ણ સનાતન જેહ;
વિષ્ણુ અધોક્ષજ તે તમે, એમાં ના સંદેહ. ૧૦૩.

ક્ષમારૂપ લક્ષ્મી વસે, સદા જેહની પાસ,
ભક્ત સખા એ એક તું, નરનારાયણ ખાસ. ૧૦૪.

સાષ્ટાંગ પ્રણતિ તને, કરીએ વારંવાર;
કૃપાદાન પ્રભુ રંકને, દે સત્વર નિર્ધાર. ૧૦૫.

દેખાડી નિજ રૂપને, તાર દીનને એમ;
પડ્યાં અવિદ્યાગર્તમાં, અમે મોહથી તેમ. ૧૦૬.

કામેશ્વર નમીએ તને, તું સચ્ચિત્સુખ જાણ;
થઈ તુષ્ટ અમ રંક પર, કર ઉદ્ધાર સુજાણ. ૧૦૭.

નિર્મ્યું જે સ્ત્રીરત્ન આ, સ્વેચ્છાએ પ્રભુ તેમ;
ના દેખ્યું ના સાંભળ્યું, કેવળ અપૂર્વ એમ. ૧૦૮.

મહામાયા સાક્ષાત્ અહા!, જગદંબા એ જાણ;
અથવા માતા પાર્વતી!, કરીએ વંદન માન. ૧૦૯.

દયાંબુદ્ધિ કરુણા કરી, હરી મોહ એ તેમ,
કૃપાદૃષ્ટિ અમ રંક પર, કર સત્વર પ્રભુ એમ. ૧૧૦.

**અ.૫૮**

**અપ્સરા :-**

કામ અપ્સરા ઋતુ તથા, કુસુમાકર એ એમ,
નરનારાયણને તિહાં, સ્તવે ભાવથી તેમ. ૧.

કહેઃ- બુદ્ધિ મન જેહનાં, સદા પ્રસન્ન સુજાણ;
શાન્ત ધીર મુખ ફૂલ્લ એ, કમલનેત્ર શાં માન! ૨.

યોગિજનોનો ઈશ તું, નમીએ તુજને તેમ;
હરી દુરિત હરિ કર હવે, કૃપા દૃષ્ટિ તું એમ. ૩.

છેદી માયાપડળ આ, દે સ્વસ્વરૂપ જ્ઞાન;
કર અપરાધ ક્ષમા પ્રભો!, એજ યાચના માન. ૪.

**અપ્સરાઓ :-**

સાષ્ટાંગ પ્રણતિ કરી, જોડી બેઉ કર તેમ;
કહેઃ- ધન્ય ત્વદ્દર્શને, થયાં સુપાવન એમ! ૭૮.

કોટિ જન્મના પાતકો, થયાં ભસ્મ સહુ જાણ;
પતિતોદ્ધારક તું નકી, નમીએ અનન્ય માન. ૭૯.

જ્ઞાનમૂર્તિ તવ બોધથી, માયાવેષ્ટિત એમ,
અજ્ઞાની જન જે અમે, થયાં કૃતકૃત્ય તેમ. ૮૦.

ભવભંજન લક્ષ્મીપતે!, થઈ પ્રસન્ન સુજાણ,
દેખાડી આ ઉર્વશી, સ્ત્રીરત્નોત્તમ જાણ. ૮૧.

તેમ દાસજન પર કરી, ફરી અનુગ્રહ એમ,
કૃપામૂર્તિ ત્વદેહમાં, રહ્યું સકળ જે તેમ. ૮૨.

વિશ્વરૂપ સુદિવ્ય એ, દેખાડીને જાણ,
કર કૃતાર્થ હવે પ્રભો!, મા જો દોષ પ્રમાણ!! ૮૩.

અપરાધો બાળક કરે, અનેક તોએ જેમ,
કરે ક્રોધ માબાપ ના, કર ક્ષમા તું એમ. ૮૪.

અબુદ્ધ અજ્ઞાની અમે, શુદ્ધ બુદ્ધ તું જાણ;
અપરાધી બાળક અમે, સમદર્શી તું માન! ૮૫.

**અ.૫૯**

**અપ્સરાદિક :- વિશ્વરૂપ દર્શન**

થઈ નમ્ર સદ્ભાવથી, પ્રાર્થે સઘળા તેમઃ-
દેવાધીશ અનંત હે!, જય અચ્યુત હરિ એમ. ૧.

[1] સમુદ્ર

વિશ્વરૂપ આ તાહરૂં, જોતાં નજરે જાણ;
આદિઅંત ભાસે નહીં, અપાર કેવળ માન. ૨.

હે જગદાત્મા હે વિભો!, અસંભાવ્ય આ એમ,
જોઈ સ્વરૂપ તાહરૂં, નમીએ શ્રીપતિ તેમ. ૩.

પંચભૂત તન્માત્ર તું, ઈશ પરાત્પર જાણ;
પૃથ્વ્યાદિક ભૂતો સહુ, ત્વદ્વિસ્તાર સુજાણ. ૪.

ભેદાભેદો જે દિસે, તું જ સર્વ તે તેમ;
અગાધ લીલા તાહરી, કોણ વર્ણવે એમ? ૫.

હૃષીકેશ નમીએ તને, તું સર્વાંતર જાણ;
ચક્ષુદ્વારે દૃશ્યને, જુએ જનાર્દન માન. ૬.

રહી કર્ણમાં શબ્દને, તું જ સાંભળે તેમ;
બીજરૂપથી જગતને, નિપજાવે તું એમ. ૭.

તું જ સુગંધ ગ્રહે નકી, રહી ઘ્રાણમાં જાણ;
ભક્ષે મુખમાં સર્વ તું, અતીન્દ્રિય તું માન! ૮.

ગમનાગમન કરે સુખે, રહી પગોમાં તેમ;
લે આપે હાથે તથા, પ્રાણિમાત્રમાં એમ. ૯.

પ્રતિદેહે અશરીરી તું;, રહી મન વિષે જાણ,
સંકલ્પાદિક તું કરે, તું જ બુદ્ધિમાં માન. ૧૦.

કરે સુનિશ્ચય સર્વનો, અહંકારમાં તેમ;
'અહં અહં' ની ગર્જના, કરે તુંજ વિભુ એમ. ૧૧.

તેમ છતાં કોઈ તને, ના જાણે પ્રભુ જાણ;
સુરનર પશ્વાદિક અહા, સ્થાવર જંગમ માન! ૧૨.

રહ્યો પૂર્ણ સઘળે નકી;, અંશરૂપથી એમ,
ના જાણી અજ્ઞાનીઓ, કરે કલ્પના તેમ. ૧૩.

અંશભૂત જીવાત્મની, નિજ નિજ બુદ્ધ્યનુસાર;
અંશ અંશી કલ્પી તિહા, અનેકધા નિર્ધાર! ૧૪.

માયિક તારા રૂપને, નમીએ માધવ એમ;
કૃપામૂર્તિ જગદીશ હે! તું તો અખંડ તેમ!! ૧૫.

બુદ્ધિ માંહે બ્રહ્મ તું, શાન્તિ માં વિધુ જાણ,
બલમાં વૃત્રારિ[1] સ્વયં, ધૈર્યે સમુદ્ર માન. ૧૬.

તેજે અગ્નિ, ક્ષમા મહીં, પૃથ્વી અગાધ તેમ;
ગતિમાં વાત, વિવેકમાં, સનકસુજાત તું એમ. ૧૭.

મનુષ્યમાં નૃપનાથ તું, પિશાચ દાનવ માંહ્ય;
રસરૂપે જલમાં રહ્યો, ગંધ પૃથ્વીમાં ત્યાંય. ૧૮.

અગ્નિ માંહે તેજ તું, સ્પર્શ વાયુમાં તેમ,
રહ્યો શબ્દરૂપે અહા, વ્યાપી વ્યોમમાં એમ! ૧૯.

ત્વન્નાભિમાં દેવ હે!, બ્રહ્મદેવ સુજાણ;
ભ્રૂકુટિ સ્થલમાં શિવ વસે, સંહારક જે માન. ૨૦.

અંતઃકરણે તું સ્વયં, નારાયણ વિભુ એમ;
કર્ણોમાં દિગ્દેવતા, નેત્રે રવિશશી તેમ. ૨૧.

લોકપાલ બાહુ મહીં, રહ્યા વ્યાપીને જાણ;
અશ્વિનીકુમાર ઘ્રાણમાં, ભિષગ્રાજ[2] એ માન. ૨૨.

સરસ્વતી જિહ્વા મહીં, હૃદયે વાયુ તેમ;
પદકંજે પૃથ્વી અહા, ક્ષમામૂર્તિ જે એમ! ૨૩.

લોક ચતુર્દશ ઉદરમાં, પિશાચ પદતલ માંહ્ય;
યક્ષ નાગ ગુહ્યક અહા, સિદ્ધાદિક સહુ ત્યાંય! ૨૪.

યજ્ઞ સર્વ મુખમાં વસે, દંતે ભગણ[3] પ્રકાશ;
રોમ મહીં સહુ દેવતા, પુરુષ ઓષ્ઠ માં ખાસ. ૨૫.

પાદાદિકરેખા મહીં, વિદ્યાધર તું જાણ;
વેદો બાહુસંધિમાં, શાસ્ત્ર શ્વાસમાં માન. ૨૬.

વરાહરૂપે પૃથ્વીને, ધારે તું જ અનંત;
નૃસિંહરૂપે દૈત્યને, તું જ વિદારે હંત! ૨૭.

કરાલદંષ્ટ્રા તાહરી, દેખી ભીષણ તેમ,
કંપે ગાત્રો કાળનાં!, કોણ અમે ત્યાં એમ? ૨૮.

વ્યાપ્યો ઘાવા પૃથ્વીમાં, થઈ ત્રિવિક્રમ જાણ;
નમીએ તે તુજને પ્રભો, રૂપે અરૂપ માન!! ૨૯.

સપ્તદ્વિપવતી મહીં, સમુદ્ર પર્વત તેમ,
ગંગારેવાદિક બધી, મહાનદી પણ એમ. ૩૦.

દેખાએ તુજમાં પ્રભો, અરણ્ય શ્વાપદ જાણ;
વનસ્પતિ ગિરિગહ્વરો, કાષ્ઠ પાષાણ માન. ૩૧.

સ્વર્ગાદિક લોકો બધા, દેવતાગણ તેમ,
પાતાલાદિક દૈત્ય એ, નાગાદિક પણ એમ. ૩૨.

સિદ્ધ ઋષિ સુર કિન્નરો, દિસે દેહમાં જાણ;
કરે સ્તવન તારૂં વિભો, પ્રેમ પુરસ્સર માન. ૩૩.



૧. વૃત્રશત્રુ ૨. વૈદ્યરાજ ૩. નક્ષત્રાદિ સમૂહ

દૈત્યાદિક ભયભીત એ, જોઈ તુજને એમ,
દોડે દશ દિશા મહીં, ચોર ભૂપને જેમ. ૩૪.

ઋષિમુનિઓ યજ્ઞાદિથી, સ્તવે નિરંતર જાણ;
તે તુજ વ્યાપક રૂપને, નમીએ કૃપાનિધાન. ૩૫.

વ્યાપ્યો સઘળે એક તું, સ્થૂલ સૂક્ષ્મમાં એમ;
નિરાકાર સાકાર તું, પાર સર્વથી તેમ!! ૩૬.

રજ્જુ-આધારે યથા, અધિષ્ઠાન અહિવત્;
હે ઈશ્વર તુજમાં બધું, ભાસે આ તદ્વત્! ૩૭.

આત્મા એક અખંડ તું, પ્રાણિમાત્રમાં જાણ;
ત્વન્માયામોહિત અમે, પામર જીવ અજાણ. ૩૮.

કરી અપરાધ ક્ષમા સહુ, થા તું પ્રસન્ન તેમ;
તારી શરણાગત વિભો, લે શરણે તું એમ. ૩૯.

યંત્રકાર સ્વેચ્છા થકી, જેમ નચાવે જાણ,
યંત્રકળાથી પૂતળાં, નાચે તેજ પ્રમાણ!! ૪૦.

જગદ્યંત્રચાલક પ્રભો, બુદ્ધિ ગુફામાં તેમ,
રહી સ્વયં જગયંત્રને, તું જ નચાવે એમ!! ૪૧.

કર્યું અમે બોલવું, માટે વ્યર્થ પ્રમાણ;
તેં જ કરાવ્યું આ બધું, લીલા તારી જાણ. ૪૨.

દેહયંત્રનો આ નકી, ચાલક ભાસક તેમ,
તું જ વિશ્વવ્યાપી પ્રભો, કર કરુણા વિભુ એમ. ૪૩.

ત્વન્માયામોહિત થઈ, કર્યા અપરાધ જેહ;
કરી ક્ષમા તેની હવે, વાર સર્વ સંદેહ. ૪૪.

માયાપડળ નિવારીને, હર ભ્રાંતિ નિઃસાર;
જ્ઞાનજ્યોતિ અમ હૃદયમાં, કરી પ્રગટ નિર્ધાર. ૪૫.

દુસ્તર માયા તાહરી, ત્વત્કૃપા વિણ તેમ;
થાએ દૂર ન સર્વથા;, માટે પ્રભુજી એમ. ૪૬.

કરી અનુગ્રહ દીન પર, વિશ્વમૂર્તિ તું જાણ,
માયા દુર્જય શ્વાનવત્, સંહર[૧] કૃપાનિધાન! ૪૭.

'છૂ' કહેતાં તત્ક્ષણે ભસે, સ્વામ્યાજ્ઞાથી જેમ;
'હં' કહેતાં પાછું વળે, શ્વાન શાન્ત થઈ જેમ. ૪૮.

માયા તારી આ નકી, તેમ ત્વદધીન જાણ;
થાય કૃપા જો તાહરી, ખસે તોજ એ માન. ૪૯.

મોટા મોટા દેવ પણ, બ્રહ્મેન્દ્રાદિક તેમ;
થઈ ભ્રાન્ત માયા થકી, પડ્યા મોહમાં એમ. ૫૦.

કોણ અમે પામર તિહાં, કેવળ મૂઢ હરામ?
નમીએ તુજને ભાવથી, સ્મરીએ પાવન નામ. ૫૧.

હે માધવ! ગોવિંદ હે!, હે દામોદર નાથ!
હે પુરુષોત્તમ નરહરે!, પરબ્રહ્મ સાક્ષાત્!! ૫૨.

સ્મરતાં ભાવે એમ એ, થાય ભ્રાન્તિ સહુ દૂર;
થઈ ભસ્મ પાતક બધાં, નાસે મોહ સમૂળ. ૫૩.

પતિતોદ્ધારક દેવ હે!, હે વિશ્વેશ અનંત!
વિશ્વરૂપ તુજ સ્તવનથી, પાપ હમારાં હંત. ૫૪.

કેમ જાય ના ઈશ હે?, હૃષીકેશ મહેશ!
ત્વન્નામસ્મરણે રહે, કેમ શેષ એ ક્લેશ? ૫૫.

નારાયણ નરસિંહ હે!, અજ અક્ષય તું જાણ;
સ્મરતાં તુજને ભાવથી, રહે ન પાપ નિશાન! ૫૬.

માયાપડળ નિવારીને, કર સત્વર ભવપાર;
કૃપા કરી ગોવિંદ હે!, હર ભીતિ નિઃસાર. ૫૭.

વાસુદેવ અનંત હે!, શેષશાયી ભગવાન!
હે લક્ષ્મીવર! ચરણમાં, કરીએ વંદન માન. ૫૮.

સર્જે સ્વેચ્છાથી બધું, થઈ ત્રિગુણાત્મક તેમ;
રક્ષે સંહારે અહા, તો એ અલિપ્ત એમ!! ૫૯.

વિશ્વરૂપ આ તાહરૂં, જોવા શક્તિ ન જાણ્;
અનંત પ્રલયાનલ સમું, ભાસે પ્રદીપ્ત માન. ૬૦.

વ્યાપી પૃથ્વી ગગનમાં, રહ્યો પૂર્ણ તું એમ;
મૂળ રૂપ ક્યાં તાહરૂં, દિસે ન ક્યાંએ તેમ! ૬૧.

અલ્પ મહાન બધું નકી, ભાસે તુજમાં જાણ;
જૂદુ ત્વદ્વિણ ના દિસે, એકાપ્રમેય[૨] માન! ૬૨.

શીરીતે વર્ણન મુખે, કરવું તારૂં એમ,
થાક્યા વેદ અનંત જ્યાં, સરસ્વતી પણ તેમ? ૬૩.

ચાલે જીભ ન સર્વથા, ઠરે ન દૃષ્ટિ જાણ;
માટે વિશ્વપતે હવે, વિશ્વરૂપ આ માન. ૬૪.

ફરી સમાવી સ્વાત્મમાં, મૂળ રૂપ જે તેમ;
દેખાડી અમને કરો, શાન્ત શ્રીપતિ એમ. ૬૫.

૧. પાછી ખેંચ ૨. શેષનારાયણ

નમીએ પદકંજે હરિ, તારો દીન અનાથ!
એમ કહી વંદે તિહાં, ભાવે સઘળાં સાથ. ૬૯.

**અ.૫૯**

ઈશ્વર પોતે આ નકી, દિશા કાળ ગિરિ જાણ;
સાગર ભૂમિ વ્યોમ ને, જલ વાતાનલ માન. ૭૧.

સ્થાવરજંગમમાં બધે, વ્યાપ્યો સઘળે એમ,
સર્વાન્તરયામી નકી, એક પરિપૂર્ણ તેમ. ૭૨.

સચ્ચિદ્રૂપે સર્વમાં, રહ્યો પ્રકાશી જાણ;
આનંદાત્મા એ અહા, એકાદ્વિતીય માન. ૭૩.

દેવાસુર કિન્નર તથા, યક્ષ ઉરગ પણ તેમ;
દાનવ રાક્ષસ સર્વથા, વિદ્યાધરાદિ એમ. ૭૪.

મનુષ્ય પશુપક્ષી અને, કીટ પતંગ પ્રમાણ,
જલચર ખેચર ભૂચરો, પ્રાણિમાત્ર સહુ જાણ. ૭૫.

રહે યદાશ્રયથી નકી, અજ અવ્યય જે ઈશ,
નરનારાયણ તેજ આ, સર્વાધ્યક્ષ ત્ર્યધીશ! ૭૬.

**નારાયણ :-** ૧/૨૧ ૦.૩.૩૮
**અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

હે વસંત! કામાદિ હે!, અપ્સરાદિક તેમ!
સ્ત્રીરત્ન આ ઉર્વશી, લઈ જાઓ સપ્રેમ. ૭૮.

અર્પો જઈ દેવેન્દ્રને, સુખભોગાર્થે એહ;
કથ્યું જ્ઞાન જે મેં અહીં, રાખી સ્મરણે તેહ. ૭૯.

વર્તો એ માર્ગે સદા, થાશો કૃતાર્થ તેમ,
ભૂતમાત્ર મમ અંશ આ, જાણી ચિત્તે એમ. ૮૦.

અંશશબ્દ કલ્પિત નકી, વ્યોમ અંશવત્ તેહ;
અંશ અંશીભાવ ના, મુજમાં યથાર્થ એહ. ૮૧.

કરવા અજ્ઞાની તણું, સમાધાન એ તેમ;
યોજે મુજમાં સર્વથા, અખંડ હું તો એમ. ૮૨.

પ્રાણિમાત્રમાં માહરી, વ્યાપ્તિ પૂર્ણ અભંગ;
વાસુદેવ મુજને કહે, તેથી જ્ઞાની અસંગ! ૮૩.

વસી સર્વમાં સર્વને, કરૂં પ્રકાશિત તેમ,
જાણે વિરલા યોગીઓ, અનુભવજ્ઞાને એમ. ૮૪.

આત્મરૂપથી આ કંઈ, બીજું પર ના જાણ;
એકજ સઘળે વિસ્તર્યું, અનધિનંત પ્રમાણ. ૮૫.

રાખી નિષ્ઠા એહમાં, ધ્યાય નિરંતર જેહ;
તરે ભવાર્ણવ શીઘ્ર એ, એમાં ના સંદેહ. ૮૬.

પ્રાણિમાત્ર આ વિશ્વમાં, સુર કિન્નર નરનાર;
વ્યક્તાવ્યક્ત બધાં થયાં, એજ દેવથી સાર. ૮૭.

વાસુદેવ ભગવાન એ, વ્યાપક સઘળે એમ;
જાણી સ્વરૂપ માહરૂં, અનન્ય ભાવે તેમ. ૮૮.

ભજતાં ભ્રાન્તિ ક્યાં રહે?, ટળે મૂળ અજ્ઞાન;
ભેદ ખેદ નાસે સહુ, પામે નર નિર્વાણ. ૮૯.

**દેવો :-** ૧/૨૨ ૦.૪.૪૦
**અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

હે પુરુષોત્તમ હે વિભો!, કરો ક્ષમા અપરાધ;
વંદન તુજને ભાવથી, કરીએ જગના તાત! ૯૫.

ભક્તચિત્તવિશ્રામ હે!, યોગિજનોના ઈશ!
પુનઃ પુનઃ ત્વચ્ચરણમાં, નમીએ ભાવે ત્રીશ!! ૯૬.

સર્વ નિયામક અંતરે, વસે તેહને તેમ;
ચિંતી ભાવે સર્વ જણ, થઈએ સુમુક્ત એમ. ૯૮.

પ્રાણિમાત્રમાં એક એ, અખંડ દેવ સુજાણ,
દેખે તેને અન્યના, દિસે ન દોષો માન. ૯૯.

આત્મરૂપ સઘળું અહા, જોતાં જ્ઞાને તેમ,
માયા ભ્રમમાં શે પડે, લોભમોહથી એમ? ૧૦૦.

એક હરિ વિણ ક્યાંય ના, વસ્તુ બીજી જાણ;
વેરભાવ કોથી કદિ, રાખે કેમ સુજાણ? ૧૦૧.

વાસુદેવમય સર્વ આ, નારાયણ પણ એજ;
ઠાલું ઠામ ન એ વિના, દુર્ધર એનું તેજ !! ૧૦૨.

વિશ્વરૂપ એ શ્રીપતિ, એકાનેક પ્રમાણ;
રહ્યો સ્વયં વ્યાપી બધે, જગન્નાટકી માન. ૧૦૩.

**અ.૬૦**
**દેવોઃ-**

મૂકી માથું ચરણમાં, જોડી બન્ને હાથ;
બોલે ગદ્‌ગદ્ કંઠથીઃ-, હે વિશ્વંભર નાથ! ૨૬.

નારાયણ કરુણા કરી, કરો ક્ષમા અપરાધ;
શંખ ચક્ર ગદા અને, પદ્માંકિત સાક્ષાત. ૨૭.

હે પુરુષોત્તમ નરહરે!, મેઘશ્યામ મુકુંદ!
સર્જે પાળે સંહરે, તું સચ્ચિત્સુખકંદ. ૨૮.

લીલા તારી આ નકી, તોએ કૃપા નિધાન!
ભૃગુઋષિની આત્મજા[1], જગન્માત જે જાણ. ૨૯.

જન્મી જગવિખ્યાત એ, ખ્યાતિ ઉદરે તેમ;
ગુણસરિતા લક્ષ્મી અહા, પુણ્યનામ એ એમ. ૩૦.

થાવા પ્રાપ્તિ તાહરી, કરે તપસ્યા જાણ;
સહસ્રાબ્દ વીતી ગયાં, તપતાં એમ સુજાણ. ૩૧.

હાડચામ બાકી રહ્યાં, થયો ક્ષીણ સહુ દેહ;
ધ્યાતાં તુજને શ્રી હરે!, થઈ શ્રમિત બહુ એહ. ૩૨.

માટે કૃપા કરી પ્રભો, ભૃગુક્ષેત્ર જઈ એમ,
આપી દર્શન એહને, કર કૃતાર્થ વિભુ તેમ. ૩૩.

**અ.૬૦** ૧/૨૩ ૦.૪.૦૮
**શ્રી હરિ :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

જોઈ અનન્ય ભાવ એ, બોલે શ્રીપતિ તેમઃ-
વિશ્વરૂપનું માહરા, નિષ્ઠા રાખી એમ. ૪૬.

પૂજન જે કોઈ કરે, તેને નિશ્ચય જાણ,
આપી સઘળું સૌખ્ય હું, તારૂં અંતે માન. ૪૭.

સર્વ ધર્મનું મૂળ જે, બ્રહ્મચર્ય તપ તેમ;
પાળ્યું યથાર્થ મેં નકી, વિમલ હું સદા એમ. ૪૮.

મૂળ બ્રહ્મ હું શ્રીપતિ, બ્રાહ્મી શ્રી આ જાણ;
લક્ષ્મીનામે અવતરી, કરે તપસ્યા માન. ૪૯.

બ્રહ્મચર્ય પાળી સદા, માટે એને એમ;
જે કોઈ પૂજે તથા, ધ્યાય હૃદયમાં તેમ. ૫૦.

હરી પાપ તેનાં સહુ, લક્ષ્મી પોતે એહ,
અંતે મત્સાયુજયની, પ્રાપ્તિ કરાવે તેહ. ૫૧.

સુણી વચન લક્ષ્મી તિહાં, વિનવે જોડી હાથઃ-
વિશ્વમૂર્તિ વરદાન જે, આપ્યું તેં સાક્ષાત્. ૫૨.

કરી લગ્ન મુજસહ હરે!, કર સાર્થક તે એમ,
એમ કહી વંદન કરે!!, વદે શ્રીહરિ તેમઃ- ૫૩.

દેવી તેં તપ આચરી, મુજને અહિયાં જાણ
બોલાવ્યો તેથી નકી, નામ તાહરૂં માન. ૫૪.

દેવી નારાયણગિરા, થાશે પ્રસિદ્ધ એમ;
મારૂં પણ ત્વત્સહ તથા, નારાયણગિરિ તેમ. ૫૫.

સ્મરશે જે કો ભાવથી, તેનું ગિરિસમ પાપ
કરી દગ્ધ હું તેહને, કરીશ નિઃસંતાપ! ૫૬.

સર્વ પદાર્થો ગિરિ તણા, રહે આશ્રયે જેમ;
તેમ અખિલ બ્રહ્માંડ આ, મદાશ્રયે રે' એમ. ૫૭.

શ્રી નારાયણગિરિ તથા, નામ માહરૂં જાણ,
હે લક્ષ્મી તુજ સહ નકી, વરદ સર્વથા માન. ૫૮.

બાળી પાતક ગિરિ સમાં, આપું ઈપ્સિત એમ!
એમ કહી આનંદથી, નારાયણ એ તેમ. ૫૯.

**અ.૬૮** ૧/૨૪ ૦.૧.૨૫
**માધવારણ્ય મુનિ :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

જય જય જગદ્‌ગુરો પ્રભો!, જય લીલાનરદેહ!
ત્રયમૂર્તિ અવતાર તું, જ્યોતિ પરમ સુદેહ. ૧૦૨.

તારક વિશ્વે એક તું, ધર્યો ધન્ય અવતાર;
કર્યાકૃતાર્થ આપી પ્રભો, દર્શન દુઃખકુઠાર. ૧૦૩.

લોકદષ્ટિથી નરવપુ, કેવળ પરમ પુરુષ;
કર અપરાધ ક્ષમા પ્રભો, મા કર મનમાં રુષ્. ૧૦૪.

**અ.૬૮** ૧/૨૫ ૦.૩.૩૭
**સાયંદેવ :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

દર્શન આપી દાસને, કર્યો કૃતાર્થ આ દીન;
ધન્ય અદ્ય હું ધન્યતર!, ઊગ્યો સુવર્ણદિન!! ૧૫૧.

વિશ્વતારક તું નકી, આપ્યું પુણ્યદર્શન;
દોષો જન્મોજન્મના, ગયા થયો પાવન. ૧૫૨.

થતાં અનુગ્રહ તાહરો, થાય સુખે ભવપાર,
ચિંતા દુઃખ મટે સહુ, જય જય તારણહાર. ૧૫૩.

કંઈક જન્મ તપ જો કરે, સ્વપ્ને થાય દર્શન;
તે પદ આજે દેખીયા, વિના સ્વામી પ્રયત્ન. ૧૫૪.

ગંગા પાપ હરે શશી, તાપ કલ્પતરુ દૈન્ય,
ગુરુદર્શન ક્ષણમાં હરે, પાપ તાપ ને દૈન્ય. ૧૫૫.

૧. કન્યા

સ્નાન થકી ગંગા હરે, પાપ ચંદ્ર નિશિ તાપ;
કલ્પવૃક્ષ જો આંગણે, હરે દૈન્ય માબાપ! ૧૫૬.

ત્વદર્શન એવું નહીં;, હરે પલકમાં સર્વ;
ચતુર્વર્ગફલપ્રદ પ્રભો, પાવન પદ તુજ શર્વ!! ૧૫૭.

**અ.૬૯**
**સાયંદેવ :-**

જય જય શ્રી સદ્ગુરુ નમું, અજ્ઞદષ્ટિ નિવાર;
માયાથી નર દિસતો, ધન્ય ત્રિમૂર્ત્યવતાર! ૧૦.

કો જાણે તવ પાર જ્યાં, સ્વયં વેદ પણ મૂક?
મુનિ સનકાદિક નિત રટે, શમી ન તો એ ભૂખ! ૧૧.

વિશ્વવ્યાપક શ્રીગુરુ, બ્રહ્માહરિહર એક;
ભક્તોદ્ધારમિષે ધર્યો, યતિવર માનુષભેખ! ૧૨.

મહિમા વર્ણન કો કરે!, શક્તિ નહીં મુજ લેશ;
યાંચા[1] એક ઉરે વસે, સાંભળ ભો પરમેશ. ૧૩.

મદ્વંશે જે જાય તે, થજો ભક્ત તુજ ઈશ;
પુત્ર પૌત્ર સુખ ભોગવી, અંતે મુક્ત ત્રીશ! ૧૪.

**અ.૭૦** ૧/૨૬ ૦.૨.૨૭
**દ્વિજ :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

મૂકી પગ પર શિર કહેઃ-, તાર તાર ગુરુનાથ;
ડૂબ્યો અજ્ઞાનાબ્ધિમાં, ઝાલ ઝાલ ગુરુ હાથ! ૧૫.

તપ દુસ્તર બહુ આચર્યો, થયું ચિત્ત નવ સ્થિર;
સત્પંથ ન સાંપડ્યો, જાણ્યું ન તત્ત્વ લગીર. ૧૬.

જ્ઞાનવિના તપ કષ્ટ છે, વ્યર્થ દેહદમન;
ત્વદ્દર્શનથી ગુરુવરા, થયું હૃષ્ટ મમ મન. ૧૭.

મનઅસ્થિરતા કાં રહી!, કારણ કંઈ ન કળાય;
ગુરુસેવા બહુકાળ ના, કરી પ્રભો મેં હાય! ૧૮.

તેનું ફળ શું આ હશે?, ઠરે ન ચિત્ત લગીર;
વિશ્વતારક દેવ તું, કર ઉપદેશ સુધીર! ૧૯.

તવ ઉપદેશ થકી નકી, થશે જ્ઞાન સત્વર;
સદ્ગુરુ શરણે લે મુને, કર શાસન મુનિવર!! ૨૦.

જગદ્ગુરો! તુજની થતાં, કૃપા રહે કયાં પાપ?
અંધકાર ક્યાં રહે પ્રભો, થતાં ઉદિત દિનબાપ? ૧૯૮.

**અ.૭૩** ૧/૨૭ ૦.૨.૦૮
**ખેડૂત :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

કરજોડી સ્તુતિ આદરે, કહે કૃષીવલ એહ;
વહે પ્રેમજલ નયનથી, રોમાંચિત નતદેહ! ૬૩.

ભો ગિરિજાપતિ સ્વામિ હે!, ત્રિમૂર્તિ તું કેવળ;
નવ જાણું તવ રૂપ હું, અંતર વાધ્યો મળ. ૬૪.

કૃપાનિધે, કરુણા કરી, કર મુજનો ઉદ્ધાર;
ડૂબ્યો હું ભવસાગરે, માયાવેષ્ટિત બાળ. ૬૫.

જગદુદ્ધારક તું પ્રભો, થયો ભૂ વિષે તીર્ણ;
અજ્ઞાનાંધ જગત્ બધું, જ્યોતિરૂપ તું કીર્ણ! ૬૬.

જે કો ત્વદ્દર્શન લભે, લભે સર્વ અભીષ્ટ;
ઐહિકામુષ્મિક સહુ, પામે ક્ષણમાં ઈષ્ટ. ૬૭.

એવી રીતે ભાવથી, કરે સ્તુતિ પવિત્ર,
ગંગાનુજ એ ગુરુ તણી, થયા તુષ્ટ ગુરુ ચિત્ર! ૬૮.

**અ.૭૫** ૧/૨૮ ૦.૨.૦૮
**બ્રાહ્મણ દંપતી :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

પ્રણતકાય કરે સ્તુતિ, જયજયકાર સુધન્ય
કહેઃ- ગુરુ કો તુજ લહે, મહિમા નિગમઅગમ્ય? ૮૬.

વિધિહરિહર મૂર્તિ અહા, શોભે મનુજાકાર!
પ્રણતતાપ સહુ સંહરી, કરે ભક્ત ભવપાર. ૮૭.

ભાવગમ્ય ભગવાન તું, વિશ્વતારક દેવ;
અખંડ કીર્તિ તાહરી, કરે ત્રિલોક સેવ. ૮૮.

કરી પરિક્ષા ભાવની, આપે તત્સમ ફળ;
કર ક્ષમા અમને પ્રભો!, લીલા તારી અકળ!! ૮૯.

બાળક ક્રોધે માતને, કહે ક્રૂર વચન;
ત્વન્માયાહતધી અમે, બોલ્યા અનુચિત વણ[2]. ૯૦.

સર્વ ક્ષમા કરી શરણમાં, લે અમને ભો ત્રીશ!
સૂઝે નહિ શું બોલવું;, જાણે તું સહુ ધીશ!! ૯૧.

**અ.૭૬** ૧/૨૯ ૦.૧.૩૮
**નિરંજન :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

જય યોગીશ્વર અલખ તું, ભવભયહારક દેવ;
તમોધ્વાંતજ્યોતિ નમું, કરું અહર્નિશ સેવ. ૨.



૧. યાચના, વિનંતી ૨. વેણ

તુજ ચરણ સ્પર્શે કરી, થયું જ્ઞાન અદ્ભૂત;
પરમાર્થોદય મુજ હ્રદે;, ટળ્યું સંસૃતિભૂત! ૩.

તારક કેવળ તું પ્રભુ, પરમ પુરુષ એક;
જ્ઞાનદીપ પ્રગટાવીને, કર્યો ઉદિત વિવેક. ૪.

કામધેનુ સમ ગુરુકથા, કથ્યો સકળ વિસ્તાર;
તોએ મન આ તૃપ્ત ના, ઈચ્છે અધિક વિચાર. ૫.

**અ.૭૭** **૧/૩૦ ૦.૪.૦૮**

**ગાણગાપુરનો ભૂપ :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

જય જયકાર કરે તિહાં, જોડી બંને હાથ;
કહેઃ- જગદ્‌ગુરુ તું પ્રભો, તારક ત્રિલોકીનાથ! ૧૭.

બ્રહ્માહરિહરરૂપ તું, ત્રિગુણાતીત મહેશ;
મહિમા અપાર તાહરો, વર્ણી શકું ન લેશ! ૧૮.

માયાવેષ્ટિત મંદધી, પામર હું અજ્ઞાન;
જગજ્યોતિ ના ઓળખું, તુજને મૂઢ અજાણ. ૧૯.

સંસારાર્ણવમાં પડ્યો, ગહન અવિદ્યા માંહ્ય;
કામાદિક નક્રે ગ્રસ્યો, તાર તાર યતિરાય! ૨૦.

તુંજ વિશ્વકર્તા પ્રભો, ગ્રહ્યા ચરણ તુજ તેમ;
મા ઉપેક્ષા કર વિભો, અજ્ઞ બાળ હું એમ. ૨૧.

ઈચ્છા માત્રે સર્જીને, પાળે વિશ્વ સકળ;
સંહારે લીલા થકી, અજ અક્ષય તું હર. ૨૨.

અજ્ઞદષ્ટિએ નર દિસે, નારાયણ તું તાત!
મહિમા તારો મૂઢ હું, કેમ વર્ણવું નાથ? ૨૩.

વ્યોમકેશ ચિન્માત્ર તું, જગદ્‌ગુરુ સાક્ષાત;
વંદુ તુજને ભાવથી, પુનઃ પુનઃ હે તાત ! ૨૪.

કર જોડી પાર્થિવ વદે, વિનયનમ્રઃ- હે નાથ!
શો વનવાસ તને વિભો?, જગતારક તું તાત! ૨૮.

નારાયણ નરસિંહ તું, ભક્ત તારવા આમ
થયો અવતીર્ણ હરે અહીં, સદા પર્યાપ્ત કામ! ૨૯.

ભક્તેચ્છા સમ વર્તીને, કરે ભક્ત સંતુષ્ટ;
વેદપુરાણો ભાટ થઈ, ગાય કીર્તિ તુજ હ્રષ્ટ. ૩૦.

ભક્તવત્સલ હે પ્રભો!, કીર્તિ તારી અગાધ;
એક વિનંતી માહરી, કર માન્ય જગતાત! ૩૧.

ગાણગાપુર સ્થાન આ, કર પાવન યતિરાય,
અનુષ્ઠાન કર ત્યાં સુખે, રહી ગામની માંહ્ય. ૩૨.

મઠ બાંધી આપું તને, ઉધ્ધર અમને દેવ
એમ કહી ગુરુપદ મહીં, પડ્યો ભૂપ તતખેવ. ૩૩.

**બ્રહ્મ રાક્ષસ :-** **૧/૩૧ ૦.૧.૨૩**

**અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

પડી ચરણમાં પ્રાર્થના, કરે જોડીને હાથ;
કર ઉદ્ધાર કૃપાલુ હે, પાપી હું તું નાથ! ૪૮.

અંધકારમાં ઘોર આ, ડૂબું હું દુસ્તર;
કરી કૃપા મુજ દીન પર, કાઢ બ્હાર ગુરુવર! ૪૯.

દર્શન માત્રે તાહરા, થયા દોષ સહુ નષ્ટ;
કૃપા થતાં તારી હવે, રે'શે કાંઈ ન કષ્ટ. ૫૦.

**અ.૭૮** **૧/૩૨ ૦.૭.૫૧**

**ત્રિવિક્રમ ભારતી :-** **અમીત પ્રજાપતી, જાનકી જોષી, અમી ઠાકોર**

થયું નષ્ટ અભિમાન ને, વહે અશ્રુની ધાર;
વિનયનમ્ર ગદ્‌ગદ્‌ગિરા, વદેઃ- ત્રિમૂર્તે તાર! ૨૨.

બ્રહ્માહરિહરરૂપ તું, જગદ્‌ગુરુ સાક્ષાત;
માયાવેષ્ટિત જંતુ હું, કેમ ઓળખું તાત? ૨૩.

ના જાણું તુજ રૂપ હું, કરી કૃપા ગુરુ એમ;
દેખાડી નિજ રૂપને, કર કૃતાર્થ વિભુ તેમ. ૨૪.

ચર્મચક્ષુ આ શું લહે, તારું અદ્‌ભુત રૂપ?
કર કરુણા કરુણાનિધે!, શોષ ભ્રાન્તિ નો કુપ. ૨૫.

કર ક્ષમા ગુરુનાથ હે!, હું અપરાધી બાળ;
જાણ્યું મેં નિશ્ચિત હવે, ના તુજ વિણ આધાર. ૨૬.

નૃસિંહમૂર્તિ તું સ્વયં, વ્યાપક સઘળે નાથ;
થયો યતીશ્વર ભક્તને, કાજે તું શ્રુતિતાત. ૨૭.

નૃસિંહસરસ્વતી ધન્ય તું, સર્વે આ યતિરૂપ,
દેખાડ્યા, કોને નમું?, કેમ વિલોકે ચૂપ? ૨૮.

કોને મુખ દેખાડું આ?, તું જ માત તું તાત;
તુંજ ત્રિમૂર્તિ અન્ય ના, દે દર્શન સાક્ષાત્. ૨૯.

કીધું તપ બહુ દિવસ મેં, માનસાર્ચને તેમ,
પૂજ્યા દેવ નૃસિંહ જે, ફળ્યું આજ આ એમ. ૩૦.

દેખી મૂર્તિ તાહરી, વિશ્વતાર સાક્ષાત્;
થયો અવતીર્ણ ભૂતલે, યતિવર તું વિખ્યાત. ૩૧.

અમને ઉદ્ધરવા વિભો, એમાં ના સંદેહ;
ચિન્મય મુખ તારૂં પ્રભો, કર પ્રગટ નરદેહ. ૩૨.

ભો જગદીશ્વર, શું કહું?, પામર હું અજ્ઞાન;
ડુબું અવિદ્યાપંક માં, યાચું માફીદાન. ૪૧.

વિશ્વ તારક તું વિભો, નકી ત્રિમૂર્ત્યવતાર;
માયાયંત્રે જગબધું, તુંજ નચાવે તાર. ૪૨.

ડૂબું માયાર્ણવ મહીં, અજ્ઞાનાવૃત દીન;
મોહાન્ધ્યે વ્યાપૃત અહા, દિવાભીતવત્[1] હીન! ૪૩.

પારમાર્થિક રૂપ જે, તારૂં તેજઃપુંજ;
ના જાણી રવડું બધે, માની કોટર[2] કુંજ. ૪૪.

પૂર્વ પુણ્યથી આજ તું, મળ્યો જ્યોતિઃસ્વરૂપ,
અજ્ઞાનાન્ધ્ય નિવારીને, કર પ્રકાશ સુખરૂપ. ૪૫.

કર અપરાધ ક્ષમા પ્રભો, લે ઉદ્ધારી દાસ;
દેવરાજ પ્રણમું તુંને, હર દુસ્તર ભવત્રાસ. ૪૬.

પડ્યો અવિદ્યાર્ણવ મહીં, ભમું અહર્નિશ ત્યાંય,
પૂર્વકર્મમોજાં થકી, દિસે પાર[3] ના ક્યાંય. ૪૭.

થાગ ન લાગે જળ તણો, ના આલંબ સહાય,
ત્વદ્વિણ, સ્વામિન્ કર કૃપા, અર્પી ચરણે કાય! ૪૮.

જ્ઞાનનાવમાં નિજ કરે, બેસાડી પર પાર,
જા લઈ નિજ સ્થાનમાં, પ્રેરી કૃપાનિલ[4] સાર. ૪૯.

વર્ષે જેના પર અહા, તારી કૃપા અગાધ,
દુઃખ દોષ ક્યાંથી નડે, તેને એ કમજાત? ૫૦.

જીતી એ કલિકાલને, થાય સ્વયં ત્વદ્રૂપ;
જન્મમરણ એને નહીં, એ તો અમર અરૂપ. ૫૧.

કૃષ્ણે અર્જુનને પુરા વિશ્વરૂપ સુધન્ય,
દેખાડ્યું, ત્યમ આજ તેં, મુજને દેવ અનન્ય. ૫૨.

દેખાડી નિજ રૂપ આ, કીધો કૃતાર્થ નાથ;
ભક્ત વત્સલ શ્રીગુરો!, પ્રણમું જોડી હાથ. ૫૩.

મહિમા કો તારો લહે?, નેતિ નેતિ શ્રુતિ ગાય!
જય જય જગદ્ગુરો નમું, સ્મરણે ભવ ભય જાય.૫૪.

બ્રહ્મા હરિહર રૂપ તું, નૃસિંહસરસ્વતી દેવ;
ત્વત્પદદર્શનથી થયો, કૃતાર્થ હું તતખેવ. ૫૫.

અનાયાસથી ભેદહર, ચિંતામણી સમ ધન્ય;
મળ્યો શ્રીગુરો તું મુને;, લાગું પાય અનન્ય. ૫૬.

વિદુરગેહ શ્રીહરિ ગયા, વિણ બોલાવ્યે જેમ,
ભક્તવત્સલ તું ગુરો, આવ્યો મદ્ગૃહ તેમ. ૫૭.

રીઝયો સેવા વિણ અહા!, શું બોલું ગુરુનાથ?
અનન્ત મહિમા તાહરો, કેમ વર્ણવું તાત? ૫૮.

**અ.૭૯ ૧/૩૩ ૦.૧.૩૮ અમી ઠાકોર**

**નિરંજન :-**

કહે નિરંજનઃ- જય ગુરો!, અલખ યોગિવર ધન્ય;
થયો સુનિશ્ચય અંતરે, ત્વત્સમ કોઈ ન અન્ય. ૧.

ગુરુશિરોમણી તું નકી, જ્ઞાનદ પરમ પવિત્ર;
કીધો પાવન દાસને, કહી કથાનક ચિત્ર. ૨.

સર્વેશ્વર સદ્ગુરુ અહા, કૃપામ્બુધિ સાક્ષાત્;
થયો અવતીર્ણ ભૂતલે, કાર્યકારણે તાત. ૩.

બીજાને નરવત્ દિસે, જ્ઞાનીને પ્રત્યક્ષ;
નિંદે પામર મૂઢધી, જાય શરણ જે દક્ષ. ૪.

**ત્રિવિક્રમ ભારતી :- ૧/૩૪ ૦.૧.૫૩ અમી ઠાકોર**

કહેઃ- કૃપાલો! તું નકી, વ્યોમકેશ સાક્ષાત્;
આદિ પુરુષ! જય જય ગુરો, ભક્ત વરદ હે તાત!! ૭૫.

ભવાબ્ધિ તારક ઈશ તું, મૃત્યુંજય વિશ્વેશ;
ના જાણે તે નિશ્ચયે, પડે અધોધઃ[5] કેશ[6]. ૭૬.

**અ.૮૩**

**રાક્ષસ :-**

ત્રાહિ ત્રાહિ ગુરુશ્રેષ્ઠ હે!, તું ઈશ્વર સાક્ષાત;
પડ્યો ઘોર સંસારમાં, તાર મુનીશ્વર તાત! ૨૧.

તું દાતા હું દીન છું, તું જગદીશ મહેશ;
કૃપામ્બુધે! કરુણા કરી, ઉદ્ધર મુજને મેશ[7]. ૨૨.

દર્શનમાત્રે માહરાં, થયાં પાપ સહુ નષ્ટ;
જગદ્ગુરો! પાવન કર્યું, ચિત્ત માહરૂં દુષ્ટ. ૨૩.



૧. ઘુવડની માફક ૨. ઝાડની બખોલ ૩. કાંઠો, કિનારો ૪. કૃપા વાયુ ૫. નીચે ને નીચે ૬. બ્રહ્મ સ્વરૂપ ૭. માયાના પ્રેરક

**અ.૮૪ ૧/૩૫ ૦.૨.૨૪ અમી ઠાકોર**

**નિરંજન :-**

જય યોગીશ્વર અલખ હે, તું ભવતારક દેવ;
ધ્વાંતાજ્ઞાન હરે અહા, જ્યોતિરૂપ તતખેવ. ૨.

અપાર અવિદ્યાસાગરે, ડૂબ્યો'તો હું નાથ;
કાઢ્યો ત્યાંથી તેં કૃપા, કરી ક્ષણ મહીં તાત. ૩.

દેખાડ્યો નિજ પંથ તેં, પામ્યો હું પરમાર્થ;
વિશ્વત્રાતા તું નકી, જગદ્‌ગુરુ સાક્ષાત. ૪.

શ્રીગુરુલીલામૃત સુખે, પીધું તોએ ચિત્ત,
થાય તૃપ્ત ના આ હજી;, વધે પિપાસા અમિત. ૫.

વળે ન ગુરુ ઉપકાર એ, તારો અનંત નાથ;
સેવા વંશપરંપરા, કરૂં તોય હે તાત! ૬.

દેખાડ્યું કરુણાનિધે, કૃપા કરી નિજરૂપ;
કથી કથા અભિનવ અહા, પુરાતની નવરૂપ! ૭.

પતિત મુખે વેદો સહુ, બોલાવીને તેમ,
ગર્વ ઉતારી વિપ્રનો, તાર્યો યતિવર એમ. ૮.

**અ.૮૬ ૧/૩૬ ૦.૪.૨૨ અમી ઠાકોર**

**સાવિત્રી :-**

જય યોગેશ્વર તું પિતા, બંધુ સહોદર દેવ;
માતા તું કરુણાનિધે, હર્યો શોક તતખેવ. ૬૩.

**અ.૮૬**

**સાવિત્રી-દત્ત :-**

કહે દંપતીઃ- પાપીઓ, અમે દોષની ખાણ;
મળ્યો જન્મ અનુરૂપ આ, સ્વામી પાપસમ જાણ.૧૬૨.

કરી પાપ દુર્બુદ્ધિથી, અહીંયાં પણ હા હન્ત,
પડ્યાં આમ દુઃખાર્ણવે, ભૂલ્યાં ત્વત્પદપંથ! ૧૬૩.

જીવમાત્રનો તું નકી, ત્રાતા શિવ શંકર;
શરણાગતવરપ્રદ પ્રભો, ખ્યાતિ તારી અચલ. ૧૬૪.

સચ્ચિદઆનંદરૂપ તું, જગદ્‌ગુરુ સાક્ષાત;
તાર તાર ત્રિમૂર્તિ હે, હે કરુણાકર તાત! ૧૬૫.

રક્ષ પરાત્પર હે વિભો!, રક્ષ વિશ્વકૃત્ નાથ;
ભક્તાભીષ્ટદ સ્વામી હે, રક્ષ રક્ષ જગતાત! ૧૬૬.

જય ગુરુમૂર્તે પશુપતિ, તું જ જટાધર ઈશ;
ભક્તજનોને તારવા, ધર્યો નરદેહ ત્રીશ! ૧૬૭.

રક્ષે તું નિજ ભક્તને, કરી સંકટો દૂર;
ત્રાહિ દેવશિરોમણે, પિનાકપાણે[1] શૂર! ૧૬૮.

સર્વભૂતનિવાસ તું, વાસુદેવ સાક્ષાત્;
માયાપતિ જાણ્યો તને, નમીએ તુજને તાત! ૧૬૯.

સ્વેચ્છાથી સૃષ્ટિ રચે, તું જ વિશ્વકૃત્ ઈશ;
જ્ઞાનરૂપ અગમ્ય તું, જાણ્યો તુજને ત્રીશ. ૧૭૦.

લીલા ત્રિભુવન તાહરી, મૂક્યું ત્વત્પદ શીર્ષ;
ઈચ્છા બીજી ના કશી, હર પુનર્ભવ ધીશ! ૧૭૧.

ના સુણે ત્વદ્વચન જે, થાય તેહ પર ક્રુદ્ધ;
દીઠો શાન્ત અમે તને, નિરાવરણ પ્રબુદ્ધ. ૧૭૨.

માયિક ક્રોધ તને નહીં, તું આનંદ સ્વરૂપ;
ભાસે નાનાત્મક અહા, ભક્તાર્થે તદ્રૂપ. ૧૭૩.

જીવ માત્ર પર તાહરી, વરસે કૃપા સદાય;
આપે સુખ શરણાપ્તને, અત્ર પરત્ર નૃકાય! ૧૭૪.

તું ચિન્મય કરુણાનિધે, રીઝે તું તતખેવ;
કર અપરાધ ક્ષમા પ્રભો, નૃસિંહસરસ્વતી દેવ!! ૧૭૫.

**અ.૮૯ ૧/૩૭ ૦.૨.૩૮ જયદીપ ચાવડા**

**ચંદ્રાંગદ રાજકુમાર :- (શિવસ્તુતિ)**

રાજપુત્ર બોલે તદા, થઈ હર્ષ નિર્ભરઃ-
દેવ અમારો પશુપતિ, શરણદ શિવ શંકર. ૧૩૯.

સર્વ દેવનો દેવ જે, નામ સદાશિવ જાણ;
યદ્વામાંગે પાર્વતી, ભજીએ તે શિવ માન. ૧૪૦.

યત્તેજે બ્રહ્મા થયો, સર્જે રજથી જગ;
દેવ સદાશિવ એ નકી, ભજીએ નિત્ય અનઘ[2]. ૧૪૧.

લોકપાલ વિષ્ણુ થયો, યત્સત્ત્વાંશે જાણ;
ભજીએ તે શિવને નકી, નિત્ય પ્રેમથી માન. ૧૪૨.

રુદ્રો એકાદશ થયા, યત્તામોંશે તેમ,
સંહારે જગને તથા, ભજીએ તે શિવ એમ. ૧૪૩.

પંચભૂત વ્યાપી વધ્યો, વિરાટરૂપ જે જાણ;
સર્જે ઈચ્છા માત્રાથી, ભજીએ તે શિવ માન. ૧૪૪.

૧. મહાદેવ ૨. નિષ્પાપ

સર્વભૂતાસ્પૃષ્ટ જે, અજ ચિન્મય નિર્મલ,
અરૂપ અચિંતન સદા, ભજીએ તે શિવ વર.[1] ૧૪૫.

શેષતક્ષક યત્કુંડલો, શાસ્ત્રયોનિ જે ધન્ય;
ચંદ્રમૌલિ ત્રિનેત્ર એ, ભજીએ શિવ અનન્ય! ૧૪૬.

**અ.૯૩ ૧/૩૮ ૦.૦૧.૦૧ જયદીપ ચાવડા**

**ગંગા (પતિવ્રતાસ્ત્રી) :-**

જય જય વિશ્વેશ્વર નમું, બ્રહ્માહરિહરરૂપ!
થતા અનુગ્રહ તાહરો, ફર્યું માહરૂં રૂપ!! ૧૩૩.

અજ અવ્યય તું નિશ્ચયે;, ભક્તાર્થે પણ આમ,
થયો અવતીર્ણ ભૂતલે, કરૂં અનન્ય પ્રણામ. ૧૩૪.

અમિતપરાક્રમ હે વિભો!, અનાથનો તું નાથ,
મહિમા તારો કો લહે?, કેમ વર્ણવું તાત? ૧૩૫.

**અ.૯૫ ૧/૩૯ ૦.૦૮.૦૭ જયદીપ ચાવડા**

**સાયંદેવ :-**

જોડી કર એકાગ્રમન, કરે સ્તવન નત ત્યાંય;
બ્રહ્માહરિહર શ્રીગુરો, એક રૂપ તું આંહ્ય. ૧૫.

જન્મ સફળ મારો થયો, પિતર કૃતાર્થ સુહૃષ્ટ;
ત્વચ્ચરણસ્પર્શે થયું, કોટીજન્માંઘ નષ્ટ. ૧૬.

જય પરાત્મન્ જય નમું, જગજ્યોતિસાક્ષાત્!
જય નરસિંહસરસ્વતી!, જય કરુણાકર તાત!! ૧૭.

મહિમા ત્વત્પાદાબ્જનો, શકું ન વર્ણવી નાથ;
ભક્તવત્સલ હે વિભો, જોડું કેવળ હાથ! ૧૮.

ત્વચ્ચરણે તીર્થો સહુ, ત્વદ્વિણ દેવ ન આન;
ચરણં પવિત્રં... શ્રુતિ કહે;, આ પ્રત્યક્ષ પ્રમાણ! ૧૯.

ત્રિમૂર્ત્યવતાર તું નકી;, ભાસે નરવત્ તેમ,
મૂઢદષ્ટિથી તો ભલે, જોઉં હું તો એમ! ૨૦.

બ્રહ્મદેવ તું નિશ્ચયે, સુધાકમંડલુહસ્ત;
યત્સ્પર્શે મૃત જીવતો, થઈ ફરે રસમસ્ત.[2] ૨૧.

વિષ્ણુ દંડધર તેમ તું, શરણાગત રક્ષક;
દૈન્ય નિવારી ભક્તનાં, સંહારે અઘ અક. ૨૨.

ભસ્મરુદ્રાક્ષધર તથા, શંકર ત્રિનેત્ર તેમ,
બાળે ક્રૂર દષ્ટિથી, ત્રિતાપપુર તું એમ. ૨૩.

ચતુર્વર્ગ નિજભક્તને, દે નૃસિંહ સપ્રેમ;
રુદ્ર સંસૃતિરોગહૃત, જગદ્ગુરો તું એમ. ૨૪.

ક્ષમાશાન્ત્યાદિલક્ષણે, તું શ્રીહરિ સાક્ષાત્!
ભક્તકામધુક્ ત્વત્પદે, તીર્થ સકળ, હે તાત! ૨૫.

આણ્યાં પલ્લવ કાષ્ઠને, દોહી વંધ્યા ભેંસ;
દીધા સુત વંધ્યોદરે;, તું નિઃશંક મહેશ! ૨૬.

અન્નપૂર્ણા તવ સંનિધે!!, વિષ્ણુરૂપ તું આંહ્ય;
કરવા પ્રગટ રહસ્ય એ, દેખાડયું શુભ ત્યાંય. ૨૭.

મુનિ ત્રિવિક્રમને તથા, વિશ્વરૂપ તેં એમ;
બોલાવ્યા વેદો અહા, અંત્યજમુખથી તેમ!! ૨૮.

અપાર મહિમા તાહરો, તું ત્રિમૂર્તિ સાક્ષાત્!
ભક્તકારણે અવતર્યો, કૃપા કેટલી તાત!! ૨૯.

**૧/૪૦ ૦.૪.૦૧ અમી ઠાકોર**

**સાયંદેવ :-**

ગુરુવચન એ સાંભળી, વદે પ્રણત દ્વિજ એમઃ-
શરણાગત હું સ્વામી હે !, અંગીકાર કર તેમ. ૪૬.

ગુરુસેવા જે આદરે, કરે થાય તે પાર;
ક્યાંથી તેને દુઃખ ? એ, સદા સુખી નિર્ધાર. ૪૭.

થતાં તુષ્ટ ગુરુ દે સ્વયં, ચતુર્વિદ્ પુરુષાર્થ;
ક્યાંથી યમભીતિ પછી? ગુરુભક્તિ જ યથાર્થ. ૪૮.

**અ.૯૬**

**બટુક :-**

ત્રિમૂર્તિનો અવતાર તું, દેવદેવ ગુરુનાથ;
મૂઢદષ્ટિથી લોકને, ભાસે નરવત્, તાત! ૪૫.

વિશ્વનાથ તું નિશ્ચયે, કાશી તુજ સંનિધ;
દેખાડ્યો પરમાર્થ તેં, કરી અન્ય નિમિત્ત. ૪૬.

**સાયંદેવ :-**

જોડી કરદ્વય ભાવથી, કરે સ્તવન સપ્રેમ;
કહેઃ- ચંદ્રમૌલે નમું!, ત્રિમૂર્તિ તું ગુરુ એમ. ૫૫.

બ્રહ્મા હરિહરરૂપ તું, જગદ્ગુરુ સાક્ષાત્!
દેખાએ નરવત્ અહા!, લહે પાર કો, તાત? ૫૬.

મહિમા ગાવા તાહરો, ક્યાંથી શક્તિ તેમ?
આદિ પુરુષ દૈવે થયું, ત્વત્પદદર્શન એમ. ૫૭.



૧. શ્રેષ્ઠ ૨. બ્રહ્માનંદમાં મસ્ત

જોઈ ચંદ્ર ચકોરને, થાય આનંદ ત્યાંય,
તેમ ત્વત્પદદર્શને, થયો અમોને આંહ્ય. ૫૮.

પૂર્વજન્માર્જિત બધો, પાપપુંજ નિર્ધાર,
નાઠો દર્શન માત્રાથી, થયાં પુનીત સહુ બાળ! ૫૯.

ચિંતામણિ સ્પર્શે યથા, થાય લોહનું હેમ,
જંબુનદીમાં મૃત્તિકા, પડી સ્વર્ણ વા જેમ; ૬૦.

માનસસર જઈ કાગડો, થાય હંસલો જાણ;
તેમ અમે ત્વદ્દર્શને, થયાં પુનીત સહુ માન. ૬૧.

ગંગા પાપ હરે શશી, તાપ કલ્પતરુ દૈન્ય;
શ્રીગુરુદર્શન, એકદમ, પાપ તાપને દૈન્ય! ૬૨.

એક એક ગુણ એકમાં, સકળ ત્વત્પદે તેમ;
પાપ તાપ ને દૈન્ય સહુ, નાઠાં મારાં એમ. ૬૩.

ચારે પુરુષાર્થો તણો, દાતા સદ્ગુરુ જાણ;
સર્વશાસ્ત્ર સિદ્ધાંત એ, અદ્ય અનુભવ્યો માન. ૬૪.

**અ.૯૭ ૧/૪૧ ૦.૫.૦૭ અમી ઠાકોર**

**યુધિષ્ઠિર :-**

પૂજી ભક્તિથી તથા, સ્તવે યુધિષ્ઠિર ત્યાંયઃ-
હૃષીકેશ જય જય નમું, લાગું ફરી ફરી પાય. ૧૪.

જય નારાયણ શ્રીપતે!, ભક્તવત્સલ નાથ!
ભવતારક તુજને નમું, શેષશયન હે તાત! ૧૫.

પરંજ્યોતિ પરમાત્મ તું, નકી ત્રિમૂર્તિ તેમ;
સર્જે પાળે વિશ્વને, સંહારે પણ એમ. ૧૬.

વિશ્વજીવન તું નકી, ઓતપ્રોત સહુ માંહ્ય;
સ્થૂલ સૂક્ષ્મ તૃણકાષ્ઠમાં, રહ્યો સર્વમાં આંહ્ય. ૧૭.

હૃષીકેશ ત્રિગુણાત્મ તું, વંદું ત્વત્પદ તેમ;
સર્જી રજથી તમ થકી, સંહારે તું એમ. ૧૮.

કરવા શિક્ષા દુષ્ટને, સંતરક્ષણે તેમ,
થયો તીર્ણ તું સત્ત્વથી;, વદે શાસ્ત્ર સહુ એમ. ૧૯.

ઉતારવા ભૂભાર તું, થયો અવતીર્ણ આંહ્ય;
ભારભૂત અમને પ્રભો, કાં રક્ષ્યા હતકાય? ૨૦.

પ્રાણ પાંડવો માહરા, કહી એમ સર્વત્ર,
નાંખી વનમાં કષ્ટ કાં, આપે આવું અત્ર ? ૨૧.

હોય દયા જો તાહરી, રહે કષ્ટ આ કેમ?
કરી ઉપેક્ષા વન મહીં, કાં ભટકાવે એમ? ૨૨.

તુજ વિણ કોને આ કહું?, કહે તુંજ એ આંહ્ય;
કરે ઉપેક્ષા તુંજ જો, શું જીવીને હાય! ૨૩.

ભીમસેન પણ આવી ત્યાં, વદે ચરણ ગ્રહી તેમઃ-
પ્રભો દયાબ્ધે ભક્તને, કેમ વિસારે એમ? ૨૪.

વદે ધનંજય[1] પગ વિષે, મૂકી માથું ત્યાંયઃ-
મુરવૈરી કરુણાનિધે, થયો વિમુખ કાં આંહ્ય? ૨૫.

કૃપાદષ્ટિ જો તાહરી, હોય કૃષ્ણ અમ પર,
વનવાસાદિક કષ્ટ આ, ક્યાંથી રહે પ્રખર? ૨૬.

પાર્થ પ્રાણપ્રિય માહરો, એવું તારું બ્રીદ
કરી સત્ય હર કષ્ટ આ, અથડાવે તું શીદ? ૨૭.

નકુલ અને સહદેવ પણ, દ્રૌપદી તેજ પ્રમાણ,
આવી વંદન ભક્તિથી, કરી વદે ત્યાં જાણઃ- ૨૮.

પક્ષપાતી તું અમ તણો, દે અમને વન ઘોર!
કરે રાજ્ય વેરી અહા!, શું કરવું? હરિ બોલ. ૨૯.

છત્ર તુજ સમું તોય આ, રહ્યાં કરમમાં કષ્ટ?
મિત્ર અમારો તું નકી, યોજ ઉપાય પ્રકૃષ્ટ. ૩૦.

જેથી રાજ્ય મળે તથા, પાછું કૃષ્ણ કૃપાળ!
સુણી વચન બોલે હરિ, સાર્દ્રહૃદય તત્કાળ. ૩૧.

**અ.૯૭ ૧/૪૨ ૦.૨.૨૩ અમી ઠાકોર**

**કૌણ્ડિણ્ય :-**

જોઈ રૂપ કૌણ્ડિણ્ય એ, મૂકે પગ પર શિર;
વિનયનમ્ર સ્તુતિ આદરે, જોડી કરદ્વય ધીરઃ- ૧૩૭.

નમું સચ્ચિદાનંદ હે!, હે ગોવિંદ રમેશ!
ત્વદ્દર્શનમાત્રે ગયાં, સકળ પાપને ક્લેશ. ૧૩૮.

જાય દોષ યત્સ્મણથી, તું વિધિહરિહર તેહ;
આવ્યો શરણે તાહરા, હે અનંત વિભુદેહ![2] ૧૩૯.

નારાયણ તુજને નમું, શ્રીવત્સાંકિત નાથ!
વૈકુંઠાધિપ શ્રીશ હે!, આવ્યો શરણે, તાત! ૧૪૦.

અનંત બ્રહ્માંડેશ હે!, હું પાપી અતિ હીન;
કર પરમાત્મન્ હે ક્ષમા, આવ્યો શરણે દીન!! ૧૪૧.

૧. અર્જુન ૨. સર્વવ્યાપી

દૈવત અન્ય ન જાણું હું, ગ્રહ્યા ચરણ આ તેમ;
શરણાગતવત્સલ પ્રભો! તાર કૃપા કરી એમ. ૧૪૨.

લીન ત્વત્પદે ભૃંગવત, સફળ જન્મ મુજ આજ;
ધન્ય જીવિત માહરૂં, મળ્યો ગરીબનિવાજ!! ૧૪૩.

**અ.૯૯** **૧/૪૩ ૦.૧૬.૦૭ અમી ઠાકોર**

**નંદિ વિપ્ર :-**

**સીડી નં. ૨**

સાષ્ટાંગ પ્રણિપાત થી, યાચી ક્ષમા સુજાણ;
કહેઃ- સ્વામી તમોન્ધ હું, થયો શુદ્ધ અજી[1] માન. ૩૪.

ત્વદ્દર્શનથી નિશ્ચયે!, તું કેવલ પરબ્રહ્મ;
જાણું મંદ ન હું અહા, અજ્ઞાનાન્ધ સુજિહ્મ![2] ૩૫.

ધન્ય સુદિન આ આજનો!, દર્શનથી પાવન
થયો મૂઢ હું દેવ હે!, કર કૃપાવલોકન. ૩૬.

પાપકર્મ હું પાપ, સંભવ પાપાત્મા તેમ,
આવ્યો દૈવે ત્વત્પદે, શરણ કૃપાબ્ધે એમ. ૩૭.

ભક્તજનોનો આશરો, શરણાગતરક્ષણ;
નૃસિંહસરસ્વતી ખ્યાતિ એ, ગાય તારી સહુ જન. ૩૮.

ગયું દુષ્કર્મ માહરૂં, દીઠું પરંપદ એમ;
થયા પૂર્ણ મનોરથો, કૃપા તાહરી તેમ. ૩૯.

ભક્તકામધુક્ તું નકી, ધર્યો મનુષ્ય અવતાર!
લહે પાર કો તાહરો?, ત્રિમૂર્તિ તું કલિતાર. ૪૦.

સગરોદ્ધારે જાહ્નવી, આવી ભૂતલે જેમ,
તેમ ભક્તને તારવા, થયો તીર્ણ તું એમ. ૪૧.

જારકર્મથી થઈ શિલા, તોય અહલ્યા એહ,
રામપદસ્પર્શે થઈ, દિવ્યદેહ ફરી તેહ. ૪૨.

થયો પૂત હું પણ તથા, ત્વદ્દર્શનથી નાથ;
રહે દુઃખ ક્યાંથી હવે?, મળ્યો ત્રીશ સાક્ષાત! ૪૩.

**અ.૯૯**

**નંદિ વિપ્ર :-**

'ઉઘાડ મુખ' ગુરુ ઓચરે;, ઉઘાડતાં ક્ષણ માંહ્ય,
નાંખે ભભૂતિ જીભ પર, થયો જ્ઞાની દ્વિજ ત્યાંય. ૬૯.

મૂકી મસ્તક પગ વિષે, કરે સ્તુતિ ત્યાં એમઃ-
સ્વામી મૂઢ હું ના કરી, સેવા તારી તેમ. ૭૦.

ડૂબ્યો હું ભવસિંધુમાં, માયાજાલે જાણ;
ભૂલ્યો તારક ત્વત્પદો, સ્મરૂં ન તુજને માન. ૭૧.

હતો સ્થાવરોદ્‌ભિજજ ને, સ્વેદજ અંડજ જ્યાંય,
પશ્વાદિની યોનિમાં, વિસર્યો ત્વત્પદ ત્યાંય. ૭૨.

જારજ મર્ત્યોમાં યદા, શુદ્રાદિક થઈ તેમ,
જન્મ્યો ત્યારે પણ સ્મર્યા, ના તારક પદ એમ. ૭૩.

જાતિ શ્રેષ્ઠ બ્રાહ્મણ થઈ, અજ્ઞાને પદ એહ,
ના સેવ્યા તારક ગુરો;, થાય દુઃખ બહુ તેહ. ૭૪.

ગર્ભવાસના કષ્ટ એ, કહ્યાં ન કેમે જાય;
માતૃરક્ત પિતૃરેત જ્યાં, બંને એકત્ર થાય. ૭૫.

પંચાહે બુદ્‌બુદ્ બન્યો, પક્ષે પેશી તેમ,
નિરયોપમ[3] કુક્ષિ મહીં, રહ્યો નિર્જીવ એમ. ૭૬.

માસે પિંડ થયો અહા, શીર્ષાદિક બે માસ;
ત્રીજે અવયવ દ્વાર નવ, ચતુર્થ માસે ખાસ. ૭૭.

પંચભૂત ભેગાં મળ્યાં, પંચમ માસે જ્યાંય,
આવ્યો પ્રાણ ન હા રહ્યું, સ્મરણ તાહરૂં ત્યાંય! ૭૮.

ત્વચા રોમ નખ શ્વાસ ત્યાં, આવ્યાં છઠ્ઠે માસ;
સપ્તમ માસે ઈન્દ્રિયો, ચિત્વ[4] આઠમે ખાસ. ૭૯.

નવ માસ નરકે રહ્યો, માતૃકુક્ષિમાં એમ;
હન્ત કષ્ટ એ કો લહે?, રહે સ્મરણ ત્યાં કેમ! ૮૦.

ક્ષારોષ્ણાદિક ખાય મા, થાય દુઃખ બહુ ત્યાંય,
અસહ્ય કેવળ વેદના!, રહે સ્મરણ ત્યાં ક્યાંય? ૮૧.

પક્ષી પંજરમાં યથા, જરાયુ વેષ્ટિત તેમ;
દીઠા ના તવ પાદ ત્યાં, રહે સ્મરણ પછી કેમ? ૮૨.

નવ માસ કષ્ટે રહ્યો, માતૃગર્ભમાં ત્યાંય;
પડ્યો કીટવત્ યોનિથી, રહે સ્મરણ ત્યાં ક્યાંય? ૮૩.

સો વરસ આયુષ્ય ત્યાં, લખ્યું લલાટે જેહ,
ગયું અર્ધ નિશા મહીં, વૃથા ઉંઘમાં તેહ. ૮૪.

બાકીનું બાલ્યાદિમાં, પરવશતાથી એમ,
ગયું વ્યર્થ; કર્યું ન ત્યાં, સ્મરણ તાહરૂં તેમ. ૮૫.

પર્યંકે મલમૂત્રમાં, રહ્યો પડી જયાં ત્યાંય,
બાળપણનું કષ્ટ એ, કોણ વર્ણવે આંહ્ય? ૮૬.



૧. આજે ૨. અતિ કપટી ૩. નરક જેવું ૪. ચૈતન્ય

સ્મરણમાત્રથી કમકમે, છાતી મારી એહ,
પરવશતામાં દુઃખ જે, કેવળ અવર્ણ્ય તેહ. ૮૭.

રહ્યો પથારીમાં પડ્યો, મલમૂત્રાદિક માંહ્ય;
અજ્ઞાને ખાધી તિહાં, સ્વવિષ્ઠા પણ હાય! ૮૮.

દુખે પેટમાં જ્યાહરે, રડું કષ્ટથી તેમ;
ધવરાવે માતા લઈ, લહે દુઃખ ના એમ. ૮૯.

થાઉ ભૂખ્યો ને રડું, ત્યારે માતા જાણ્,
નાંખી મોંમા અંગુલિ, પાય ઔષધો માન. ૯૦.

બાળાગોળી લીમડો, કટ્વાદિક પણ તેમ,
ચગદી ઘાલે મોં મહીં, બલાત્કારથી એમ! ૯૧.

ભૂખ્યો છું એ ના લહી, નાંખે ઝોળી માંહ્ય,
ઊંઘાડે યત્ને તિહાં;, જાણે દુઃખ ન ત્યાંય! ૯૨.

'રડે અરેરે' એમ કહી, નાંખે મુખમાં રાખ;
બાંધે રક્ષા મંત્રાથી, જાણે ભૂખ ન દ્રાક્! ૯૩.

કરડે વીંછી પણ યદિ, લહે ન કોઈ તેમ;
રડતો જાણી ઘોડિયામાં, હિંચોળે એમ. ૯૪.

થોભ જરા મા રડ અરે, પંપાળે કહી એમ;
પાય દૂધ પણ ના લહે, વિષપીડા આ તેમ! ૯૫.

દુઃખે દૂધ ન જો પીઉં, ફરી પથારી માંહ્ય,
નાંખે વીંછીવાળી એ, દુઃખ વર્ણવું ક્યાંય? ૯૬.

ખાટું ખારૂં ખાય મા, બગડે ધાવણ જાણ;
શ્વાસ કાસ[1] એ ધાવતાં, થાય કષ્ટપ્રદ માન. ૯૭.

ના જાણી દે ઔષધો, આવે આંખો તેમ;
આંજે દૂષિત અંજનો, થાય કષ્ટ વધુ એમ. ૯૮.

બાલ્યે અતિ કષ્ટ ત્યાં, અજ્ઞાનોત્થ[2] સદાય;
આગળ ક્રીડાદિક મહીં, વ્યર્થ આયુષ્ય જાય. ૯૯.

તારુણ્યે મદને અતિ, પીડાઈને તેમ,
પતંગ અગ્નિમાં યથા, પડ્યો સ્ત્ર્યનલે[3] એમ. ૧૦૦.

નિંદ્યા મૌર્ખ્યે ગુરુજનો, તરછોડ્યાં માબાપ;
દેવમાયા સ્ત્રી તણાં, જોઈ લોલ ભ્રૂ ચાપ. ૧૦૧.

કાર્યાકાર્યવિવેક ને, કુલશીલાદિક તેમ,
ભૂલી કુમાર્ગે ચઢ્યો, ભોગોત્સુક થઈ એમ. ૧૦૨.

નિંદ્યા બ્રાહ્મણ વૃધ્ધજન, સેવ્યા સંત ન ક્યાંય;
થઈ મત્ત તારુણ્યથી, સ્મર્યા ન ત્વત્પદ હાય! ૧૦૩.

માંસાશાથી મત્સ્ય જ્યમ, મરે નિરર્થક તેમ;
થઈ ઈન્દ્રિયાધીન હું, પડ્યો કાળમુખ એમ. ૧૦૪.

નાના જાતિની સ્ત્રીઓ, મત્ત ભોગવી જાણ;
હર્યું પરદ્રવ્ય યત્નથી;, નિંદ્યા સંત મહાન! ૧૦૫.

મોહે એમ મદાન્ધ ત્યાં, ભૂલ્યો સ્વાનુસંધાન;
પડ્યો જઈ કામાનલે, પતંગવત્ બેભાન. ૧૦૬.

વીંધાયો સ્મરબાણથી, સુણ્યાં ન સંતવચન;
ના સંભાર્યા ત્વત્પદો, આવ્યું ત્યાં ઘડપણ! ૧૦૭.

પરાધીન વાર્ધક્યમાં, ત્યજે સ્ત્રીસુતો હાય!
શ્વાસકાસ કફાદિથી, પીડાઉં અતિ ત્યાંય. ૧૦૮.

આવ્યા પળિયાં મસ્તકે, ઈન્દ્રિય પરવશ તેમ;
પડ્યા દાંત દૃષ્ટિ ગઈ, આવી બધિરતા એમ. ૧૦૯.

હણવા રોગો શત્રુવત્, આવ્યા દોડી સર્વ;
ના કીધી સેવા પ્રભો, તાર હવે હે શર્વ! ૧૧૦.

મા જો શઠતા માહરી, આવ્યો શરણે તેમ;
નારાયણ તું અવતર્યો, જગદુદ્ધારે એમ. ૧૧૧.

ધાર્યો માનુષવેષ પણ, વિશ્વતાર તું દેવ;
ગુણાતીત ત્રિગુણાત્મ તું, પરબ્રહ્મ ગુરુદેવ! ૧૧૨.

જાણે ઉલ્લુ ન અર્કને, તેમ તને હું નાથ,
વિશ્વનિયંતા ના લહું, બાળક તાર અનાથ. ૧૧૩.

કરી ગુરુ સ્તુતિ એહવી, જોઈ ચોદિશ તેમ,
બેઠેલા સહુ લોકને, કહે એમ સપ્રેમઃ- ૧૧૪.

સૂણો સમસ્ત લોક હે!, પાપનો ન મમ પાર;
પરબ્રહ્મ ગુરુદર્શને, નાઠાં એ તત્કાળ. ૧૧૫.

અગ્નિસ્પર્શે તૃણગિરિ, થાય ભસ્મ જ્યમ ત્યાંય,
થતાં કૃપા ગુરુની થયો, સર્વ પાપલય આંહ્ય. ૧૧૬.

'ચરણં પવિત્રં' શ્રૃતિ કહે, સત્ય સત્ય એ વાત;
કોણ દેવ બીજો અહીં ?, ગુરુ ત્રીશ સાક્ષાત! ૧૧૭.

લખ્યા લલાટે લેખ જે, ભલે હોય વિપરીત;
ગુર્વાંઘ્રિસ્પર્શે[4] નકી, થાય શુભદ આ રીત. ૧૧૮.

૧. ઊધરશ ૨. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલાં ૩. સ્ત્રીરૂપી દેવતા માં ૪. સદ્‌ગુરુના ચરણ સ્પર્શથી

નિધાન સંનિધમાં અહીં, ભમે લોક કાં વ્યર્થ?
ભજો નૃસિંહસરસ્વતી ભક્તકામધુક્ તર્ત. ૧૧૯.

ઐહિક આમુષ્મિક બધું આપે એ તત્કાળ;
ના શંકા ઉરમાં કરો, સત્ય વચન નિર્ધાર! ૧૨૦.

**અ.૧૦૦ ૧/૪૪ ૦.૭.૩૨ હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા**
**કવિશ્વર :-**

ડગલે ડગલે દંડવત્, કરતો શ્રીગુરુ પાસ,
આવી લેટે ચરણમાં;, કહેઃ- અજ્ઞ હું ખાસ. ૧૬.

માયા મગ્ન ન હું લહું, રૂપ તાહરૂં તેહ;
માયાધિપ શિવ તું નકી, થયું પ્રત્યક્ષ એહ. ૧૭.

કર્પૂરાભ કલ્લેશ તું, જગદ્ગુરુ સાક્ષાત્;
કરી ચિત્ત સુસ્થિર પદે, આવ્યો શરણે નાથ. ૧૮.

વિશ્વાધાર વિશ્વેશ તું, પ્રણતપાળ ભગવંત;
ત્વત્પાદાબ્જરસે થયો, લીન ભૃંગવત્ સંત! ૧૯.

નિધાન પાસે તોય કો, ભમે કાનને[1] એમ?
કામધેનુ ગૃહ આવતાં, રહે દૈન્ય ક્યાં તેમ? ૨૦.

કરે તપશ્ચર્યા મુનિ, પૂર્વ વર્ષ હજાર;
થાય ન દર્શન તેમને, સ્વપ્ને પણ નિર્ધાર. ૨૧.

અનાયાસ તે તું અહીં, થયો પ્રત્યક્ષ જાણ;
રીઝ્યો કલ્લેશ્વર નકી, સફળ કામના માન. ૨૨.

કલ્લેશ્વર તું નિશ્ચયે, ના શંકા ઉર તેમ;
કર કરુણા ગુરુનાથ હે!, ગ્રહે ચરણ કહી એમ. ૨૩.

બોલે શ્રીગુરુઃ- નિત્ય તું, નિંદે મને યથેષ્ટ;
આજે ક્યાંથી આ હૃદે, આવી ભક્તિ પ્રેષ્ઠ? ૨૪.

બોલે કવિવર એ તિહાંઃ-, અજ્ઞાનાવૃત નાથ
હતો; આજ પ્રકાશનો, પ્રકાશ તું સાક્ષાત્. ૨૫.

થયો ઉદિત અંતર મહીં;, કલ્લેશાર્ચન જેહ!
કીધું તત્પુણ્યે નકી, જોયા ત્વત્પદ એહ. ૨૬.

મ્યુઝીક

કલ્લેશ્વરને પૂજતાં, આજે રોજ પ્રમાણ,
લિંગસ્થાને સ્વપ્નમાં, દીઠો તુજને માન. ૨૭.

દૈવે સ્વપ્ને પાદ આ, જોયા ત્યાં ગુરુનાથ;
થયું પ્રત્યક્ષ આ અહીં, ત્વદ્દર્શન સાક્ષાત્! ૨૮.

**અ.૧૦૧**

આવ્યા ભક્તો તેડવા, શ્રીગુરુને ત્યાં જાણ;
સાત શિષ્ય પ્રિય જે અતિ, બોલે પ્રણમી માનઃ- ૫.

દીવાળી કરવા પ્રભો, આવો અમ ઘર ત્યાંય,
પૃથક્ ગામ દરેકનું, જાણી વદે ગુરુરાયઃ- ૬.

એકીસાથ બધા ઘરે, આવું કેમ સુજાણ?
વિચાર કરી અન્યોન્ય એ, તમે ઠેરવો સ્થાન. ૭.

જઈશ તે ગૃહે સર્વથા, ના એમાં સંદેહ;
શિષ્યાધીન રહું સદા, માટે બોલો ગેહ. ૮.

કહે એકઃ- પ્રભુ માહરા;, લઈ જાઉં મુજ ઘેર!
વદે અન્યઃ- શું મુજ નહીં?, કાં નાવે મુજ ઘેર? ૯.

એમ પરસ્પર એ લડે, હું હું કરતા જાણ;
વારી એમને શ્રી ગુરુ, કહેઃ- વૃથા અભિમાન. ૧૦.

સઘળાનો ગુરુ એક હું, જઈશ એક ગૃહ તેમ!
સુણી વચન બદ્ધાંજલિ, બોલે સહુ સપ્રેમઃ- ૧૧.

સમર્થ આ આ દુબળો, મા જો એવો ભેદ;
સમદૃષ્ટિ તારી પ્રભો, સઘળે એક અભેદ. ૧૨.

ન્યૂનાધિક તારે નહીં, રાયરંક પણ તેમ;
ઉપેક્ષતાં દુર્બલ પડીશું, ગંગામાં એમ. ૧૩.

મ્યુઝીક

ખાધી ભાજી વિદુરની, કૃષ્ણે પ્રેમે જાણ,
દુર્યોધન મેવા ત્યજી, ભક્તવત્સલે માન. ૧૪.

ઉદાસીન ના થા પ્રભો, અમે સર્વ તુજ દાસ;
આજ્ઞા પ્રમાણ તાહરી, શિરો વંદ્ય એ ખાસ. ૧૫.

એમ કહી સર્વે તિહાં, કરે દંડવત્ જાણ;
વદે નમ્ર સઘળા, ગુરો!, મા તરછોડ સુજાણ! ૧૬.

કહે શ્રી ગુરુ સર્વનેઃ-, જાઓ સત્વર ગેહ;
આવીશ, મા શંકા કરો, સત્ય પ્રતિજ્ઞા એહ! ૧૭.

**અ.૧૦૧**
**ભક્તો :-**

વેદાત્મન ગુરુનાથ હે! લહે કોણ ત્વત્પાર?
વિશ્વવ્યાપક તું હરે, નારાયણ જગતાર. ૩૭.



૧. જંગલમાં

ત્રિરૂપ કાર્યાર્થે દિસે, એક પરાત્પર એમ!
એમ સ્તવન કરી આદરે, દીપમાળ સપ્રેમ. ૩૮.

**અ.૧૦૨ ૧/૪૫ ૦.૨.૩૨ હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા**

**શૂદ્ર :-**

વારી સર્વને શૂદ્રએ, કહેઃ- કરો કાં ચિંત?
થશે સૌખ્ય ધીરજ ધરો;, રહો સર્વ નિશ્ચિંત. ૪૨.

કામધેનુ ગુરુ વાક્ય છે, જાણે મૂઢ ન તેહ;
એક એક કણના પ્રભુ, દેશે હજાર એહ. ૪૩.

અનંત શ્રી ગુરુ નિશ્ચયે, અનંત એનું દાન;
મન સુસ્થિર મારૂં; થશે, સ્વપ્ને ના નુકશાન. ૪૪.

ના યતિવર નર એ નકી, શિવ શંકર સાક્ષાત,
જોઈ સુદૈવ માહરૂં, વદે પ્રથમથી વાત. ૪૫.

જેના પર શ્રી ગુરુકૃપા, ક્યાંથી દૈન્યભય ત્યાંય?
નિધાન મુજને સાંપડ્યું, જાણો એ ગુરુરાય. ૪૬.

મ્યુઝીક

**શુદ્ર-શુદ્ર પત્ની**

વદે બેઉઃ- જય જય ગુરો!, કામધેનુ તું ધન્ય;
કુલદૈવત અમ તું નકી, દેવરાજ અનન્ય. ૫૮.

વચન સુધાસમ તાહરું, પગ ચિંતામણિ તેમ;
થઈ પૂર્ણ ઈચ્છા અમે, આવ્યા શરણે એમ. ૫૯.

ભક્તવત્સલ ખ્યાત જે, ત્વદ્‌બિરુદાવલિ આંહ્ય,
સ્વયં અનુભવી! એમ કહી, પડે બેઉ પગ માંહ્ય. ૬૦.

**અ.૧૦૩ ૧/૪૬ ૦.૪૭ હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા**

**બહેન રત્ના :-**

વદે વિનત વંદન કરીઃ-, કર કરુણા ગુરુનાથ;
આવી શરણે તાહરા, કાઢ ન મારી લાત. ૭૯.

કરી પાપરાશિ જનો!, જાય કાશીમાં જેમ,
આવી હું ત્વદ્દર્શને, પાપમુક્ત્યર્થ એમ. ૮૦.

**અ.૧૦૪ ૧/૪૭ ૦.૨.૧૭ હર્ષ પટેલ**

**યવન ભૂપ :-**

કહેઃ- ગુરો! કાં માહરી, કરી ઉપેક્ષા એમ?
ત્વત્પદસેવાવિમુખ હું, ભમું વિદેશે તેમ. ૧૮૯.

ગૃહાન્ધકૂપે હું પડ્યો, ઘોર તમિસ્ત્રા[1] માંહ્ય;
પ્રમાદમદ્યે મત્ત હું, ભૂલ્યો ત્વત્પદ હાય! ૧૯૦.

અગાધ આ ભવસાગરે, ડૂબ્યો કુબુદ્ધિ એમ;
માયાજાલાવૃત અહા!, દુર્લભ ત્વત્સ્મૃતિ તેમ. ૧૯૧.

નિધાન પાસે તું છતાં, ના જાણું મતિમંદ;
ચરણસ્મરણ અજ્ઞાનહૃત, થાય ન તારૂં હન્ત! ૧૯૨.

ન ઉપેક્ષે નિજ ભક્તને, માનું નિશ્ચય એમ;
નાંખે અજ્ઞાનસિંધુમાં, મને તોય તું કેમ? ૧૯૩.

આવ્યો તદર્થ આ અહીં;, તાર તાર ગુરુનાથ!
થાઉં ત્વત્પદ દાસ હું, હવે જન્મ બસ, તાત! ૧૯૪.

મ્યુઝીક

ભક્તવત્સલ નાથ હે, કર ઈચ્છા પરિપૂર્ણ;
ત્યજી સંસાર ત્વત્પદે, થાઉ લીન સુતૂર્ણ. ૨૦૧.

**અ.૧૦૫ ૧/૪૮ ૦.૪.૦૩ હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા**

**શિષ્યો :-**

સકળ શિષ્ય સહ નીસર્યા, જ્યારે શ્રીગુરુ એમ,
વદે ભક્તજન દુઃખથી, આવી આગળ તેમઃ- ૭.

અહો શ્રીગુરો! તું નકી, સર્વ જીવનાધાર;
ચિંતાહર! ચિંતાનલે, ત્યજી એમ નિર્ધાર. ૮.

ત્વદ્ ભક્તોને જાય ક્યાં, પાદલગ્ન જે એમ?
કર રક્ષણ ગુરુનાથ હે!, મા રીસાઈશ તેમ. ૯.

છોડી શોકાર્ણવ મહીં, આમ દીન અનાથ,
અકસ્માત્ જાવું ઘટે, ના; કરુણાકર તાત! ૧૦.

સન્નિધાન નિધાન તું, ભક્તકામધુક્ આંહ્ય;
ત્યજી વત્સસમ અજ્ઞને, કેમ દૂર પ્રભુ જાય? ૧૧.

પાવન આ ત્વદ્દર્શને, ટળે અમારાં પાપ;
જાય ભયત્રાતા કહીં, ઈષ્ટદ દગ્ધત્રિતાપ? ૧૨.

ત્યજી બાળને માત હે, અકસ્માત કાં જાય?
તું મા, તું ગુરુ, બાપ તું;, થા ન નિઃસ્નેહ આંહ્ય. ૧૩.

**અ.૧૦૬**

**નિરંજન :-**

વંદુ ગણપતિ શારદા, શ્રીગુરુ યતિવર તેહ;
યત્સ્મરણે ક્ષણ ના રહે, વિઘ્નભ્રમસંદેહ. ૧.

[1] રાત્રી

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ, ગોપી કૃષ્ણસ્વરૂપ;
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું, રહે ન પૂર્વ સ્વરૂપ! ૨.

વદું વદાવે તેમ તું, ગાઉં ગવાડે તેમ;
કાષ્ઠ નર્તકી હું વિભો, સુત્રધાર તું એમ. ૩.

મ્યુઝીક

તવ કૃપા વિણ પાંગળી, વાણી મારી જાણ;
બુદ્ધિ આંધળી દેવ હે!, સૂઝે કાંઈ ન માન. ૪.

થાય કૃપા જો તાહરી, વદે મૂક પણ વેદ;
આવી શરણે તાહરે, કરૂં વ્યર્થ કાં ખેદ? ૫.

ગાવા ત્વલ્લીલા કરી, હોડ બાલવત્ જાણ;
આપ સ્ફૂર્તિ નવનવી, સંહારી અજ્ઞાન. ૬.

તું હીણો હું રંક છું, લજ્જા તારે હાથ;
વદાવ આગળ ત્વત્કથા, કર કરુણા ગુરુનાથ! ૭.

**અ. ૧૦૯ ૧/૪૯ ૦.૧૨.૧૬ હર્ષ પટેલ, સમીપ સ્વાદીયા**
**શ્રી સ્વામિ મહારાજ :-**

થઈ ખિન્ન અંતર વિષે, કરે વિચાર એમઃ-
થયા પ્રગટ શ્રી દત્ત આ, ના જાણ્યા મેં તેમ! ૩૧.

ગ્રહ્યા ચરણ ના નિશ્ચયે;, થઈ બુદ્ધિ કાં ભ્રાન્ત?
નડ્યું દુર્દૈવ હન્ત આ!, ભૂલ્યો કેમ નિતાન્ત? ૩૨.

હતભાગી હું ના તથા, સૂઝયું મુજને એહ;
દત્તાત્રેય કૃપાનિધે, સર્વેશ્વર વરદેહ! ૩૩.

અનસૂયાત્મજ ભક્તવત્સલ!, ભૂલ્યો હું આજ;
વારંવાર નમું તને, રાખ ભક્તની લાજ!! ૩૪.

કર અપરાધ ક્ષમા પ્રભો, ભક્તકલ્પદ્રુમ નાથ!
નામાનામાતીત હે, વંદુ તુજને તાત!! ૩૫.

બાલદોષ યદિ માત હે, આણીશ ચિત્તે એમ,
રક્ષા કો કરશે પછી?, જીવીશ અનાથ કેમ? ૩૬.

દીનબંધુ! અપરાધ જે, મુજથી વારંવાર
થાય, ભૂલી તે દાસને, દે સાન્ત્વન નિર્ધાર. ૩૭.

મ્યુઝીક

દયાસદન, છોડી મને, થયા ગુપ્ત કાં એમ?
મનમોહન કરુણા કરો, ત્યજો દીન ના તેમ. ૩૮.

કૃષ્ણાતીર નિવાસી હે!, માત પિતા મમ સર્વ
એક તમે; તમ વિણ હરે, ભવભય કોણ જ, શર્વ? ૩૯.

જય જય દેવ દયાનિધે, પતિતપાવના નાથ!
વરદ હસ્ત મૂકી શિરે, હરો ભ્રાન્તિ જગતાત્!! ૪૦.

ચોરોએ દ્વિજ મારતાં, થઈ પ્રગટ ત્યાં જેમ
સંહાર્યા તસ્કર બધાં, દોડો વેગે તેમ. ૪૧.

શૂળે દ્વિજ વ્યાકુળ થતાં, દોડ્યા તત્ક્ષણ ત્યાંય;
હર્યો રોગ એનો ક્ષણે!, કરો વાર કાં આંહ્ય? ૪૨.

પતિવ્રતા સ્મરતાં તિહાં, થઈ પ્રગટ તત્કાળ,
ઉઠાડ્યો મૃત કંથ એ!, કેમ વિસારો બાળ? ૪૩.

દોડી સત્વર ચિત્તને, કરો શાન્ત આ તેમ;
કૃપાવંત ભગવંત હે, લહું ન બોલું કેમ! ૪૪.

આપ સર્વવિદ્ હૃદયનું, જાણો સઘળું નાથ;
ચિંતા મારી આપને!, હું તો દીન અનાથ! ૪૫.

કરી પ્રાર્થના એમ ત્યાં, નમે સાષ્ટાંગ જાણ;
આવી મઠમાં વેગથી, ગોવિંદયતિ સહ માન. ૪૬.

**અ.૧૧૩**
**શાસ્ત્રીબુવા :- શ્રી સ્વામિ મહારાજ**

જોડી કરદ્વય ભક્તિથી, કરે પ્રાર્થના ત્યાંયઃ-
વિશ્વંભર પદકંજ આ, વંદું ભૃંગવત્ આંહ્ય. ૫૩.

અનંત માયા ચક્રના, ચાલક હે પરમેશ,
અનંતકોટિબ્રહ્માંડનાયક, ત્વત્પાર ન લેશ. ૫૪.

લાગે કદિ નિગમાદિને, થયા મૂક સહુ એહ;
ત્વદ્વર્ણન કરતાં વિભો, નિર્વિકાર નિર્દેહ! ૫૫.

જગદ્વંદ્ય કરુણાનિધે, ત્વત્પદકમલે એમ
કરૂં દંડવત્; ના લહુ, વદું અન્ય શું કેમ!! ૫૬.

જયજય સમર્થ શ્રી ગુરો!, ભક્તભાવથી એમ
બેલી અનાથ નાથ તું, પૂરે ઈચ્છા તેમ. ૮૪.

યોગિધ્યેય નમું તને, ધર્યાં વસ્ત્ર કાષાય;
દંડ કમંડલુ લઈ કરે, કરે ભક્ત સહાય. ૮૫.

કરતાં સ્તુતિ તારી પ્રભો, થાક્યા વેદો તેમ,
નેતિ નેતિ કહી ઓચરે!, સ્તવું વિભો હું કેમ? ૮૬.

મ્યુઝીક

અ.૧૧૯
**ભક્તો - પ્રાર્થના :-**

સદા સર્વદા યોગ તુઝા ઘડાવા
તુઝે કારણીં દેહ માઝા પડાવા।

ઉપેક્ષૂં નકો ગુણવંતા અનંતા
ગુરુનાયક! માગણેં હેંચી આતા ॥

અ.૧૨૨
**સ્વામિ મહારાજ :-**

કરે પ્રાર્થના દેવની, ગભરાઈને તેમ;
હે વિશ્વેશ રમાપતે, દત્ત દયાબ્ધે એમ. ૧૩૮.

ભક્તવત્સલા વિઠ્ઠલા!, મમ્ નિગ્રહ[1]ની આંહ્ય;
કરો પરીક્ષા આમ શું?, હું તો દાસ સદાય! ૧૩૯.

ગરુડધ્વજ ગોવિંદ હે!, ના મમ નિગ્રહ એહ;
કરાવનાર તમે સ્વયં, સર્વસાક્ષી પ્રભુ તેહ. ૧૪૦.

લાજ તમારે હાથ છે, રાખો ટેક દયાળ;
કર્તા કરાવતા તમે, હું તો અનાથ બાળ! ૧૪૧.

શી ચિંતા મુજને પછી?, તમ સત્તા એ સર્વ
નાચું નચાવો તેમ હું, પાંડુરંગ હે શર્વ!! ૧૪૨.

અ.૧૨૩
**અન્નપૂર્ણા માતા :-**

માગે આજ્ઞા પતિ તણી, પ્રફુલ્લ મુખથી ત્યાંય;
કહેઃ- અહો પ્રાણેશ્વરા!, આપ જ એક સદાય. ૮૧.

ઈષ્ટદૈવત્ માહરૂં, સદ્ગુરુ સ્વામી તેમ
આપ સર્વ મારા તમે, આજ સુધી મેં એમ. ૮૨.

કર્યું શુભાશુભ કર્મ જે, સારૂં નરસું જેહ
કર્યું તે બધું આપના, અર્પ્યું પદમાં એહ. ૮૩.

પતિતપાવના માહરૂં, પાતક સઘળું આંહ્ય
કરી દહન સર્વેશ હે!, દેવયાન[2]ની માંહ્ય. ૮૪.

આરોહણ કરવા તણો, માર્ગ બતાવો સ્પષ્ટ;
જન્મમરણથી હું હવે, થઈ છું છેક જ ત્રસ્ત. ૮૫.

મ્યુઝીક

દેહયોગ હવે કદિ, થાય ન કલ્પે જેમ,
કરો કૃપા તેવી પ્રભો!, ઈચ્છા અન્ય ન એમ. ૮૬.

અગ્નિરૂપ પરમેશ હે!, ભૂતાત્મક આ દેહ
કરો ભસ્મ સત્વર વિભો!, દીનોદ્ધારક એહ. ૮૭.

પ્રાણ વાયુમાં મેળવી, બ્રહ્મ સ્વરૂપે આંહ્ય
કરો લીન આ જીવને, લાગું અંતિમ પાય. ૮૮.

હવે જન્મ ના દો પ્રભો, વંદુ વારંવાર;
સ્મરણ દાસીનું રાખજો, પ્રાણનાથ નિર્ધાર! ૮૯.

સત્યરૂપ એ આપનું, દેખાડો નિર્મળ!!
એમ કહી શિર પતિપદે, મૂકે ત્યાં સત્વર. ૯૦.

સુણી પ્રાર્થના પત્નીની, વાસુદેવ સસ્નેહ
આપી આશિષ ત્યાં વદેઃ-, પ્રિયે! ન કર સંદેહ. ૯૧.

પૂર્ણ કામના તાહરી, થાશે નિશ્ચય જાણ!
આશિષ એવી સાંભળી, અન્નપૂર્ણા સુજાણ. ૯૨.

મુકી મસ્તક પતિપદે, કરી ધ્યાન નિશ્ચલ;
'શ્રી ગુરુદેવ દત્ત' કહી, ત્યજે પ્રાણ સત્વર! ૯૩.

બેસાડી સુરયાનમાં, વાદ્યઘોષ સહ ત્યાંય,
બ્રહ્મલોકમાં આદરે[3], દેવગણો લઈ જાય. ૯૪.

યોગીઓને પણ અહીં, સ્થાન સુદુર્લભ જેહ
પતિસેવાથી અન્નપૂર્ણા, માતા શુભ તેહ. ૯૫.

પામ્યા પાતિવ્રત્યથી!, હતો વૈશાખ માસ
શુક્લપક્ષ ચતુર્દશી, ત્યારે મંગલ ખાસ. ૯૬.

મ્યુઝીક

નૃસિંહ જયંતી જેહને, વદે સર્વજન આંહ્ય;
કરે નિર્યાણ તે દિને, સાધ્વી એ વરકાય. ૯૭.

અ.૧૨૮
**શ્રી સ્વામિ મહારાજ :-**

મિત્ર મિત્ર જરી ભાંડતી ॥ તરી પુન્હાં એક હોતી ॥૧॥
દંપતીચા હો કલહ ॥ લવમાત્ર ન તુટે સ્નેહ, ॥૨॥

દેવભક્તાચેં ભાંડણે ॥ પરાભક્તી ચેં, તેં ઠાણેં ॥૩॥
વાસુ મ્હણે હા વિનોદ ॥ દે તો દત્તા પરમાનંદ ॥૪॥

અ.૧૨૯ ૧/૫૦ ૦.૪.૧૭
**કર્દમ ઋષી :-**

હે ગોવિંદ દયાનિધે, દૈત્યાન્તક વિભુ નાથ!
ભક્તવત્સલા હે હરે!, પ્રણમું જોડી હાથ. ૮.

૧. નિયમ ૨. સ્વર્ગનું વિમાન ૩. માનપૂર્વક

અનંત જન્મો તપ કરી, ત્વદ્દર્શનમિષ આંહ્ય
કરે કષ્ટ યોગિજનો!, તે ત્વત્પદમાં કાય. ૯.

અર્પુ આ વિશ્વેશ હે!, ત્વન્માયાથી તેમ
ઉત્પત્તિ સ્થિતિ લય કરે, તુંજ જગત્પ્રભુ એમ. ૧૦.

ભક્તોનો આધાર તું,પાપતાપહર એક;
તે તુજને પ્રણમું પ્રભો, દૈન્યાન્તક[1] વિભુ છેક!! ૧૧.

**અ.૧૨૯**
**દેવહૂતિ માતા :-**

પ્રાણનાથ જ્ઞાનેશ્વરા!, દાસી પર આ એમ
કૃપાદૃષ્ટિ ફેંકો અહીં, થાઉ કૃતાર્થ જેમ. ૮૭.

પરમેશ્વર પ્રત્યક્ષ છો, આપ કૃપાસાગર;
આપજ આ દાસી તણા, ગુરુવર ચિંતાહર. ૮૮.

જલ વિણ જેવું માછલું, વત્સ જેમ વિણ ગાય,
તેમ વિયોગે આપના, રે'શે દાસી ક્યાંય? ૮૯.

હું દૂષિત અતિ આપ તો, ચિત્સ્વરૂપ નિર્દોષ;
આનંદાર્ણવ આપ છો, હું ભ્રાન્તિનો કોશ! ૯૦.

મ્યુઝીક

પાસે છતાંય વૈદ્ય ના, પૂછે રોગી જેમ;
પીડાએ અતિ રોગથી!, થયું મને પણ તેમ. ૯૧.

ભ્રાંતિરૂપ જગ આ બધું, દિસે સ્વપ્નવત્ ખાસ,
સત્ય જ્ઞાન તણો કરો, હૃદયે દેવ પ્રકાશ. ૯૨.

જેથી ભવભય ના રહે!, ત્રીકાલદર્શી આપ;
કૃપા કરી તારો પ્રભો, કરી દૂર સંતાપ. ૯૩.

ભમતાં આ ભવકાનને[2], અહંકાર અહિ[3] દુષ્ટ
કરડી એકાએક જયમ, આવે અંધત્વ તુર્ત; ૯૪.

થયું તેમ મુજને અહીં, રમતાં વિષયે દેવ,
જ્ઞાનાંજનથી દિવ્ય દૃષ્ટિ, આપો તતખેવ. ૯૫.

પ્રાણનાથ! સંસાર આ, દુઃખરૂપ અસાર;
ગભરાએ મન સ્મરણથી, કન્યા સુત પરિવાર. ૯૬.

માટે મુક્ત કરો પ્રભો, ભવભીતિથી એહ;
કલ્પવૃક્ષ સમ સંતજન, ના એમાં સંદેહ! ૯૭.

**અ.૧૪૭ ૧/૫૧ ૦.૩.૪૫ હર્ષપટેલ**
**ગાંડા મહારાજ :-**

વંદી આજ્ઞા આપની, જાઉં છું ગુરુનાથ;
તોય વિનંતિ દાસની, સુણો દત્ત સાક્ષાત! ૩૧.

છોડી પુત્રને માત હે!, જશો એમ નિર્ધાર
દેખાએ પ્રત્યક્ષ આ;, લેશે કો સંભાળ. ૩૨.

અજ્ઞાની આ બાળની, તમ વિણ હે માબાપ?
જાઉં શરણ કોને હવે?, કોણ નિવારે તાપ? ૩૩.

દત્ત પ્રભુએ ત્યાહરે, સ્વયં દાસને ત્યાંય
અર્પી ખોળામાં કહ્યું:-, કાલે સ્હવાર માંહ્ય. ૩૪.

મ્યુઝીક

જે કોઈ આવી કરે, તને દંડવત્ જાણ,
સોંપી માથું ચરણમાં, તેની તારે માન. ૩૫.

લેવી સંભાળ ત્યારથી!, તને છોડીને એહ,
રે'શે ના અન્યત્ર જો;, ઠેઠ સુધી પણ તેહ. ૩૬.

કાર્ય સર્વ જે તાહરૂં, થશે એહને હાથ!!
અન્ય દિને શ્રીસંનિધે, આવતાં જ સાક્ષાત્. ૩૭.

દર્શનથી દુઃખ ભાગીયું, ભૂલ્યો સર્વ ત્રિતાપ;
પુનઃ દુઃખસાગર મહીં, ડૂબ્યો આજે બાપ! ૩૮.

કો બહાર કાઢે હવે?, ખડો હવે દૈવ પ્રતિબંધ!!
સપડાતાં એ બંધને, છૂટે કોણ જ હન્ત? ૩૯.

તે સમયે આ દાસની, લેજો મા સંભાળ;
અહંતા મમતાથી તથા, કરો મુક્ત તત્કાળ. ૪૦.

સેવા નિત્ય શરીરથી, લેજો આ ગુરુનાથ;
પુનઃ માતૃગર્ભે કદિ, ના મોકલશો તાત. ૪૧.

કૃપા દૃષ્ટિ રાખી સદા, કરજો રક્ષણ તેમ;
મા વિસારશો દાસને, પ્રાર્થું અનન્ય એમ! ૪૨.

વિદેહ કૈવલ્ય બાળને, દેજો અંતે ત્યાંય;
ગુરુસ્વરૂપે એકરસ, કરી રાખજો આંહ્ય!! ૪૩.

**અન્ય ભક્તોની સ્તુતિઓ :- ૧/૫૨ ૦.૨.૩૧ હર્ષપટેલ**

ભક્ત વત્સલ હે પ્રભો!, અનાથ નો તું નાથ;
લે શરણે આ દાસને, શરણાગત હું તાત. ૧૧૪/૭૨.



૧. દૈન્ય, ગરીબાઈ હરનાર ૨. સંસારરૂપી અરણ્ય, વન ૩. સાપ

ડૂબ્યો હું દુઃખાબ્ધિમાં, શરણાગત રક્ષક!
તારો મુજને દીનને, સકળ નિવારી અક[1]. ૧૧૪/૧૦૪.

કરી દંડવત્ પ્રાર્થના, કરે દીન થઈ એમઃ-
અપરાધી હું હે પ્રભો!, માંગુ માફી તેમ. ૧૧૬/૭૬.

લો શરણે આ દાસને, ભૂલી દોષ સકળ!
સુણી વચન સુદીન એ, વાસુદેવ ગુરુવર. ૧૧૬/૭૭.

કૃપા કરી આ દુઃખથી, કરો મુક્ત પ્રભુ આંહ્ય
અમે દુષ્ટ પાપી અતિ!, કરો ક્ષમા યતિરાય! ૧૨૪/૨૬.

કહેઃ- દયાલો! હું નકી, અધમ પાતકી એમ;
કરો ક્ષમા અપરાધ એ, જાણું કાંઈ ન તેમ. ૧૨૫/૨૪.

વંદન વારંવાર, આચરી દંડવત્ તેમઃ-
તમ વિણ કોને શરણ હું, જાઉં કૃપાલો એમ? ૧૨૫/૭૧.

કરો ક્ષમા અપરાધની, શરણાગત હું નાથ
એમ કહી પગમાં તિહાં, આળોટે સાક્ષાત! ૧૨૫/૭૨.

★ ★ ★ ★ ★

## સ્તુત્ય પાત્ર પરિચય

**૧. નિરંજન :**

શ્રીગુરુલીલામૃતનું ચિરંજવી પાત્ર જેના કારણે આ જ્ઞાનપ્રપા ચાલુ થઈ. સન્નિષ્ઠ બ્રાહ્મણ. હૃદયમાં એક જ તાલાવેલી. પરમાત્માના ચરણનાં દર્શન ક્યારે થાય ? આ ઝંખના માટે વ્રત-જપ-તીર્થ-દાન-શાસ્ત્ર અધ્યયન ઘણું કર્યું. દેહદમન, આળસ-નિદ્રાનો ત્યાગ એ પણ કર્યું. છતાં સફળતા ન મળી. છેવટે જંગલમાં ભટકતો થઈ ગયો અને ખ્યાલ આવ્યો કે 'ગુરુ વિણ મારગ કો લહે. ગુરુ શોધવા નીસર્યો. ગુરુ શોધ અને પરમાત્માનાં દર્શનની લગનીમાં ખાનપાન, રાતદિવસ ભૂલાયું, શરીર કૃષ થઈ ગયું અને આંખો ઊંડી જતી રહી, વાળ ગમે તેમ ઉડવા લાગ્યાં, વસ્ત્રો ફાટી ગયાં અને ભૂતની માફક બાવરો બનીને ફરતો ફરતો ભગવદ્કૃપાથી જ ગિરનાર પર આવ્યો. પ્રભુ મિલનની આગાહી જેવા ચાર કડાકા થયા અને નિરંજન તત્ક્ષણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

**૨. અત્રિ ઋષિ :**

બ્રહ્માજીના માનસપુત્ર. બ્રહ્માજીના નેત્રમાંથી ઉત્પન્ન થયેલ. ત્રયાવસ્થા શૂન્ય માટે અત્રિ નામ. આત્મ નિવેદન ભક્તિ ભક્તિનું તખ્ત કહેવાય. એ તખ્ત ઉપર બેઠેલા ભક્તોમાં શિરોમણી. પરમતત્વના સાક્ષાત્કાર માટે દારૂણ તપ કર્યું અને પરમાત્માએ ત્રણ સ્વરૂપે દર્શન આપ્યાં. ત્યારે મુનિશ્વરે પૂછયું, "આપ ત્રણ કોણ ?" અને ત્રણે મહાદેવોએ સમજાવ્યું કે, "ત્રણ ગાત્ર પણ એક છે, રૂપ અમારું માન ! અને અત્રિઋષિએ પ્રાર્થના કરી. "અગ્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણે નિશ્ચિત".

**૩. અનસૂયા માતા :**

બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલ સાત પ્રજાપતિમાંના કર્દમ ઋષિનાં દિકરી અને અત્રિઋષિનાં પત્ની. જેમને અત્રિઋષિનાં દારૂણ તપને અંતે ત્રણે દેવોએ દૈવી પુત્ર થશે એવું આત્મદાન આપેલું. અત્રિ - અનસૂયા નર્મદા કિનારે આવી રહેલા લાગ્યાં. ત્યાં દેવો વળી બીજા કારણે દર્શન આપવા પધાર્યા અને ત્રણે દેવો બાળકો બનતાં સતીએ પારણામાં સુવડાવ્યા અને હવે ત્યાં પાસે જઈ પતિ-પત્ની પ્રાર્થના કરે છે.

**૪. અર્જુન :**

કૃતયુગમાં ચંદ્રવંશમાં હૈહયકુળમાં જન્મેલો અર્જુન. આમ તો એ વિષ્ણુનો જ અંશ છે. પિતાના દેહવિલય પછી રાજ્યધૂરા સંભાળવાની દ્વિધા. કુલગુરુ ગર્ગમુનિએ ભગવાન દત્તને શરણે જવા ઉપદેશ આપ્યો કે જેથી સઘળી સિધ્ધિ પ્રાપ્ત થાય અને યથા ન્યાય રાજ્ય કરી શકાય. અર્જુન કુલગુરુની વાત લક્ષ્યમાં લઈ સહ્યાદ્રિ પર આવ્યો અને રસ્તામાં જ ભગવાનનાં પદચિહ્નો જોયા અને જોતાં જ શું થયું.

'મન નિશ્ચલ ક્ષણમાં થયું, ચિંતા શૂન્ય અશેષ,
બુધ્ધિ નિર્મલ ઈંદ્રિયો ચેષ્ટા શૂન્ય વિશેષ.

આવો અર્જુન કે જેનું 'અંતર્બાહ્ય ભૂલી ગયો, થયું અહં વિસ્મરણ' ભગવાન પાસે આવ્યો અને પ્રાર્થના કરે છે.

**૫. વિષ્ણુદત્ત :**

સહ્યાદ્રિ પાસે માતાપુરનો રહેવાસી, વિષ્ણુદત્ત પવિત્ર બ્રાહ્મણ હતો. 'વિપ્ર મીમાંસક રહે સદા કર્મમાં સકત'. આમ કર્મઠ બ્રાહ્મણ વિષ્ણુદત્ત દરરોજ વૈશ્વદેવ કરી ભૂતબલિ બહાર મૂકતો. આ ભૂતબલિ. પિપળા ઉપર રહેતો બ્રહ્મ રાક્ષણ દરરોજ ખાતો. આ બ્રહ્મ રાક્ષસે વિષ્ણુદત્તને ભગવાન દત્તનાં દર્શન કરાવ્યાં અને ભગવાનને અમાવાસ્યાના દર્શશ્રાધ્ધ પર પધારવા આમંત્રણ આપવા કહ્યું. આ પ્રમાણે ભગવાન દર્શશ્રાધ્ધમાં પધાર્યા ત્યારે વિષ્ણુદત્ત પ્રાર્થના કરે છે.

**૬. પરશુરામ :**

ભક્ત અર્જુનને આપેલ વરદાન 'ખ્યાત્યાધિક હાથે મરું' સફળ કરવા ભગવાન વિષ્ણુએ જમદગ્નિ અને રેણુકા માતાને ત્યાં જન્મ લીધો. અર્જુનનો વધ કર્યો, અર્જુન પુત્રોએ જમદગ્નિનો વધ કર્યો અને પરશુરામે અર્જુનપુત્રોને માર્યા અને એકવીસ વાર પૃથ્વી નિઃક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા કરી. આ પછી માતા સાથે અને પિતાના શબને લઈને ઔર્ધ્વદેહિક ક્રિયા (સહગમનાદિ) માટે નીકળ્યા. રસ્તામાં આકાશવાણી થઈ અને આમલકી ગામે ભગવાન દત્ત મળ્યાં. તેમને પિતાશ્રીની ક્રિયા અને માતાનું સહગમન કરાવવા પાર્થના કરી.

**(અનુ. પાન નં. ૬૯)**